અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : 02 સપ્ટેમ્બર 2026 બુધવાર
વિક્રમ સંવત 2082, શ્રાવણ વદ -06

વર્ષ : 18
અંક : 64

તંત્રી: પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. 2.00
પાના : 8

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3

રિપોર્ટ- પુતિનને યુદ્ધ સમાપ્ત થવા પર સત્તા ગુમાવવાનો ડર: કહ્યું- જો ડોનબાસ પર કબજો કર્યા વિના યુદ્ધ.....

4


H-1B વિઝાનો ગ્રેસ પિરિયડ દૂર થવો ગ્લોબલ ટેલેન્ટ માટે જોખમી

6

બાદશાહના બીજા લગ્ન પણ તૂટ્યા: લગ્નના માત્ર 5 મહિનામાં છૂટાછેડાની જાહેરાત, ઈશા રીખીએ શેર કરી....

7

ડીલરો 15 સપ્ટેમ્બરથી 2000 ક્વિન્ટલ ખાંડ રાખી શકશે: સ્ટોક 30 દિવસથી વધુ રાખી શકશે નહીં

## NEWS BRIEF

### UP-સહારનપુર PNBમાં 17 કરોડની નકલી નોટો મળી

#### CCTVમાં હાઉસકીપર પૈસા કાઢતો દેખાયો, 3 અધિકારી સસ્પેન્ડ, RBIની તપાસ ચાલુ

ઉત્તર પ્રદેશના સહારનપુરમાં પંજાબ નેશનલ બેંક (PNB)ની કરન્સી ચેસ્ટમાંથી લગભગ 17 કરોડ રૂપિયાની નકલી નોટો મળી છે. બેંક ઓડિટ દરમિયાન આ મામલો સામે આવ્યો. આ પછી મંગળવારે સવારે 8 વાગ્યે RBIના 6 અધિકારીઓ બે ગાડીઓથી પહોંચ્યા છે. સૂત્રો અનુસાર બેંક કર્મચારીઓની પૂછપરછ કરી રહ્યા છે.



આ મામલામાં અત્યાર સુધીમાં 3 અધિકારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. PNB મેરઠના ચીફ મેનેજર અને તપાસ અધિકારી અરુણ કુમાર ચૌબેની ફરિયાદ પર ત્રણ અધિકારીઓ સહિત 4 લોકો વિરુદ્ધ કેસ પણ નોંધવામાં આવ્યો છે.

સહારનપુરની ઘંટાઘર સ્થિત PNB બ્રાન્ચમાંથી જયપુર મોકલેલી રકમમાં ઘટાડો મળ્યા બાદ મામલાનો ખુલાસો થયો. થોડા દિવસો પહેલા આ જ PNB શાખામાં પાર્ટટાઈમ હાઉસકીપર વિશાલ કુમારને કરન્સી ચેસ્ટ (ખજાના)માં 11.50 કરોડ રૂપિયાની નોટોના બંડલો વ્યવસ્થિત કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું. તેમાં ફાટેલી, કપાયેલી અને અન્ય પ્રકારની નોટો સામેલ હતી. બેંકને આ રકમ RBIના જયપુર કરન્સી ચેસ્ટમાં મોકલવાની હતી. નિર્ધારિત પ્રક્રિયા હેઠળ, રકમ 5 ઓગસ્ટે જયપુર મોકલવામાં આવી.

### ચિરાગ પાસવાનને મારી નાખવાની ધમકી: ઈંગ્લિશમાં પત્ર મોકલ્યો

#### આતંકવાદીઓ જલ્દી જ તમારી હત્યા કરી દેશે, ગૃહ મંત્રાલય પાસેથી તપાસની માગ



કેન્દ્રીય મંત્રી અને LJP (R)ના રાષ્ટ્રીય અધ્યક્ષ ચિરાગ પાસવાનને જાનથી મારી નાખવાની ધમકી મળી છે. આ ધમકી પોસ્ટથી મોકલી છે. માહિતી અનુસાર, પત્ર અંગ્રેજીમાં લખાયેલો છે- "You will be killed shortly by hardcore Terrorists". જેનો અર્થ છે, "કટ્ટરવાદી આતંકવાદીઓ તમારી જલ્દી જ હત્યા કરી દેશે." ધમકીભર્યો પત્ર મળ્યા બાદ ચિરાગ પાસવાનની સુરક્ષા વધારી દેવામાં આવી છે. સાથે જ પાર્ટી કાર્યાલયે તેની જાણ કેન્દ્રીય ગૃહ મંત્રાલયને કરી છે. કાર્યાલય દ્વારા કેન્દ્રીય ગૃહ સચિવને લખવામાં આવેલા પત્રમાં સમગ્ર મામલાની જાણકારી આપવામાં આવી છે. સાથે જ આવશ્યક સુરક્ષા અને કાર્યવાહીની માગ કરી છે.

સૂત્રો અનુસાર, ધમકીભર્યો પત્ર મોકલનારની ઓળખ કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. તપાસ એજન્સીઓ એ પણ શોધી રહી છે કે પત્ર ક્યાંથી મોકલ્યો અને તેને મોકલવા પાછળ કોનો હાથ છે.

હાલમાં ધમકી આપનારની ઓળખ અને તેની પાછળનું કારણ સ્પષ્ટ થઈ શક્યું નથી. મામલાની ગંભીરતાને જોતા સંબંધિત એજન્સીઓ પત્રના સ્ત્રોત સહિત તમામ પાસાઓની તપાસ કરી રહી છે. ચિરાગ પાસવાનને હાલમાં Z કેટેગરીની સુરક્ષા મળી છે. તેમને આ સુરક્ષા ઓક્ટોબર 2024માં આપવામાં આવી હતી. આ સુરક્ષા વ્યવસ્થા હેઠળ SSB કમાન્ડોની જગ્યાએ CRPFના જવાનો તેમની સુરક્ષામાં તૈનાત છે. Z સિક્યોરિટી હેઠળ ચિરાગ પાસવાનની સુરક્ષામાં કુલ 33 જવાનો તૈનાત છે. તેમાંથી 10 આર્મ્ડ સ્ટેટિક ગાર્ડ તેમના નિવાસસ્થાને રહે છે. આ ઉપરાંત 6 PSO 24 કલાક તેમની સાથે રહે છે.

# સુપ્રીમ કોર્ટે જંતર-મંતર પ્રોટેસ્ટની તમામ FIR રદ કરી

## નવી FIR પણ નહીં નોંધાય, કોકરોચ જનતા પાર્ટીએ 5 સપ્ટેમ્બરનો માર્ચ પાછી ખેંચી

**નવી દિલ્હી, તા.01**

સુપ્રીમ કોર્ટે મંગળવારે કોકરોચ જનતા પાર્ટીના આંદોલન સાથે જોડાયેલી તમામ FIRને રદ કરી દીધી છે. સુપ્રીમ કોર્ટે આ નિર્ણય માટે બંધારણની કલમ 142માં આપેલી સત્તાઓનો ઉપયોગ કર્યો.

જોકે, સરકારે કહ્યું કે પ્રદર્શન દરમિયાન ક્રિમિનલ રેકોર્ડ ધરાવતા 2,873 લોકો ત્યાં પહોંચ્યા હતા. આમાંથી જે લોકોએ તે દરમિયાન મારપીટ અથવા સંપત્તિને નુકસાન પહોંચાડ્યું હોય તો તેમના પર આ કેસ ચાલુ રહેશે.

સુનાવણી પહેલાં કોકરોચ જનતા પાર્ટીએ 5 સપ્ટેમ્બરના માર્ચને પાછો ખેંચી લીધો. સુનાવણી દરમિયાન સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું કે વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન પછી CJP નેતાઓ સાથે કરવામાં આવેલા ત્રણેય વચનો પૂરા કરવા



માટે સરકાર વચનબદ્ધ છે.

NEET પેપર લીકના વિરોધમાં પ્રદર્શન કરનારા વિદ્યાર્થીઓ પર નોંધાયેલી 13 FIR રદ કરવાની દિલ્હી પોલીસની અરજી 31 ઑગસ્ટે સોલિસિટર જનરલ તુષાર મહેતાએ દાખલ કરી હતી.

SG મહેતાએ કહ્યું હતું- અમે એક IA (ઈન્ટરલોક્યુટરી એપ્લિકેશન) દાખલ કરવા માંગીએ છીએ. આ પ્રદર્શન સાથે જોડાયેલું છે અને FIR રદ કરવા માટે છે.

અરજીમાં કહેવામાં આવ્યું હતું કે કેન્દ્ર સરકારના 25 જુલાઈના નિર્ણય અનુસાર, દિલ્હી પોલીસ કોકરોચ જનતા પાર્ટીના પ્રદર્શનો સાથે જોડાયેલી 13 FIR આગળ ચલાવવા નથી માંગતી.

20 જુલાઈએ CJPના નેતૃત્વમાં દિલ્હીમાં યોજાયેલા માર્ચ દરમિયાન પ્રદર્શનકારીઓ અને સુરક્ષાકર્મીઓ વચ્ચે હિંસક અથડામણ થઈ હતી. સંસદ તરફ આગળ વધી રહેલી ભીડને રોકવા માટે સુરક્ષાકર્મીઓએ લાઠીચાર્જ અને ટીયર ગેસનો ઉપયોગ કર્યો હતો.

આ પછી વિદ્યાર્થીઓનું આંદોલન ઘણા શહેરો સુધી ફેલાઈ ગયું. તેમની મુખ્ય માગ તત્કાલીન કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધામનું રાજીનામું હતું.

આંદોલન 20 જૂને જંતર-મંતરથી શરૂ થયું હતું. પ્રધાનના રાજીનામા અને સરકાર તરફથી CJPની બીજી માગણીઓ સ્વીકાર્યા પછી 25 જુલાઈએ આંદોલન સમેટી લેવામાં આવ્યું હતું.

# મમતા બેનર્જીની ભત્રીજી ફાંસો ખાધેલી મળી: શિક્ષક ભરતી કૌભાંડમાં નોકરી ગુમાવી હતી

**કોલકાતા, તા.01**

પશ્ચિમ બંગાળના પૂર્વ મુખ્યમંત્રી મમતા બેનર્જીના ભત્રીજી બ્રિષ્ટિ મુખર્જી મંગળવારે બીરભૂમ જિલ્લાના કુસુંબા ગામના ઘરમાં ફાંસો ખાધેલી હાલતમાં મળી આવી. બ્રિષ્ટિ, મમતાના પિતરાઈ ભાઈ અને તૃણમૂલ નેતા નિહાર મુખર્જીની પુત્રી હતી. પ્રાથમિક દ્રષ્ટિએ એવું માનવામાં આવે છે કે તેણે આત્મહત્યા કરી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, બ્રિષ્ટિ બોલપુર ઉચ્ચ પ્રાથમિક શાળામાં શિક્ષિકા હતી. શિક્ષક ભરતી કૌભાંડ સામે આવ્યા બાદ 2024માં તેની નોકરી જતી રહી હતી. ત્યારથી તે ડિપ્રેશનમાં હતી. કલકત્તા હાઈકોર્ટે 22 એપ્રિલ, 2024ના રોજ ગેરકાયદેસર રીતે મેળવેલી તમામ 25,753 નોકરીઓ રદ કરી હતી. સાથે જ કોર્ટે આદેશ આપ્યો હતો કે જે લોકો લાંબા સમયથી ગેરકાયદેસર રીતે કામ કરી રહ્યા છે, તેમને વ્યાજ સહિત પગાર પરત કરવો પડશે. પશ્ચિમ બંગાળ



સરકારે 2016માં સ્ટેટ લેવલ સિલેક્શન ટેસ્ટ-2016 (SLCT) દ્વારા સરકારી અને સહાયતા પ્રાપ્ત શાળાઓ માટે ટીચિંગ અને નોન-ટીચિંગ સ્ટાફની ભરતી કરી હતી. ત્યારે 24,640 ખાલી જગ્યાઓ માટે 23 લાખથી વધુ લોકોએ ભરતી પરીક્ષા આપી હતી. આ ભરતીમાં 5થી 15 લાખ રૂપિયા સુધીની લાંચ લેવાનો આરોપ છે. આ મામલે કલકત્તા હાઈકોર્ટને ઘણી ફરિયાદો મળી હતી. ભરતીમાં અનિયમિતતાઓના મામલે CBIએ રાજ્યના પૂર્વ શિક્ષણ મંત્રી પાર્થ ચેટર્જી, તેમની નજીકની અર્પિતા મુખર્જી અને SSCના કેટલાક અધિકારીઓની ધરપકડ કરી હતી.

# મોદીની ફરી અપીલ: 'જરૂર ન હોય તો સોનાની ખરીદી ટાળો'

## સોશિયલ મીડિયા પર વીડિયો પોસ્ટ કરીને PMએ કહ્યું- વૈશ્વિક સંકટમાં ભારતે 7.8% આર્થિક વૃદ્ધિ કરી

**નવી દિલ્હી, તા.01**

પીએમ નરેન્દ્ર મોદીએ દેશના 7.8% આર્થિક વૃદ્ધિને લઈને દેશવાસીઓને અભિનંદન પાઠવ્યા. તેમણે કહ્યું કે આ સિદ્ધિ દેશવાસીઓની ઈચ્છાશક્તિ, મહેનત અને સામૂહિક તાકાતનું પરિણામ છે. તેમણે મંગળવારે સોશિયલ મીડિયા પર વીડિયો જાહેર કરીને આ વાત કહી. પીએમએ ફરીથી લોકોને સોનાની ખરીદીને લઈને અપીલ કરી. તેમણે કહ્યું, 'જો જરૂર ન હોય તો સોનું ખરીદવું ન જોઈએ.' આવી જ અપીલ 11 મેના રોજ કરવામાં આવી હતી.



પીએમ મોદીએ કહ્યું- દેશની અંદર પણ કેટલાક લોકો નિરાશા ફેલાવવા અને જૂઠના સહારે માહોલ ખરાબ કરવામાં લાગેલા છે. આ તમામ પડકારોને પાર કરીને ભારતે 7.8%નો વિકાસ દર હાંસલ કર્યો છે. દેશે આ જ ગતિ જાળવી રાખવી પડશે અને આગળ પણ ઝડપથી વિકાસ કરવો પડશે.

તેમણે કહ્યું કે, વિદેશમાં ફરવા માટે યાત્રાઓ કરવા અને વિદેશમાં લગ્ન કરવાથી બચવું જોઈએ. લોકોએ મેક ઈન ઈન્ડિયાના મંત્ર સાથે આગળ વધવું જોઈએ. જો જરૂર ન હોય તો સોનું ન ખરીદવું જોઈએ. દેશમાં જેટલો વધુ સ્વદેશી અને આત્મનિર્ભરતા પર ભાર મૂકવામાં આવશે, તેટલી જ મજબૂતીથી ભારત આગળ વધશે. પૂરો વિશ્વાસ છે કે જ્યારે ભારત પોતાની આઝાદીના 100 વર્ષ પૂરા કરશે, ત્યારે દેશની યુવા પેઢીને એક વિકસિત ભારત સોંપવામાં આવશે. પીએમ મોદી ભારતના વિદેશી મુદ્રા ભંડારને બચાવવા માટે આ અપીલ કરી રહ્યા છે. ભારત પોતાના વપરાશનું લગભગ 99% સોનું વિદેશોમાંથી ખરીદે છે. 2025-26માં સોનાનું આ આયાત બિલ લગભગ 6.4 લાખ કરોડ રૂપિયાનું હતું. વિદેશોમાંથી ખરીદવામાં આવતા સામાનના કુલ ખર્ચમાં 9% હિસ્સેદારી સાથે સોનું બીજા નંબરે છે.

2025-26માં ભારતે પાછલા નાણાકીય વર્ષની સરખામણીમાં 4.76% ઓછી માત્રામાં સોનું ખરીદ્યું, પરંતુ સોનાના આયાત બિલમાં 24% સુધીનો ઉછાળો આવ્યો. આનું સૌથી મોટું કારણ હતું - સોનાની ઝડપથી વધતી કિંમતો. સોનાનો ભાવ 76 હજાર ડોલર પ્રતિ કિલોથી વધીને 1 લાખ ડોલર પ્રતિ કિલો સુધી પહોંચી ગયો.

હાલમાં સોનાની કિંમત લગભગ 1.52 લાખ ડોલર પ્રતિ કિલો છે. આ કિંમતો પર સોનું ખરીદવાથી ભારતના વિદેશી મુદ્રા ભંડારમાં ડોલર ઝડપથી ઘટશે. સોનાની વધેલી કિંમતોને કારણે ગોલ્ડ આયાતકારો હાથ પાછા ખેંચી રહ્યા છે અને ઓછું સોનું ભારત આવી રહ્યું છે. જાન્યુઆરીમાં લગભગ 100 ટન, ફેબ્રુઆરીમાં લગભગ 65 ટન અને માર્ચમાં લગભગ 22 ટન સોનું ખરીદવામાં આવ્યું. એપ્રિલમાં અંદાજ છે કે માત્ર 15 ટન સોનું ખરીદવામાં આવશે, જે છેલ્લા 30 વર્ષના સૌથી નીચા સ્તરોમાંથી એક છે. સોનાની સ્થાનિક કિંમતો 1.50 લાખ રૂપિયા પ્રતિ 10 ગ્રામ વધારે છે, જેની અસર ગ્રાહકના ખિસ્સા પર પડી રહી છે.

# દિલ્હી ગેંગરેપ મુદ્દે રાહુલ ગાંધી ભડક્યા: કહ્યું-નિષ્ફળતા પર ક્યાં સુધી પડદો ઢાંકશો

## 47 કિમી સુધી બસ દોડતી રહી, પરંતુ એક પણ ચેકપોઈન્ટ પર રોકવામાં આવી નહીં, કોઈક તો જવાબદારી લો!

**નવી દિલ્હી, તા.01**

રાહુલ ગાંધીએ દિલ્હીમાં 16 વર્ષની સગીરા સાથે સ્લીપર બસમાં થયેલા ગેંગરેપના મામલાને લઈને કેન્દ્રની સાથે દિલ્હી અને ઉત્તર પ્રદેશ સરકાર પર સવાલો ઉઠાવ્યા. તેમણે કહ્યું કે 47 કિમી ચાલતી બસમાં છોકરી પર ગેંગરેપ થયો, પરંતુ પોલીસને તેની જાણ પણ ન થઈ. કોઈએ જવાબદારી તો લેવી પડશે. ખરેખર, સોમવારે દિલ્હીમાં સગીરા સાથે ચાલતી સ્લીપર બસમાં ગેંગરેપનો મામલો સામે આવ્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, ઘટના 4 ઓગસ્ટની છે, જેની જાણકારી પોલીસે 31 ઓગસ્ટે આપી. બસના ડ્રાઈવર-કંડક્ટરની ધરપકડ કરી લેવામાં આવી છે.

રાહુલ ગાંધીએ મંગળવારે X પર પોસ્ટ કરીને કહ્યું, 'દિલ્હી મહિલાઓ માટે અસુરક્ષિત બની ગયું છે. સ્લીપર બસમાં બનેલી ઘટનાની જાણકારી દિલ્હી અને નોઈડા પોલીસને પણ નહોતી થઈ.

તેમણે સવાલ ઉઠાવ્યો કે 2012ના નિર્ભયા કેસના આટલા વર્ષો પછી અને મહિલાઓ વિરુદ્ધ આવી ઘણી ઘટનાઓ છતાં સ્લીપર બસોની તપાસ અને દેખરેખના નિયમોનું પાલન કેમ નથી થઈ રહ્યું. બસમાં લગાવેલા પડદા માત્ર તે ઘટનાને છુપાવવાનું સાધન નહોતા, પરંતુ તે સરકારની વહીવટી નિષ્ફળતાઓ પર વર્ષોથી પડેલા પડદાને પણ દર્શાવે છે.




રાહુલ ગાંધીએ કેન્દ્ર અને રાજ્ય સરકારો પાસેથી જવાબદારી નક્કી કરવાની માંગ કરી. તેમણે સવાલ કર્યો કે આખરે કેટલી મહિલાઓ અને છોકરીઓને આવી ઘટનાઓ સહન કરવી પડશે, ત્યારે જ કેન્દ્ર અને રાજ્ય સરકારો વ્યવસ્થામાં સુધારો કરશે. પોલીસના જણાવ્યા અનુસાર, પીડિતા ગ્રેટર નોઈડાના પરી ચોક પર બસમાં બેઠી હતી. આરોપીઓએ તેને કાશ્મીરી ગેટ પર ઉતારી. આ દરમિયાન બસ લગભગ 47 કિમી દોડતી રહી. બસની બારીઓ પર પડદા લગાવેલા હતા. પોલીસે બસ ડ્રાઈવર કુલદીપ અને કંડક્ટર સંદીપની ધરપકડ કરી છે. આરોપીઓની ધરપકડ ક્યારે થઈ તેની માહિતી સામે આવી નથી. પીડિતા ઉત્તર પ્રદેશના મૈનપુરી જિલ્લાની રહેવાસી છે અને 11મા ધોરણની વિદ્યાર્થીની છે. પોલીસના જણાવ્યા અનુસાર, પીડિતા યુપીના મૈનપુરીની રહેવાસી છે. પરિવારમાં ઝઘડો થતાં કોઈને જાણ કર્યા વગર નોઈડામાં કઝીનના ઘરે જવા માટે બસમાં નીકળી. મૈનપુરીથી નોઈડાનું અંતર 300 કિમીથી વધુ છે. ભારે વરસાદ અને અંધારાને કારણે વિદ્યાર્થીની ભૂલથી પરી ચોક પર ઉતરી ગઈ હતી. પછી અહીંથી નોઈડા જવા માટે બસની રાહ જોવા લાગી. આ દરમિયાન ત્યાંથી એક ખાલી સ્લીપર બસ પસાર થઈ. વિદ્યાર્થીનીએ બસને રોકવાનો ઈશારો કર્યો. ડ્રાઈવર અને કંડક્ટરે વિદ્યાર્થીનીને બસમાં બેસાડી લીધી. તેમણે જણાવ્યું કે બસ નોઈડા સેક્ટર-63 જઈ રહી છે. પોલીસના જણાવ્યા અનુસાર, બસ ચાલ્યાના થોડા સમય પછી કંડક્ટરે વિદ્યાર્થીની સાથે અશ્લીલ હરકત કરવાનો પ્રયાસ કર્યો. વિદ્યાર્થિનીએ પોલીસને જણાવ્યું કે ડ્રાઈવર અને કંડક્ટરે તેના પર રેપ કર્યો. વિરોધ કરવા પર બંનેએ તેને જાનથી મારી નાખવાની ધમકી આપી.

આરોપ છે કે બંનેએ મોડી રાત્રે વિદ્યાર્થિનીને કાશ્મીરી ગેટ બસ ટર્મિનલ પાસે રિંગ રોડ પર ઉતારી દીધી. ત્યારબાદ બંને ત્યાંથી ફરાર થઈ ગયા. વિદ્યાર્થિનીએ રાત્રે જ કાશ્મીરી ગેટ પોલીસનો સંપર્ક કરીને ઘટનાની જાણકારી આપી.

પીડિતાની ફરિયાદ અનુસાર, પોલીસે એસીપી શંકર બેનર્જીના નેતૃત્વમાં એક ટીમ બનાવી. ટીમે બસની ઓળખ અને તેના રૂટને ટ્રેક કરવા માટે રસ્તામાં લાગેલા સીસીટીવી ફૂટેજની તપાસ કરી.

પોલીસે ડ્રાઈવર કુલદીપ અને કંડક્ટર સંદીપને તિમારપુરની એક બસ પાર્કિંગમાંથી ધરપકડ કરી. ઘટનામાં ઉપયોગમાં લેવાયેલી સ્લીપર બસ પણ જપ્ત કરવામાં આવી. બસની ફોરેન્સિક તપાસ કરવામાં આવી રહી છે. પોલીસ સૂત્રો અનુસાર, ઘટનાના દિવસે બસ બગડ્યા બાદ આરોપી તેને રિપેર કરવા માટે સુરજપુર (નોઈડા)ની એક વર્કશોપમાં લઈ ગયા હતા. રિપેરિંગ પૂરું થયા પછી, ડ્રાઈવર અને કંડક્ટર ખાલી બસને તિમારપુર લઈ જઈ રહ્યા હતા, ત્યારે પરી ચોક પર એક વિદ્યાર્થિનીએ રોકાવાનો ઈશારો કર્યો.



# અમદાવાદના વટવામાં અકસ્માત બાદ કારની તપાસ કરતાં કફ સિરપનો જથ્થો ઝડપાયો, 120 બોટલ સાથે 33 વર્ષીય કારચાલક ઝડપાયો

**અમદાવાદ, તા.01**

અમદાવાદમાં અકસ્માતની તપાસ દરમિયાન ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. શહેરના વટવા વિસ્તારમાં કાર અને મોપેડ વચ્ચે અકસ્માત થયા બાદ પોલીસે શંકાના આધારે કારની તપાસ કરતાં કારમાંથી કોડીન આધારિત કફ સિરપની 120 બોટલો મળી આવી હતી. પોલીસે આ મામલે નારોલ વિસ્તારમાં રહેતા 33 વર્ષીય કારચાલક શેરસિંહ રાજપૂતની ધરપકડ કરી છે. પોલીસે કફ સિરપનો જથ્થો, કાર સહિત કુલ રૂ. 7.21 લાખનો મુદ્દામાલ જપ્ત કરીને આરોપી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



મળતી માહિતી પ્રમાણે, સોમવાર, 31 ઓગસ્ટની રાત્રે વટવા વિસ્તારમાં કાર અને મોપેડ વચ્ચે અકસ્માત થયો હતો. અકસ્માતની જાણ થતાં પોલીસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે મોપેડચાલકને ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તેને સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. અકસ્માતની પ્રાથમિક તપાસ દરમિયાન પોલીસે કારચાલક શેરસિંહ રાજપૂતની પૂછપરછ શરૂ કરી હતી.

પોલીસને કારચાલકની પૂછપરછ દરમિયાન કેટલીક બાબતો શંકાસ્પદ જણાઈ હતી. ત્યારબાદ પોલીસે માત્ર અકસ્માતની તપાસ પૂરતી કાર્યવાહી ન કરતાં કારની ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી. કારના અલગ-અલગ ભાગોની તપાસ દરમિયાન સીટ નીચે કફ સિરપની બોટલો છુપાવવામાં આવેલી હોવાનું સામે આવ્યું હતું. પોલીસે આ બોટલો બહાર કાઢીને તેની તપાસ કરતાં તે કોડીન આધારિત કફ સિરપ હોવાનું જાણવા મળ્યું હતું.

પોલીસે કારમાંથી કુલ 120 બોટલો જપ્ત કરી હતી. એક બોટલની કિંમત રૂ. 165 હોવાનું સામે આવ્યું છે. આ પ્રમાણે જપ્ત કરાયેલા કફ સિરપના જથ્થાની કુલ કિંમત રૂ. 19,800 થાય છે. જોકે પોલીસ દ્વારા માત્ર કફ સિરપનો જથ્થો જ નહીં, પરંતુ તેને લઈ જવા માટે ઉપયોગમાં લેવાયેલી કાર અને અન્ય સામાન સહિત કુલ રૂ. 7.21 લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

અકસ્મિક રીતે સામે આવેલા આ સમગ્ર મામલે હવે પોલીસનું મુખ્ય ધ્યાન કફ સિરપના જથ્થાના સ્ત્રોત અને તેના સંભવિત ગેરકાયદે વિતરણની દિશામાં છે. આટલી મોટી સંખ્યામાં કફ સિરપની બોટલો કારની સીટ નીચે છુપાવીને શા માટે લઈ જવામાં આવી રહી હતી અને તે ક્યાંથી મેળવવામાં આવી હતી તે અંગે પોલીસ તપાસ કરી રહી છે. સાથે જ આ જથ્થો અમદાવાદમાં કોને પહોંચાડવાનો હતો અથવા તેનું ગેરકાયદે વેચાણ કોને કરવાનું હતું તે અંગે પણ પૂછપરછ કરવામાં આવી રહી છે.

વટવા પોલીસે આ મામલે આરોપી શેરસિંહ રાજપૂત વિરુદ્ધ નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ એટલે કે NDPS એક્ટ હેઠળ કેસ નોંધ્યો છે. આરોપીની ધરપકડ બાદ પોલીસે કાયદેસરની પ્રક્રિયા હાથ ધરી છે અને સમગ્ર નેટવર્ક અંગે માહિતી મેળવવાના પ્રયાસો શરૂ કર્યા છે. તપાસ દરમિયાન આરોપી પાસેથી મળેલા જથ્થા ઉપરાંત તેના સંપર્કમાં રહેલા લોકો અને કફ સિરપની ખરીદી તથા હેરફેર સાથે સંકળાયેલી અન્ય વ્યક્તિઓ અંગે પણ માહિતી મેળવવામાં આવી રહી છે.

પોલીસ હવે એ પણ તપાસ કરી રહી છે કે આરોપી અગાઉથી આવા જથ્થાની હેરફેર કરતો હતો કે અકસ્માતના દિવસે જ આ કફ સિરપનો જથ્થો લઈ જઈ રહ્યો હતો. કારમાં કફ સિરપ છુપાવવા માટે કઈ રીતે વ્યવસ્થા કરવામાં આવી હતી અને જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો તે બાબતો પણ તપાસનો ભાગ બની છે. જો તપાસ દરમિયાન અન્ય વ્યક્તિઓની સંડોવણી સામે આવશે તો તેમની સામે પણ કાયદેસરની કાર્યવાહી થઈ શકે છે.

આ સમગ્ર ઘટનામાં ખાસ વાત એ છે કે કફ સિરપનો જથ્થો કોઈ અલગ ગુનાની તપાસ દરમિયાન નહીં પરંતુ અકસ્માતની તપાસ દરમિયાન પોલીસના ધ્યાનમાં આવ્યો હતો. જો અકસ્માત ન સર્જાયો હોત અને પોલીસની નજર કાર પર ન પડી હોત તો આ જથ્થો ક્યાં લઈ જવામાં આવી રહ્યો હતો તે અંગે કદાચ તાત્કાલિક જાણકારી ન મળી હોત. અકસ્માત બાદ કારચાલકની પૂછપરછ દરમિયાન પોલીસને શંકા જતા કરાયેલી તપાસે સમગ્ર મામલો બહાર લાવ્યો હતો. હાલ વટવા પોલીસ દ્વારા આરોપી શેરસિંહ રાજપૂત સામે નોંધાયેલા કેસમાં વધુ તપાસ ચાલી રહી છે.

# ત્રિકમપુરામાં જૂની અદાવતમાં તલવાર અને પાઈપના ઘા ઝીંકી યુવકની હત્યા, 2 મિત્રો ઈજાગ્રસ્ત, 4 સામે ફરિયાદ

**અમદાવાદ, તા.01**

અમદાવાદના ત્રિકમપુરા વિસ્તારમાં જૂની અદાવતમાં એક યુવકની હત્યા કરવામાં આવી હોવાની ઘટના સામે આવી છે. સોમવાર (31મી ઓગસ્ટ)ની રાતે બનેલી આ ઘટનામાં તલવાર અને લોખંડની પાઈપ જેવા ઘાતક હથિયારો વડે કરાયેલા હુમલામાં અજીતસિંહ નામના યુવકનું મોત નીપજ્યું હતું, જ્યારે તેને બચાવવા વચ્ચે પડેલા બે મિત્રો ઈજાગ્રસ્ત થયા હતા. આ મામલે પોલીસે ચાર શખસો સામે હત્યા અને મારામારી સહિતની કલમો હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.




મળતી માહિતી અનુસાર, હેમંતસિંહ નેગીએ આ મામલે ફરિયાદ નોંધાવી છે. 31મી ઓગસ્ટે રાત્રે હેમંતસિંહ, તેના ફઈનો દીકરો અજીતસિંહ અને મિત્ર અર્જુન ત્રિકમપુરા ચાર માળિયા ખાતે અજીતસિંહના ગીરવે મૂકેલા મકાન અંગે વાતચીત કરવા ગયા હતા. જ્યારે તેઓ ઘટનાસ્થળે પહોંચ્યા, ત્યારે જૂની અદાવત રાખીને હરેશ ઉર્ફે હિતેષ સોલંકી, અક્ષય સોલંકી, રવી સોલંકી અને ધર્મેશ સોલંકીએ તેના પર હુમલો કર્યો હોવાનો આક્ષેપ છે.

ફરિયાદમાં જણાવ્યાનુસાર, અજીતસિંહને મારી નાખવાના ઈરાદાથી હિતેષ અને અક્ષયે તલવાર વડે તથા રવી અને ધર્મેશે લોખંડની પાઈપ વડે અજીતસિંહ પર આડેધડ ઘા ઝીંક્યા હતા, જેના કારણે અજીતસિંહનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. આ દરમિયાન બચાવવા પડેલા મિત્ર અર્જુન પર ધર્મેશે લોખંડની પાઈપ વડે હુમલો કરી માથામાં ઈજા પહોંચાડી હતી.

હેમંતસિંહ છોડાવવા વચ્ચે પડતાં આરોપીઓએ તેના પર પણ હુમલો કર્યો હતો. જેમાં હિતેષે સોલંકીએ હેમંતસિંહના માથામાં તલવારના 2 ઘા ઝીંક્યા હતા, જ્યારે રવી અને ધર્મેશે લોખંડની પાઈપથી કપાળ તથા ડાબા હાથ પર ઘા માર્યા હતા. ઈજાગ્રસ્ત હેમંતસિંહ ત્યાંથી જેમ-તેમ કરીને બચીને બહાર નીકળ્યા હતા અને 108 મારફતે સિવિલ હોસ્પિટલ પહોંચ્યા હતા. પોલીસે ચારેય આરોપીઓ સામે ગુનો નોંધી તસાપ હાથ ધરી છે. આ મામલે પોલીસે ચાર શખસો સામે હત્યા અને મારામારી સહિતની કલમો હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. આ દરમિયાન બચાવવા પડેલા મિત્ર અર્જુન પર ધર્મેશે લોખંડની પાઈપ વડે હુમલો કરી માથામાં ઈજા પહોંચાડી હતી.મળતી માહિતી અનુસાર, હેમંતસિંહ નેગીએ આ મામલે ફરિયાદ નોંધાવી છે. 31મી ઓગસ્ટે રાત્રે હેમંતસિંહ, તેના ફઈનો દીકરો અજીતસિંહ અને મિત્ર અર્જુન ત્રિકમપુરા ચાર માળિયા ખાતે અજીતસિંહના ગીરવે મૂકેલા મકાન અંગે વાતચીત કરવા ગયા હતા. જ્યારે તેઓ ઘટનાસ્થળે પહોંચ્યા, ત્યારે જૂની અદાવત રાખીને હરેશ ઉર્ફે હિતેષ સોલંકી, અક્ષય સોલંકી, રવી સોલંકી અને ધર્મેશ સોલંકીએ તેના પર હુમલો કર્યો હોવાનો આક્ષેપ છે.

# ગુજરાતીઓએ રૂ. 23,381 કરોડનું સોનું ગિરવે મૂક્યું, પર્સનલ લોન કરતાં ગોલ્ડ લોન પ્રથમ પસંદ

**અમદાવાદ, તા.01**

ગુજરાતમાં નાણાકીય કટોકટી અને આકસ્મિક જરૂરિયાતોને પહોંચી વળવા માટે સોનું ગિરવે મૂકીને લોન મેળવવાનો ટ્રેન્ડ અભૂતપૂર્વ સ્તરે પહોંચ્યો છે. તાજેતરના નાણાકીય આંકડાઓ અનુસાર, રાજ્યના નાગરિકોએ વિવિધ બેંકો અને ફાયનાન્સ કંપનીઓમાં અંદાજે 23,381 કરોડ રૂપિયાની કિંમતનું સોનું ગિરવે મૂકીને ગોલ્ડ લોન મેળવી છે. વ્યાપાર-ધંધામાં રોકડની ખેંચ, મોંઘવારી, તબીબી કટોકટી તેમજ બાળકોના શિક્ષણના ખર્ચને પહોંચી વળવા માટે મધ્યમ અને ઉચ્ચ-મધ્યમ વર્ગ ગોલ્ડ લોન તરફ ઝડપથી વળ્યો છે.



અન્ય લોનની સરખામણીએ ગોલ્ડ લોન મેળવવાની પ્રક્રિયા ખૂબ જ ઝડપી અને અત્યંત ઓછા કાગળિયાંવાળી હોવાથી લોકો આ વિકલ્પને વધુ પસંદ કરી રહ્યા છે. સરકારી અને ખાનગી બેંકો ઉપરાંત નોન-બેંકિંગ ફાયનાન્સ કંપનીઓ (NBFC) દ્વારા આક્રમક માર્કેટિંગ અને આકર્ષક વ્યાજદરો ઓફર કરવામાં આવી રહ્યા છે. ગત વર્ષની સરખામણીએ ચાલુ વર્ષે ગોલ્ડ લોનના ધિરાણમાં નોંધપાત્ર ટકાવારીનો વધારો જોવા મળ્યો છે. સોનાના આસમાને આંબતા ભાવોને કારણે ગ્રાહકોને પોતાના સોના સામે વધુ રકમની લોન મળી રહી છે. આ ઉપરાંત કેન્દ્રીય નાણાં મંત્રાલયના જણાવ્યા મુજબ સોનાની લોનના ડિફોલ્ટરની સંખ્યામાં પણ ઘટાડો થયો છે.

ભૂતકાળમાં સોનું ગિરવે મૂકવું એ સામાજિક રીતે પ્રતિષ્ઠા ઓછી કરનારું ગણાતું હતું, પરંતુ હવે બદલાતા સમય સાથે લોકોની માનસિકતા બદલાઈ છે. લોકો હવે સોનાને માત્ર એક નિષ્ક્રિય સંપત્તિ ગણવાને બદલે કટોકટીના સમયમાં તાત્કાલિક નાણાકીય લિક્વિડિટી મેળવવાનું મજબૂત સાધન માની રહ્યા છે. આ રેકોર્ડબ્રેક ધિરાણ દર્શાવે છે કે ગુજરાતના અર્થતંત્રમાં ગોલ્ડ લોન માર્કેટ આગામી દિવસોમાં હજુ વધુ મજબૂત બનશે.

રાજ્યમાં લોન મેળવવાની પસંદગીમાં લોકોમાં પ્રથમ ક્રમે ગોલ્ડ લોન રહી છે. ગોલ્ડ લોન બાદ જ વ્યક્તિગત લોન અને વાહન લોનનો ક્રમ આવે છે. આ આંકડા સ્પષ્ટ કરે છે કે આર્થિક જરૂરિયાત કે કટોકટી સમયે સોનું ગુજરાતીઓ માટે સૌથી ઝડપી અને ભરોસાપાત્ર આધાર સાબિત થઈ રહ્યું છે. ભૂતકાળમાં સોનું ગિરવે મૂકવું એ સામાજિક રીતે પ્રતિષ્ઠા ઓછી કરનારું ગણાતું હતું, પરંતુ હવે બદલાતા સમય સાથે લોકોની માનસિકતા બદલાઈ છે. અન્ય લોનની સરખામણીએ ગોલ્ડ લોન મેળવવાની પ્રક્રિયા ખૂબ જ ઝડપી અને અત્યંત ઓછા કાગળિયાંવાળી હોવાથી લોકો આ વિકલ્પને વધુ પસંદ કરી રહ્યા છે.

# ગુજરાતમાં સર્પદંશના 15 હજાર કેસ છતાં મૃત્યુદર 1-2%, માત્ર 4 સાપ જ જીવલેણ!

**અમદાવાદ, તા.01**

શ્રાવણ માસની જન્માષ્ટમી પર્વ શ્રૃંખલામાં આજે (પહેલી સપ્ટેમ્બર) નાગપાંચમ છે. શિવજીના ગળામાં શોભતા સર્પને દેશમાં કોઈને કોઈ રીતે પૂજવામાં આવે છે. કેટલાય પરિવારમાં નાગદેવતા કુળદેવતા તરીકે પૂજાય છે, જે જુદાં જુદાં નામે પૂજાય છે. ભારતમાં 270 અને ગુજરાતમાં 63 સર્પની પ્રજાતિઓ જોવા મળે છે. તેમાં ગુજરાતમાં 59 જેટલી પ્રજાતિઓ બિનઝેરી છે, માત્ર ચાર જાત જ ઝેરી છે. રાજ્યમાં વર્ષ દરમિયાન લગભગ 10 હજારથી 15 હજાર સર્પદંશના કેસો નોંધાય છે, જેમાંથી 5થી 10 ટકા જ ઝેરી સાપોના દંશ હોય છે. તેના કારણે મૃત્યુદર માત્ર 1થી 2 ટકા જ છે.



વૈજ્ઞાનિક વિશ્લેષણ એવું છે કે સર્પદંશમાં મૃત્યુ માટે મોટાભાગે ન્યૂરોટોક્સિકઝેર અને હિમોટોક્સિક તેમજ કાર્ડિયાક ટોક્સિક સાપ કારણભૂત હોય છે. સાપ બિનઝેરી હોય કે ઝેરી, સાપ કરડે ત્યારે સમય બગાડ્યા વગર સારવાર લેવા માટે વેન્ટિલેટર ધરાવતા આરોગ્ય કેન્દ્ર કે હોસ્પિટલમાં પહોંચી જવું જ જોઈએ, ઘરગથ્થુ ઉપચાર કે ઝેર ચૂસવાની પ્રક્રિયા અથવા તંત્ર-મંત્ર, ભૂવા પાસે જવામાં સમય બગાડવો ન જોઈએ. સૌરાષ્ટ્રમાં જૂનાગઢ, પોરબંદર, રાજકોટ, અમરેલી, દેવભૂમિ દ્વારકા, કચ્છ અને દક્ષિણ ગુજરાત વલસાડ, અરવલ્લી ડાંગમાં સર્પદંશના કેસો વધુ જોવા મળે છે. સૌથી સામાન્ય સાપ ખડચિતળો (રસેલ્સ વાઈપર) અને ફુરસો (સો-સ્કેલ્ડ વાઈપર)ના દંશ 70-80% કેસોમાં જોવા મળે છે, ગુજરાતમાં ચાર ઝેરી સાપોમાં ક્રેઈટ, કાળોતરો, ખડચિતળો, ફુરસો એ ઝેરી છે.

સર્પદંશની સારવાર માટે એન્ટી-વેનમ એકમાત્ર વૈજ્ઞાનિક ઉપાય છે, ભારતમાં જોવા મળતા કેટલાક મુખ્ય ઝેરી સાપોમાં ઈન્ડિયન કોબ્રા ભારતનો સૌથી જાણીતો ઝેરી સાપ છે, તેનું ઝેર ન્યુરોટોક્સિક હોય છે, જે શ્વસનતંત્ર અને ચેતાતંત્રને નુકસાન પહોંચાડે છે, લકવો કરી દે છે અને અંધાપો પણ લાવી દે છે. આવી જ રીતે કોમન ક્રેઈટ (કાળોતરો) ઝેરી સાપ મોટાભાગે રાત્રે શિકાર કરે છે. તેનું ઝેર પણ ન્યૂરોટોક્સિક હોય છે, જે લકવો કરી નાખે છે અને શરીર ખોટું પાડી દે છે.

રસેલ્સ વાઈપર (ખડચિતળો) ના સર્પદંશ મૃત્યુ માટે સૌથી વધુ જવાબદાર છે. તેનું ઝેર હીમોટોક્સિક હોય છે, જે રક્તસ્ત્રાવ, લોહી ખરાબી અને અંગોના નુકસાનનું કારણ બની શકે છે. સો-સ્કેલ્ડ વાઈપર (ફુરસો)નું ઝેર હીમોટોક્સિક હોય છે, જે રક્તકણોનો નાશ કરે છે અને લોહીમાં ઝેર ફેલાવીને મોતને ઘાટ ઉતારી દે છે. કિંગ કોબ્રા (નાગરાજ) તેમજ ક્રેઈટ જે મુખ્યત્વે અન્ય સાપોનો શિકાર કરે છે તેનું ઝેર ન્યૂરોટોક્સિક અને કાડયોટોક્સિક હૃદય માટે ઘાતક હોય છે.

ઝેરી સાપો નાગ, કાળોતરો, ખડચિતળો, અને ફુરસો સાપોના દાંત મારફત તેનું ઝેર એકઠું કરવામાં આવે છે. તેને 'લાઈઓફિલાઈઝડ (Lyophilized)' સ્વરૂપમાં સંગ્રહિત કરવામાં આવે છે. એકઠા કરેલ ઝેરને શુદ્ધ કરવા માટે રાસાયણિક અને બાયોલોજિકલ પ્રક્રિયાઓનો ઉપયોગ થાય છે. આમાં પ્રોટીન અને ટોક્સિન્સને અલગ કરવા માટે ફિલ્ટરેશન અને ક્રોમેટોગ્રાફી જેવી પદ્ધતિઓનો ઉપયોગ થાય છે, જેમાં ઝેરને નબળું કરવામાં આવે છે, જેથી તે જીવો પર ઝેરી અસર ન કરે પરંતુ રોગપ્રતિકારક શક્તિ ઉત્પન્ન કરી શકે. કાઢેલા ઝેરને લાઈઓફિલાઈઝ્ડ પાવડરમાં રૂપાંતરિત કરવામાં આવે છે, જે લાંબા સમય સુધી સંગ્રહી શકાય છે.

સાપના ઝેરની નાની માત્રા ઘોડા જેવા પ્રાણીઓમાં ઈન્જેક્ટ કરવામાં આવે છે. આ પ્રાણીઓનું શરીર ઝેર વિરુદ્ધ એન્ટીબાર્ડીઝ ઉત્પન્ન કરે છે. પ્રાણીના રક્તમાંથી એન્ટીબાડીઝ નિષ્કર્ષિત કરી શુદ્ધ કરવામાં આવે છે અને 'એન્ટી-વેનમ' ઈન્જેક્શન તૈયાર કરવામાં આવે છે. જ્યારે સર્પદંશ થાય ત્યારે કઈ જાતનો સર્પ કરડ્યો એ દર્દી હિસ્ટરી ન આપી શકે એવા સંજોગોમાં તમામ પ્રકારના ઝેરી સર્પોના ઝેરને નિષ્ક્રિય કરી શકે એવી તાકાત ધરાવતું 'પોલીવેલેન્ટ વેનમ' આપવામાં આવે છે.

ગુજરાતમાં ધરમપુર ખાતે વન વિભાગ દ્વારા સંચાલિત સર્પગૃહ વિશ્વ કક્ષાનું સંશોધન કેન્દ્ર બનવા જઈ રહ્યું છે, જ્યાં 3000 સાપોની સંભાળ લઈ શકાય છે. આ કેન્દ્ર રીજન-સ્પેસિફિક એન્ટી-વેનમ બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જે ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન, અને મધ્યપ્રદેશના ઝેરી સાપોના ઝેરને નિષ્ક્રિય કરી શકે છે.

# ગુજરાતમાં ગુટખા-તમાકુ પર પ્રતિબંધ સતત 14મા વર્ષે લંબાયો, છતાં 100માંથી 38 પુરુષ કરે છે તમાકુનું સેવન

**અમદાવાદ, તા.01**

ગુજરાતમાં ગુટખા અને તમાકુ-નિકોટિનયુક્ત પાનમસાલાના ઉત્પાદન, સંગ્રહ અને વેચાણ પરનો પ્રતિબંધ સતત 14મા વર્ષે લંબાવવામાં આવ્યો છે. રાજ્ય સરકાર દ્વારા આ પ્રકારના ઉત્પાદનોના ઉપયોગથી થતી ગંભીર આરોગ્ય સમસ્યાઓને ધ્યાનમાં રાખીને પ્રતિબંધને આગળ વધારવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સરકારનું કહેવું છે કે ગુટખા, તમાકુ અને નિકોટિનયુક્ત પાનમસાલાના સેવનથી મોઢાના કેન્સર સહિત અનેક ગંભીર બીમારીઓનું જોખમ વધી શકે છે. જોકે બીજી તરફ ગુજરાતમાં તમાકુના વપરાશના આંકડા સામે આવતા પ્રતિબંધના અસરકારક અમલ અંગે ગંભીર સવાલો ઊભા થઈ રહ્યા છે. રાજ્યમાં પ્રતિબંધ હોવા છતાં બજારમાં ગુટખા, માવો, તમાકુ અને અન્ય સ્મોકલેસ તમાકુ ઉત્પાદનોની ઉપલબ્ધતા અંગે વારંવાર ફરિયાદો સામે આવતી રહે છે. સરકાર દ્વારા ઉત્પાદન, સંગ્રહ અને વેચાણ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે, પરંતુ વાસ્તવિક સ્થિતિમાં આ પ્રકારના ઉત્પાદનોનું સેવન હજુ પણ મોટા પ્રમાણમાં થઈ રહ્યું છે. જેના કારણે એવો સવાલ ઊભો થાય છે કે જો છેલ્લા 14 વર્ષથી પ્રતિબંધ અમલમાં છે તો રાજ્યમાં તમાકુના વપરાશનું પ્રમાણ આટલું ઊંચું કેમ છે અને પ્રતિબંધ હોવા છતાં આ ઉત્પાદનો ગ્રાહકો સુધી કેવી રીતે પહોંચી રહ્યા છે?



છેલ્લા નેશનલ ફેમિલી હેલ્થ સર્વે એટલે કે વર્ષ 2023-24ના આંકડા ગુજરાત માટે ચિંતાજનક તસવીર રજૂ કરે છે. સર્વે અનુસાર રાજ્યમાં 15 વર્ષ કે તેથી વધુ વયના 38.40 ટકા પુરુષો કોઈને કોઈ પ્રકારના તમાકુનું સેવન કરે છે. મહિલાઓમાં પણ તમાકુના વપરાશનું પ્રમાણ 7 ટકા જેટલું નોંધાયું છે. સરળ ભાષામાં સમજીએ તો ગુજરાતમાં દર 100 પુખ્તવયના પુરુષોમાંથી આશરે 38 પુરુષ કોઈને કોઈ સ્વરૂપે તમાકુનું સેવન કરે છે.

જોકે અહીં એક મહત્વની બાબત સમજવી જરૂરી છે. 38.40 ટકા પુરુષો તમાકુનું સેવન કરે છે તે આંકડાનો અર્થ એવો નથી કે ગુજરાતમાં એટલા જ ટકા લોકો ગુટખા ખાય છે. નેશનલ ફેમિલી હેલ્થ સર્વેમાં તમાકુના તમામ પ્રકારના ઉપયોગને ધ્યાનમાં લેવામાં આવે છે. તેમાં સિગારેટ, બીડી, ખૈની, માવો, ચાવવાનું તમાકુ, ગુટખા અને અન્ય તમાકુ ઉત્પાદનોનો સમાવેશ થઈ શકે છે. તેથી 38.40 ટકાના આંકડાને સીધો ગુટખાના વપરાશકર્તાઓનો આંકડો માનવો યોગ્ય નથી. તેમ છતાં આ આંકડો રાજ્યમાં તમાકુના વ્યાપક વપરાશની ગંભીર સ્થિતિ દર્શાવે છે.

ગુજરાત સરકાર દ્વારા જારી કરવામાં આવેલી માહિતીમાં પણ ગુટખા અને પાનમસાલાના સેવનના ગંભીર આરોગ્ય જોખમોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સરકારના જણાવ્યા પ્રમાણે ટાટા મેમોરિયલ હોસ્પિટલ, ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફન્ડામેન્ટલ રિસર્ચ અને હેમર દ્વારા કરવામાં આવેલા સંશોધનોમાં ગુટખા તેમજ પાનમસાલાના સેવનને કેન્સરકારક ગણાવવામાં આવ્યું છે. ખાસ કરીને આવા ઉત્પાદનોના સેવનથી મોઢાના કેન્સરનું જોખમ અત્યંત વધી શકે છે. મોઢાના કેન્સરના જોખમને કારણે તમાકુ અને ગુટખાનો મુદ્દો માત્ર વ્યક્તિગત આદત પૂરતો મર્યાદિત રહેતો નથી. લાંબા સમય સુધી તમાકુનું સેવન કરવાથી વ્યક્તિના સ્વાસ્થ્ય પર ગંભીર અસર થઈ શકે છે અને પરિવાર તથા સમાજ પર પણ તેનો આર્થિક અને સામાજિક બોજ પડી શકે છે. કેન્સર જેવી ગંભીર બીમારીની સારવાર લાંબી અને ખર્ચાળ હોય છે, જેના કારણે દર્દી ઉપરાંત સમગ્ર પરિવાર પર તેની અસર પડે છે. સરકારે પોતાના આદેશમાં દેશવ્યાપી તમાકુના વપરાશ અંગેના આંકડાનો પણ ઉલ્લેખ કર્યો છે. 'ગ્લોબલ એડલ્ટ ટોબેકો સર્વે'ના અહેવાલ મુજબ ભારતમાં આશરે 35 ટકા પુખ્તવયના લોકો તમાકુનું સેવન કરે છે. તેમાં આશરે 21 ટકા લોકો ધુમાડા વગરની એટલે કે સ્મોકલેસ તમાકુનો ઉપયોગ કરતા હોવાનું સામે આવ્યું છે. આ પ્રકારના તમાકુ ઉત્પાદનોમાં માવો, ખૈની, ચાવવાનું તમાકુ અને અન્ય વિવિધ સ્વરૂપોનો સમાવેશ થઈ શકે છે.

ગુજરાતમાં પણ સ્મોકલેસ તમાકુનો ઉપયોગ એક મહત્વપૂર્ણ જાહેર આરોગ્ય સમસ્યા તરીકે સામે આવી રહ્યો છે. ધુમાડો ન થતો હોવાથી કેટલાક લોકો તેને સિગારેટ કે બીડીની સરખામણીએ ઓછું નુકસાનકારક માને છે, પરંતુ તમાકુના આ પ્રકારના ઉત્પાદનો પણ આરોગ્ય માટે ગંભીર જોખમ ઊભું કરી શકે છે. ખાસ કરીને મોઢા, ગળા અને પાચનતંત્ર સાથે જોડાયેલા રોગો તથા કેન્સરનું જોખમ તમાકુના સેવન સાથે સંકળાયેલું છે. સરકાર દ્વારા લંબાવવામાં આવેલા પ્રતિબંધનો વ્યાપ પણ માત્ર ચોક્કસ બ્રાન્ડ અથવા ચોક્કસ નામના ગુટખા સુધી મર્યાદિત નથી. સરકારના દાવા પ્રમાણે કોઈપણ નામે ઓળખાતા તમાકુ અથવા નિકોટિનયુક્ત ગુટખા અને પાનમસાલા પર પ્રતિબંધ લાગુ પડશે. આ ઉપરાંત એવા ઘટકોને અલગ-અલગ વેચવામાં આવે અને તેના મિશ્રણથી અંતિમ ઉત્પાદન તરીકે ગુટખા કે તમાકુયુક્ત પાનમસાલો તૈયાર થતો હોય તો આવા ઘટકોના ગેરકાયદે ઉપયોગ સામે પણ કાર્યવાહી થઈ શકે છે.

# ગુજરાતમાં ખેડૂતો પર બેવડો માર: વરસાદની ખેંચ વચ્ચે કપાસમાં ગુલાબી ઈયળ અને મગફળીમાં ફૂગનો પ્રકોપ

**અમદાવાદ, તા.01**

ગુજરાતના ધરતીપુત્રો માટે આ વર્ષે પડતા પર પાટું જેવી સ્થિતિ સર્જાઈ છે. રાજ્યના મુખ્ય રોકડિયા પાક ગણાતા મગફળી અને કપાસમાં હાલમાં રોગ અને જીવાતનો ભારે ઉપદ્રવ જોવા મળી રહ્યો છે. બીજી તરફ, ચોમાસાના પાછતરા વરસાદની ખેંચ વર્તાતા પાક સુકાઈ જવાની ભીતિ સેવાઈ રહી છે, જેના કારણે ખેડૂતો ચિંતિત બન્યા છે.ભૌગોલિક નકશા તપાસો

ચાલુ વર્ષે કપાસના વાવેતર બાદ ખેડૂતોને સારા ઉત્પાદનની આશા હતી, પરંતુ હાલમાં કપાસના પાકમાં 'સુકારો' (પેરા-વિલ્ટ) અને ગુલાબી ઈયળના લક્ષણો દેખાવા લાગ્યા છે. અનેક વિસ્તારોમાં કપાસના છોડ ઊભા-ઊભા સુકાઈ રહ્યા છે અને જીવાતના કારણે જીંડવાને વ્યાપક નુકસાન થઈ રહ્યું છે. કૃષિ નિષ્ણાતોના મતે જો સમયસર આ જીવાત પર કાબૂ મેળવવામાં નહીં આવે, તો ઉત્પાદનમાં મોટો ઘટાડો થઈ શકે છે. કપાસની સાથોસાથ મગફળીના પાકની સ્થિતિ પણ નાજુક છે. જમીનમાં પૂરતો ભેજ ન હોવાના કારણે અને વાતાવરણના બદલાવને લીધે મગફળીમાં ફૂગજન્ય રોગો (જેવા કે મૂળખાઈ અને પાનના ટપકાં) જોવા મળી રહ્યા છે. લીલીછમ દેખાતી મગફળીના છોડ પીળા પડીને સુકાઈ રહ્યા હોવાની ફરિયાદો ખેડૂતો કરી રહ્યા છે.



હાલ પૂરતા વરસાદના અભાવે ખેડૂતો કૂવા, બોર અથવા ટપક સિંચાઈ પદ્ધતિ દ્વારા કિંમતી પાકને બચાવવા રાત-દિવસ મથામણ કરી રહ્યા છે. જો કે, ભૂગર્ભ જળના તળ નીચા જતાં સિંચાઈનું પાણી પણ ખૂટી રહ્યું છે. રાજ્ય સરકારની 'સૌની યોજના' કાગળ પર હોવાના આક્ષેપો સાથે ખેડૂતો માંગ કરી રહ્યા છે કે નર્મદા નહેરનું પાણી તાત્કાલિક ધોરણે છેવાડાના ગામડાઓ સુધી પહોંચાડવામાં આવે.

હવે ખેડૂતોની તમામ આશા કુદરત પર ટકેલી છે. જો આગામી દિવસોમાં સાર્વત્રિક અને સારો વરસાદ ન થાય, તો જગતનો તાત આર્થિક પાયમાલી તરફ ધકેલાઈ જશે તેવી ગંભીર સ્થિતિ ઊભી થઈ છે. ચાલુ વર્ષે કપાસના વાવેતર બાદ ખેડૂતોને સારા ઉત્પાદનની આશા હતી, પરંતુ હાલમાં કપાસના પાકમાં 'સુકારો' (પેરા-વિલ્ટ) અને ગુલાબી ઈયળના લક્ષણો દેખાવા લાગ્યા છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# ચીને યુદ્ધની તૈયારી માટે રક્ષા કાયદો બદલ્યો: સામાન્ય લોકોના સંસાધનો સરકાર ઉપયોગ કરી શકશે, આદેશ ન માનવા પર સજા થશે

**બેઇજિંગ, તા.01**

ચીને પોતાના સંરક્ષણ કાયદામાં મોટો ફેરફાર કર્યો છે. હવે યુદ્ધ કે મોટા સંકટના સમયે સરકાર માત્ર સેના પર નિર્ભર નહીં રહે. જરૂર પડ્યે સામાન્ય લોકો, ખાનગી કંપનીઓ અને દેશના અન્ય સંસાધનોનો પણ ઉપયોગ કરી શકાશે. ચીનની સંસદ (નેશનલ પીપલ્સ કોંગ્રેસ) એ 28 ઓગસ્ટે રાષ્ટ્રીય સંરક્ષણ લામબંધી કાયદામાં ફેરફારને મંજૂરી આપી. નવો કાયદો 1 ઓક્ટોબરથી લાગુ થશે.

નવા કાયદામાં માત્ર સંસાધનો લેવાની જ નહીં, તેમને સરકારના કબજામાં લેવાની વ્યવસ્થા પણ છે. આદેશ માનવાનો ઈનકાર કરવા કે જાણીજોઈને વિલંબ કરવા પર કાર્યવાહી અને દંડની જોગવાઈ છે.

રાષ્ટ્રીય સંરક્ષણ લામબંધી કાયદો 2010માં બનાવવામાં આવ્યો હતો. હવે પહેલીવાર તેમાં મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. નવા કાયદામાં 14 અધ્યાય અને 82 અનુચ્છેદ છે.

ચીન મુજબ, તેનો હેતુ એ છે કે કોઈ ખતરાના સમયે દેશ શાંતિથી યુદ્ધની સ્થિતિમાં ઝડપથી જઈ શકે. આ માટે આર્થિક અને સામાજિક તાકાતને પણ સંરક્ષણના કામમાં લગાડી શકાશે. નવા કાયદામાં દેશની સાર્વભૌમત્વ, એકતા, પ્રાદેશિક અખંડિતતા અને સુરક્ષાની સાથે 'વિકાસ હિતો'ના રક્ષણને પણ સામેલ કરવામાં આવ્યું છે.

અમેરિકાના જેમ્સટાઉન ફાઉન્ડેશનના નિષ્ણાત સામંથા હોફમેન અનુસાર, નવા કાયદામાં પાર્ટીના નેતૃત્વ, સંગઠન, રિઝર્વ ફોર્સ, ભરતી, જરૂરી સામાનના ભંડાર અને સંરક્ષણ સંબંધિત શિક્ષણ જેવા ક્ષેત્રોમાં ફેરફારો કરવામાં આવ્યા છે.

કાયદાના અનુચ્છેદ 3 અને 16માં રાષ્ટ્રીય સંરક્ષણ એકત્રીકરણની વ્યવસ્થાને કમ્યુનિસ્ટ પાર્ટીની કેન્દ્રીય સમિતિ હેઠળ કરવામાં આવી છે. અગાઉ તેમાં સ્ટેટ કાઉન્સિલ અને સેન્ટ્રલ મિલિટરી કમિશનની મુખ્ય ભૂમિકા હતી.

હોફમેન અનુસાર, જરૂર પડ્યે પાર્ટી સૈન્ય, નાગરિક, આર્થિક અને સામાજિક સંસાધનોને એકસાથે એકત્રિત કરીને પોતાના વ્યૂહાત્મક લક્ષ્યો માટે ઉપયોગ કરી શકે છે.

નવા કાયદા મુજબ પરિવહન, ટપાલ, દૂરસંચાર, સાયબર સુરક્ષા, ચિકિત્સા અને દવા પુરવઠો, ખાદ્ય અને અનાજ પુરવઠો અને એન્જિનિયરિંગ જેવા ક્ષેત્રોને રાષ્ટ્રીય સંરક્ષણ સંબંધિત જવાબદારીઓ માટે તૈયાર રહેવું પડશે.

આ ક્ષેત્રોના એકમોએ વિશેષ



ટીમો બનાવવી પડશે. તેમને તાલીમ પણ આપવામાં આવશે, જેથી જરૂર પડ્યે તેઓ તરત જ કામ કરી શકે.

સાયબર સુરક્ષાને ખાસ કરીને સામેલ કરવામાં આવી છે. કાયદામાં નવી અને અદ્યતન તકનીકોના ઉપયોગથી સંરક્ષણ ક્ષમતા વધારવાની વાત પણ કહેવામાં આવી છે.

રિઝર્વ ફોર્સ તૈયાર કરવા, ભરતી વ્યવસ્થા મજબૂત કરવા અને વ્યૂહાત્મક રીતે જરૂરી સામાનનો ભંડાર વધારવાની પણ જોગવાઈઓ છે. 2010ના કાયદામાં ચીનની સાર્વભૌમત્વ, એકતા, પ્રાદેશિક અખંડિતતા અને સુરક્ષાને ખતરો થવા પર સંરક્ષણ વ્યવસ્થા સક્રિય કરવાની વાત હતી. હવે તેમાં 'વિકાસ હિતો'ને પણ સામેલ કરવામાં આવ્યા છે. એટલે કે, ચીન માટે ખતરો માત્ર સરહદ કે દેશની સુરક્ષા સાથે સંકળાયેલો નહીં હોય. અર્થતંત્ર, જરૂરી સંસાધનો સુધી પહોંચ, વિદેશોમાં રહેલી ચીની સંપત્તિઓ અને તકનીકી વિકાસ સાથે સંકળાયેલા હિતો પણ રાષ્ટ્રીય સુરક્ષાનો ભાગ ગણી શકાય છે.

જેમ્સટાઉન ફાઉન્ડેશનના નિષ્ણાત સામંથા હોફમેન અનુસાર, આ બદલાવ 2020માં સંશોધિત ચીનના રાષ્ટ્રીય સંરક્ષણ કાયદા સાથે પણ જોડાયેલો છે. તે કાયદામાં પણ દેશના વિકાસ હિતોને ખતરો થવા પર સંરક્ષણ લામબંધી શરૂ કરવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. ચીનના કેટલાક કાયદા દેશની સરહદની બહાર રહેતા લોકો પર પણ લાગુ પડી શકે છે. એટલે કે, વિદેશમાં કરવામાં આવેલું કોઈ કામ પણ ચીનના કાયદાના દાયરામાં આવી શકે છે.

1 જુલાઈ 2026ના રોજ ચીને જાતીય એકતા અને પ્રગતિ સંવર્ધન કાયદો લાગુ કર્યો હતો. તેની કલમ 63માં કાયદાને દેશની બહાર પણ લાગુ કરવાનો પ્રાવધાન છે. તેનું એક ઉદાહરણ 2023માં સામે આવ્યું હતું. હોંગકોંગની વિદ્યાર્થીની યુએન ચિંગ-ટિંગ તે સમયે જાપાનમાં અભ્યાસ કરી રહી હતી.

સોશિયલ મીડિયા પર કંઈક પોસ્ટ કર્યા પછી જ્યારે તે હોંગકોંગ પાછી ફરી, ત્યારે તેની ધરપકડ કરવામાં આવી. તેને 2020ના રાષ્ટ્રીય સુરક્ષા કાયદા હેઠળ બે મહિના જેલમાં રાખવામાં આવી હતી. નવા કાયદા પછી આ સવાલ ઊભો થઈ રહ્યો છે કે શું ચીન ખરેખર યુદ્ધની તૈયારી કરી રહ્યું છે. આ અંગે નિષ્ણાતોના મંતવ્યો અલગ-અલગ છે.

બ્રસેલ્સ સ્થિત સેન્ટર ફોર રશિયા યુરોપ એશિયા સ્ટડીઝના નિર્દેશક થેરેસા ફોલને નવા કાયદા પર ચિંતા વ્યક્ત કરી. તેમણે X પર કહ્યું કે દુનિયામાં યુદ્ધનો ખતરો વધી રહ્યો છે અને તેને અવગણવો મુશ્કેલ છે. તેમણે સવાલ કર્યો કે શું અમેરિકાના સૈન્ય ભંડારમાં ઘટાડો, રશિયા-યુક્રેન યુદ્ધ અને ઈરાન સાથે સંકળાયેલ ઇઝરાયેલ-અમેરિકા સંઘર્ષ જેવી પરિસ્થિતિઓ ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગને એવું વિચારવા મજબૂર કરી રહી છે કે યુદ્ધનો સમય નજીક આવી રહ્યો છે.

જ્યારે, એશિયા સોસાયટી પોલિસી ઇન્સ્ટિટ્યૂટના લાઇલ મોરિસનું કહેવું છે કે આ કાયદાને ચીનની અચાનક શરૂ થયેલી યુદ્ધની તૈયારી ન માનવી જોઈએ. તેમના મતે, ચીન છેલ્લા 10 વર્ષથી વધુ સમયથી આવી તૈયારી કરી રહ્યું છે. જોકે, નવો કાયદો ચોક્કસપણે દર્શાવે છે કે ચીન કોઈ મોટા સંકટ માટે માત્ર પોતાની સેનાને તૈયાર નથી કરી રહ્યું. તેણે સામાન્ય લોકો, કંપનીઓ, જરૂરી સેવાઓ, ટેકનોલોજી અને ડેટાને પણ આ તૈયારીનો ભાગ બનાવ્યો છે.

# નેપાળના પૂરમાં કેવી રીતે બચ્યું 40 વર્ષ જૂનું 'ગ્રીન હાઉસ'?: માલિકે કહ્યું- પાયો મજબૂત બનાવ્યો હતો

**કાઠમંડુ, તા.01**

નેપાળમાં 26 ઑગસ્ટે ત્રિશૂલી નદીના પૂરથી ભારે તબાહી મચી. તેજ પ્રવાહમાં ગાડીઓ, ઈમારતો અને લોકોનો સામાન તણાઈ ગયો, પરંતુ નુવાકોટ જિલ્લામાં નદી કિનારે બનેલું 40 વર્ષ જૂનું લીલું ઘર લગભગ સુરક્ષિત બચી ગયું.

પૂર પછી ઘરની તસવીરો અને વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયા. લોકો તેને 'ચમત્કારી ઘર' કહેવા લાગ્યા. એક જ સવાલ હતો કે આટલા તેજ પૂરમાં આ ઘર કેવી રીતે બચી ગયું.

હવે ઘરના માલિક પ્રકાશે જણાવ્યું છે કે ઘરનો મજબૂત પાયો તેનું મોટું કારણ હોઈ શકે છે. તેમણે જણાવ્યું કે આ ઘર 40 વર્ષ જૂનું છે. નદી પાસે બનાવતી વખતે તેના પાયા પર ખાસ ધ્યાન આપ્યું હતું. ઘરની નીચે રસ્તો બનાવવામાં વપરાતી સામગ્રીના બે-ત્રણ સ્તરો પણ નાખ્યા હતા.

પ્રકાશે તે દિવસની કહાની પણ જણાવી છે. તેમણે ઇન્ડિયા ટુડેની સહયોગી વેબસાઈટ ધ લલ્લનટોપ સાથે વાત કરતા જણાવ્યું કે પાણી વધતા પરિવાર ઘરના ઉપરના માળ પર ચાલ્યો ગયો અને લગભગ એકથી દોઢ કલાક સુધી સૌથી ઊંચા ભાગમાં ફસાયેલો રહ્યો.

પ્રકાશે જણાવ્યું કે પૂરનું પાણી ઝડપથી વધી રહ્યું હતું. ત્યારે લાગ્યું કે કદાચ આ તેમના જીવનની છેલ્લી ક્ષણ હોઈ શકે છે. તે સમયે



પરિવારના 6 લોકો હતા, જેમાંથી પાંચ ઘરની અંદર હાજર હતા.

પ્રકાશ પોતાની નજીકની દુકાન પર હતા, ત્યારે તેમને પૂરનું પાણી વધવાના સમાચાર મળ્યા. તેઓ તરત જ ઘરે પહોંચ્યા અને પરિવારના સભ્યોને અંદર આવવા કહ્યું. બહાર નીકળતા જ તેમણે જોયું કે પાણીના તેજ પ્રવાહે તેમની ગાડીને પલટી દીધી છે. આ જોઈને તેઓ પાછા ઘરની અંદર ભાગી ગયા.

પરિવાર પહેલા ઘરના ચોથા માળે પહોંચ્યો. આ ઈમારતનો સૌથી ઉપરનો માળ હતો, પરંતુ થોડા સમય પછી પૂરનું પાણી ત્યાં સુધી પણ પહોંચી ગયું. ત્યારબાદ બધા લોકો ઘરના સૌથી ઊંચા ભાગમાં ચાલ્યા ગયા.

પ્રકાશના મતે, પરિવાર લગભગ એકથી દોઢ કલાક સુધી ઘરના સૌથી ઊંચા ભાગમાં ફસાયેલો રહ્યો. પાણી થોડું ઓછું થયા પછી નજીકના ટોલ વિસ્તારના લોકો તેમની મદદ માટે પહોંચ્યા.

તેમણે બંને ઈમારતો વચ્ચે એક પાઈપ લગાવ્યો અને દોરડાના સહારે પરિવારને સુરક્ષિત રીતે બીજી તરફ પહોંચાડ્યો.

નિષ્ણાતોના મતે તે ઘર માત્ર એક કારણસર બચ્યું ન હતું. તેની પાછળ ઘણી વસ્તુઓની સંયુક્ત અસર હતી: ઘરનું માળખું મજબૂત હતું: આ ઘર માત્ર પથ્થર અને ગારાથી બનેલું ન હતું. તેમાં કોંક્રિટના મજબૂત પિલર અને બીમ હતા, જેમાં લોખંડના સળિયા લાગેલા હતા.

પિલર અને બીમ એકબીજા સાથે જોડાયેલા હતા: ઘરનું આખું માળખું એક મજબૂત ફ્રેમની જેમ બનેલું હતું. આનાથી પાણી અને કાટમાળનું દબાણ કોઈ એક દીવાલ પર પડ્યું ન હતું, પરંતુ તેની અસર આખા માળખામાં વહેંચાઈ ગઈ હતી. પાયો મજબૂત હતો: ઘર નદીની નજીક હતું, તેથી તેના પાયાને મજબૂત બનાવવા પર ખાસ ધ્યાન આપવામાં આવ્યું હતું. ઊંડા અને મજબૂત પાયાએ ઘરને તેની જગ્યાએ ટકાવી રાખવામાં મદદ કરી. ઘર સીધા સૌથી તેજ પ્રવાહની ઝપેટમાં નહોતું: ઘર નદીના મુખ્ય અને સૌથી તેજ પ્રવાહની વચ્ચે બન્યું નહોતું. પાણી અને કાટમાળનો મોટો ભાગ તેની બંને બાજુથી નીકળી ગયો. કાટમાળે પણ અમુક હદ સુધી બચાવ કર્યો: પૂરના શરૂઆતના તબક્કામાં જમા થયેલો કાદવ અને કાટમાળ પાછળથી એક પ્રકારની ઢાલ બની ગયો. આનાથી પાછળથી આવતા પાણીનું સીધું દબાણ ઘર પર થોડું ઓછું થયું.

# રિપોર્ટ- પુતિનને યુદ્ધ સમાપ્ત થવા પર સત્તા ગુમાવવાનો ડર: કહ્યું- જો ડોનબાસ પર કબજો કર્યા વિના યુદ્ધ રોકવામાં આવશે તો ફાંસી આપવામાં આવશે

**મોસ્કો, તા.01**

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનને ડર છે કે જો તેઓ આખો ડોનબાસ કબજે કર્યા વિના યુક્રેન યુદ્ધ સમાપ્ત કરશે, તો રશિયાના શક્તિશાળી લોકોમાં તેમની સામે નારાજગી વધી શકે છે. આનાથી તેમની સત્તા પર પણ ખતરો આવી શકે છે. ધ ઇકોનોમિસ્ટના એક અહેવાલ મુજબ, પુતિનને લાગે છે કે પોતાની મોટી માંગણીઓ પૂરી કર્યા વિના યુક્રેન યુદ્ધ સમાપ્ત કરવું રશિયામાં તેમની નબળાઈ ગણાશે. ક્રેમલિનના એક નજીકના સૂત્રએ જણાવ્યું કે યુદ્ધ સમાપ્ત કરવાના પરિણામો વિશે વાત કરતી વખતે પુતિને એકવાર કહ્યું હતું કે, 'તેઓ મને ફાંસી આપી દેશે.'

પુતિનું માનવું છે કે જો રશિયાનો નેતા નબળો દેખાય છે, તો તેના માટે સત્તામાં ટકી રહેવું મુશ્કેલ બની શકે છે. આ જ કારણ છે કે તેઓ યુદ્ધ સમાપ્ત કરવા માટે મોટા કરારો કરવાથી બચી રહ્યા છે.

યુક્રેનના ડોનેત્સ્ક અને લુહાંસ્ક પ્રદેશોને ભેગા કરીને ડોનબાસ કહેવાય છે. રશિયાનો ડોનબાસના લગભગ 90% હિસ્સા પર નિયંત્રણ છે. રિપોર્ટ અનુસાર, પાંચ વર્ષથી વધુ સમયથી ચાલી રહેલા યુદ્ધે પુતિન માટે સ્થિતિ મુશ્કેલ બનાવી દીધી છે. યુદ્ધ ચાલુ રાખવા પર યુક્રેન રશિયાના તેલ અને ઊર્જા ઠેકાણાઓ પર સતત હુમલા કરી રહ્યું છે. આનાથી રશિયાનો ખર્ચ સતત વધી રહ્યો છે.

યુદ્ધ રોકવું પણ પુતિન માટે સરળ નથી. રિપોર્ટ અનુસાર,



તેમને સામાન્ય લોકોની નારાજગી કરતાં રશિયાના એ શક્તિશાળી લોકોની વધુ ચિંતા છે, જેમની પાસે પૈસા, હથિયાર અને સત્તા સુધી પહોંચ છે.

એસ્ટોનિયન ગુપ્તચર પ્રમુખ રોસિન અનુસાર, આ લોકો વચ્ચે હવે પહેલાની જેમ રશિયાની સંપૂર્ણ જીતની વાત નથી થઈ રહી. તેના બદલે તેઓ વિચારી રહ્યા છે કે આ યુદ્ધને યોગ્ય રીતે કેવી રીતે સમાપ્ત કરવું. ધ ઇકોનોમિસ્ટ અનુસાર, રશિયાના શક્તિશાળી લોકોમાં હવે આ સવાલ ઉઠવા લાગ્યો છે કે લગભગ પાંચ વર્ષ સુધી યુદ્ધ લડ્યા પછી આખરે દેશે શું મેળવ્યું. ચિંતા ફક્ત અર્થતંત્ર કે યુદ્ધના પરિણામની નથી, પરંતુ લાંબા સમયથી ચાલી રહેલા આ યુદ્ધની કિંમતને લઈને પણ છે.

રિપોર્ટમાં રશિયાના એક શક્તિશાળી વ્યક્તિને ટાંકીને કહેવામાં આવ્યું છે કે ત્યાં હવે એવી ભાવના વધી રહી છે કે "રાજા પાસે કપડાં નથી." એટલે કે સત્તાની નબળાઈઓ હવે પહેલાની જેમ છુપાયેલી નથી અને લોકોને દેખાવા લાગી છે. તેમ છતાં, પુતિનની સત્તા પર પકડ મજબૂત છે. રશિયા પાસે યુદ્ધ ચાલુ રાખવા માટે પૈસા અને વિરોધને દબાવવા માટે મજબૂત સિસ્ટમ છે. પરંતુ ધ ઇકોનોમિસ્ટ અનુસાર, રાજકારણમાં લોકો હિંસા સહન કરી શકે છે, પરંતુ નિષ્ફળતા નહીં.

રશિયા આખા ડોનબાસ પર કબજો કરવા માગે છે, પરંતુ યુક્રેન પોતાની જમીન છોડવા તૈયાર નથી. આ જ કારણ છે કે બંને દેશો વચ્ચે શાંતિ સમજૂતીમાં આ સૌથી મોટી અડચણોમાંની એક બની રહી છે.

રશિયા ડોનબાસને ખૂબ જ મહત્વપૂર્ણ માને છે અને તેને છોડવા માંગતું નથી. પુતિન પહેલા જ કહી ચૂક્યા છે કે શાંતિ સમજૂતી માટે યુક્રેનને રશિયાના કબજા હેઠળના વિસ્તારો પર પોતાનો દાવો છોડવો પડશે. સાથે જ તેને આ વિસ્તારોને રશિયાનો ભાગ માનવો પડશે.

રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધ ફેબ્રુઆરી 2022માં શરૂ થયું. રશિયાએ યુક્રેનના મોટા ભાગ પર કબજો કરી લીધો અને ત્યારથી બંને દેશો વચ્ચે લડાઈ ચાલુ છે.

રશિયા પાસે યુક્રેનના લગભગ 20% વિસ્તાર પર કબજો છે. આ યુદ્ધમાં હજારો નાગરિકો અને સૈનિકોના મોત થયા છે, જ્યારે લાખો યુક્રેનિયનો પોતાનું ઘર છોડવા મજબૂર બન્યા છે. જૂન 2023 સુધીમાં લગભગ 80 લાખ લોકો યુક્રેન છોડીને અન્ય દેશોમાં ચાલ્યા ગયા હતા. અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પ યુદ્ધ સમાપ્ત કરાવવા માટે રશિયા અને યુક્રેનના નેતાઓ સાથે વાતચીત કરી ચૂક્યા છે. તાજેતરમાં તેમણે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે અલાસ્કામાં મુલાકાત કરી હતી.

# નેપાળમાં મૃતદેહોને બાળવાને બદલે દફનાવવામાં આવી રહ્યા છે: DNA તપાસથી ઓળખ થશે, પછી પરિવારજનોને અવશેષો સોંપવામાં આવશે

**કાઠમંડુ, તા.01**

નેપાળમાં પૂર પછી અનેક અજાણ્યા મૃતદેહોને બાળવાને બદલે દફનાવવામાં આવી રહ્યા છે. પ્રશાસન આવું એટલા માટે કરી રહ્યું છે જેથી મૃતદેહોના અવશેષો સુરક્ષિત રહી શકે અને ભવિષ્યમાં DNA તપાસ દ્વારા તેમની ઓળખ કરીને તેમને પરિવારજનોને સોંપી શકાય. પાણી અને કાદવમાં લાંબા સમય સુધી દબાયેલા રહેવાથી મૃતદેહોની હાલત ખૂબ જ ખરાબ થઈ ગઈ છે. ઘણા મૃતદેહો પાણીમાં ફૂલી ગયા છે અને સડી રહ્યા છે. તેનાથી તેની ઓળખ કરવી મુશ્કેલ બની ગઈ છે.

બીજી તરફ, શબઘર અને અસ્થાયી કેન્દ્રો પણ મૃતદેહોથી ભરાઈ ગયા છે. આવા સંજોગોમાં પ્રશાસન માટે મૃતદેહોને લાંબા સમય સુધી સુરક્ષિત રાખવા શક્ય નથી. આ જ કારણ છે કે અજાણ્યા મૃતદેહોને સામૂહિક કબરોમાં દફનાવવામાં આવી રહ્યા છે.

26 ઓગસ્ટે આવેલા પૂર પછી મૃત્યુઆંક વધીને 1,066 થઈ ગયો છે. તેમાં નેપાળમાં 1,050 અને તિબેટમાં 16 લોકોના મોત થયા છે. જ્યારે, 4400 થી વધુ લોકો હજુ પણ ગુમ છે.

નેપાળમાં મૃત્યુઆંક ફરી વધ્યો છે. મંગળવારે સાંજે 6 વાગ્યા સુધીના આંકડા મુજબ, ફક્ત નેપાળમાં જ 1050 લોકોના મોત થયા છે. જ્યારે, તિબેટમાં અત્યાર સુધીમાં 16 મોત થયા છે.



નેપાળના રસૂવા અને નુવાકોટ જિલ્લાના ઘણા પૂરગ્રસ્ત વિસ્તારોમાં રાહત સામગ્રીની ભારે અછત છે. કેટલાક સ્થળોએ હજુ સુધી કોઈ મદદ પણ પહોંચી નથી.

નેપાળની આપત્તિ વ્યવસ્થાપન એજન્સી NDRRMA અનુસાર, રસૂવાના ઉત્તરગયા વિસ્તારમાં તંબુઓની અછત છે. લોકોને ચોખા, દાળ અને અન્ય જરૂરી ખાદ્ય સામગ્રીની પણ જરૂર છે.

કેટલાક વિસ્તારોમાં મૃતદેહો અને મૃત પ્રાણીઓમાંથી ફેલાતી દુર્ગંધને રોકવા માટે જંતુનાશક અને રસાયણોની જરૂર છે.

ઢાડીંગ જિલ્લાના ઘણા ભાગોમાં પીવાના પાણીની અછત છે. પૂરને કારણે રસ્તાઓ અને પુલ તૂટી જવાથી રાહત ટીમોની પહોંચ હજુ પણ મુશ્કેલ બની રહી છે.

નેપાળમાં 26 ઑગસ્ટે ત્રિશૂલી નદીના પૂરથી ભારે તબાહી મચી. તેજ પ્રવાહમાં ગાડીઓ, ઈમારતો અને લોકોનો સામાન તણાઈ ગયો, પરંતુ નુવાકોટ જિલ્લામાં નદી કિનારે બનેલું 40 વર્ષ જૂનું લીલું ઘર લગભગ સુરક્ષિત બચી ગયું.

પૂર પછી ઘરની તસવીરો અને વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયા. લોકો તેને 'ચમત્કારી ઘર' કહેવા લાગ્યા. એક જ સવાલ હતો કે આટલા તેજ પૂરમાં આ ઘર કેવી રીતે બચી ગયું.

હવે ઘરના માલિક પ્રકાશે જણાવ્યું છે કે ઘરનો મજબૂત પાયો તેનું મોટું કારણ હોઈ શકે છે. તેમણે જણાવ્યું કે આ ઘર 40 વર્ષ જૂનું છે. નદી પાસે બનાવતી વખતે તેના પાયા પર ખાસ ધ્યાન આપ્યું હતું. ઘરની નીચે રસ્તો બનાવવામાં વપરાતી સામગ્રીના બે-ત્રણ સ્તરો પણ નાખ્યા હતા.

કતારે નેપાળના પૂરગ્રસ્ત લોકો માટે રાહત સામગ્રી મોકલી છે. કતારના વિદેશ મંત્રાલય અનુસાર, રાહત સામગ્રી લઈને એક વિમાન નેપાળ પહોંચ્યું.આ સહાયથી લગભગ 52,000 લોકોને મદદ મળશે. તેમાં પાણી કાઢવા અને પમ્પિંગના ઉપકરણો, લાઈટિંગ, ખાવા-પીવાનો સામાન અને તંબુ સામેલ છે.

નેપાળ સરકારે પૂર પીડિતોની મદદ માટે પ્રધાનમંત્રી આપત્તિ રાહત ભંડોળ અને પ્રધાનમંત્રી ભંડોળ દ્વારા આર્થિક સહાય એકત્ર કરવાનું શરૂ કર્યું છે.

સરકારના જણાવ્યા અનુસાર, સોમવારે બપોર સુધીમાં નવ વાણિજ્યિક બેંકોમાં પ્રધાનમંત્રી રાહત ભંડોળના ખાતાઓમાં 5.87 અબજ નેપાળી રૂપિયા એટલે કે લગભગ 363.94 કરોડ ભારતીય રૂપિયા જમા થઈ ચૂક્યા હતા.

આ ઉપરાંત, હિમાલયન બેંક અને લક્ષ્મી બેંકના ખાતાઓમાં લગભગ 30.29 કરોડ રૂપિયા જમા થયા છે.

નેપાળમાં ભારતના રાજદૂત નવીન શ્રીવાસ્તવે નુવાકોટના ત્રિભુવન ત્રિશુલી સેકન્ડરી સ્કૂલના પ્રિન્સિપાલ રાજેન્દ્ર દવાડી સાથે મુલાકાત કરી. આ તે શાળા છે જે પૂરથી ધોવાઈ ગઈ હતી.

પૂર આવે તે પહેલાં પ્રિન્સિપાલ દવાડીએ ખતરાને પારખી લીધો અને સમયસર શાળા ખાલી કરાવી દીધી. જેના કારણે બાળકોનો જીવ બચી ગયો.

રાજદૂતે જણાવ્યું કે આ શાળા 1950ના દાયકામાં બની હતી. તેની નવી ઈમારત 2022માં ભારતની મદદથી બનાવવામાં આવી હતી, પરંતુ પૂરથી તે પણ તબાહ થઈ ગઈ. ભારતે હવે આ શાળાને ફરીથી બનાવવામાં મદદ કરવાનો ભરોસો આપ્યો છે.

નેપાળનાં પ્રથમ મહિલા હેલિકોપ્ટર પાયલટ પ્રિયા અધિકારીએ પૂર રાહત અભિયાન દરમિયાન 6 દિવસમાં લગભગ 100 રેસ્ક્યુ મિશન પૂરા કર્યા છે. તેઓ રસુવા સહિતના સૌથી પ્રભાવિત વિસ્તારોમાંથી લોકોને સુરક્ષિત બહાર કાઢી રહ્યા છે. પ્રિયાએ જણાવ્યું કે ઘણીવાર 5-6 હેલિકોપ્ટર એકસાથે ઉતરે છે અને કાદવને કારણે રાહત અભિયાન ખૂબ મુશ્કેલ બની જાય છે.

પ્રિયા પહેલાં કેબિન ક્રૂ હતા. પાછળથી તેમણે હેલિકોપ્ટર ઉડાવવાની તાલીમ લીધી અને હવે હિમાલયી વિસ્તારોમાં હાઈ-એલ્ટિટ્યુડ રેસ્ક્યુ મિશનના નિષ્ણાત માનવામાં આવે છે.

સંયુક્ત રાષ્ટ્રએ જણાવ્યું છે કે નેપાળમાં વિનાશકારી પૂરના એક અઠવાડિયા પછી પણ સૌથી વધુ પ્રભાવિત કેટલાક વિસ્તારો સાથે સંપર્ક થઈ શક્યો નથી. રસ્તાઓ અને પુલ તૂટી જવાને કારણે રાહત અને બચાવ ટીમોની પહોંચ મુશ્કેલ બની રહી છે. UNના અહેવાલ મુજબ, પ્રભાવિત લગભગ 22 હજાર બાળકોમાંથી 2,600ને ગંભીર કુપોષણની સારવારની જરૂર છે. હજારો ગર્ભવતી મહિલાઓને પણ પોષણ સહાયતાની જરૂર છે.

# પાકિસ્તાને SCO સમિટની તસવીરમાંથી મોદીને હટાવ્યા: તેમની સાથે ઉભેલા ઈરાની રાષ્ટ્રપતિને પણ ન બતાવ્યા, X પર એડિટેડ ફોટો શેર કર્યો

**બિશ્કેક, તા.01**

પાકિસ્તાનના વડાપ્રધાન કાર્યાલય (PMO)એ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર શેર કરેલા એક ગ્રુપ ફોટોને લઈને વિવાદ ઊભો થયો છે. હકીકતમાં, SCO સમિટ દરમિયાન લેવાયેલી ગ્રુપ ફોટોને એડિટ કરીને વડાપ્રધાન મોદીની તસવીર હટાવી દેવામાં આવી છે. આ તસવીર કિર્ગિસ્તાનની રાજધાની બિશ્કેકમાં હતી. તેમાં સભ્ય દેશોના નેતાઓ એક મંચ પર ઊભેલા જોવા મળી રહ્યા છે. મૂળ તસવીરમાં મોદી અને પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફ બંને દેખાઈ રહ્યા છે. જ્યારે, એડિટેડ તસવીરમાં મોદી, ઈરાની રાષ્ટ્રપતિ મસૂદ પજશકિયાન સહિત 5 નેતાઓને હટાવી દેવામાં આવ્યા છે. ભારતીય વડાપ્રધાન કાર્યાલયે પણ SCO સમિટનો ગ્રુપ ફોટો સોશિયલ મીડિયા પર શેર કર્યો. તેમાં શાહબાઝ શરીફ જોવા મળી રહ્યા છે.

કિર્ગિસ્તાનના બિશ્કેકમાં SCO સમિટ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગની અચાનક મુલાકાત થઈ. બંને નેતાઓએ હાથ મિલાવ્યા અને થોડીવાર વાતચીત કરી. બંને વચ્ચે અલગથી દ્વિપક્ષીય બેઠક પહેલાથી નક્કી નહોતી.

આ દરમિયાન રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન પણ બંને નેતાઓ સાથે જોવા મળ્યા. SCO સમિટમાં પોતાના સંબોધન દરમિયાન PM મોદીએ આતંકવાદ વિરુદ્ધ એકજૂથ કાર્યવાહીની જરૂરિયાત જણાવી.

પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફની હાજરીમાં તેમણે કહ્યું કે આતંકવાદના મુદ્દે બેવડો અભિગમ ન હોવો જોઈએ. તેમણે આતંકવાદના સમગ્ર તંત્રને ખતમ કરવા પર ભાર મૂક્યો.

માત્ર આતંકવાદીઓને પકડવા કે મારવા પૂરતું નથી. તેમને પૈસા કોણ આપે છે, ભરતી કેવી રીતે થાય છે અને ક્યાં છુપાય છે, આ આખા નેટવર્કને ખતમ કરવું પડશે.



કેટલાક દેશો માટે આતંકવાદ ખોટો અને કેટલાક માટે સાચો ન હોઈ શકે. બધાએ આતંકવાદ વિરુદ્ધ એકસરખી કડક નીતિ અપનાવવી પડશે.

પશ્ચિમ એશિયામાં યુદ્ધની અસર દૂર દૂર સુધી પહોંચે છે. દેશો વચ્ચે વિવાદ થાય ત્યારે યુદ્ધ કરવાને બદલે વાટાઘાટો અને કૂટનીતિથી માર્ગ શોધવો જોઈએ.

મોદીએ કહ્યું કે ભારત માટે SCO અલગ-અલગ દેશોની સભ્યતા, સંસ્કૃતિ અને વિચારોને જોડતું મંચ પણ છે.

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને બીજા વિશ્વ યુદ્ધ શરૂ થયાના 87 વર્ષ પૂરા થવાનો ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું કે આવી વૈશ્વિક ઉશ્કેરણીજનક ઘટનાઓ ન થવી જોઈએ, જે નવા યુદ્ધને જન્મ આપે.

પુતિને કહ્યું કે દેશોએ સાથે મળીને કામ કરવું પડશે, જેથી દુનિયામાં નવા સંઘર્ષોને ભડકતા રોકી શકાય. તેમણે કહ્યું કે વર્તમાન સહયોગ અને પ્રયાસો આ લક્ષ્યને પુરુ કરવામાં મદદ કરશે.

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને કહ્યું કે શાંઘાઈ સહયોગ સંગઠન (SCO)ની શરૂઆત કેટલાક દેશોના નાના સંગઠન તરીકે થઈ હતી, પરંતુ હવે તે દુનિયાનું સૌથી મોટું ક્ષેત્રીય સંગઠન બની ગયું છે.

પુતિન મુજબ, SCOના સભ્ય દેશોમાં દુનિયાની લગભગ અડધી વસ્તી રહે છે અને આ દેશો દુનિયાની કુલ GDPના લગભગ એક-તૃતીયાંશ ભાગનું પ્રતિનિધિત્વ કરે છે. મંગળવારે 26મી શાંઘાઈ સહયોગ સંગઠન (SCO) સમિટમાં મોદીએ આતંકવાદ વિરુદ્ધ એકજૂટ કાર્યવાહીની જરૂરિયાત જણાવી. તેમણે કહ્યું કે માત્ર આતંકવાદીઓ વિરુદ્ધ કાર્યવાહી અને જવાબી કાર્યવાહીથી કામ નહીં ચાલે, પરંતુ આતંકવાદના સમગ્ર તંત્રને ખતમ કરવું પડશે. મોદીએ કહ્યું કે આતંકવાદનું ફંડિંગ, આતંકવાદીઓની ભરતી, કટ્ટરવાદ અને સુરક્ષિત આશ્રયસ્થાનોને ખતમ કરવા જરૂરી છે. આ મુદ્દે તમામ દેશોએ એક સૂરમાં વાત કરવી જોઈએ અને બેવડા વલણ માટે કોઈ જગ્યા ન હોવી જોઈએ.

પીએમ મોદીએ કિર્ગિસ્તાનમાં ભારત સાથે જોડાયેલા લોકો સાથે મુલાકાત કરી, જેમાં પ્રવાસી સભ્યો, શિક્ષણવિદો, રિસર્ચરો, ITEC ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને યોગ અભ્યાસકર્તાઓનો સમાવેશ થાય છે. આ SCOના 25 વર્ષ પૂરા થવા પર આયોજિત ઐતિહાસિક સંમેલન છે. યુરેશિયાની સુરક્ષા, વ્યાપાર અને વ્યૂહાત્મક સંતુલનની દ્રષ્ટિએ આ વર્ષનું સૌથી મહત્વપૂર્ણ બહુપક્ષીય સંમેલન માનવામાં આવી રહ્યું છે.

સમિટ પછી કિર્ગિસ્તાનની અધ્યક્ષતા સમાપ્ત થશે અને 2026-27ની અધ્યક્ષતા પાકિસ્તાનને સોંપવામાં આવે તેવી અપેક્ષા છે. 2027નું SCO શિખર સંમેલન પાકિસ્તાનમાં પ્રસ્તાવિત છે. PM મોદી અને રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની કિર્ગિસ્તાનની રાજધાની બિશ્કેકમાં SCO શિખર સંમેલન દરમિયાન મુલાકાત થઈ. આ બેઠક લગભગ 10 મિનિટ ચાલી. પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફની હાજરીમાં તેમણે કહ્યું કે આતંકવાદના મુદ્દે બેવડો અભિગમ ન હોવો જોઈએ. તેમણે આતંકવાદના સમગ્ર તંત્રને ખતમ કરવા પર ભાર મૂક્યો. માત્ર આતંકવાદીઓને પકડવા કે મારવા પૂરતું નથી. તેમને પૈસા કોણ આપે છે, ભરતી કેવી રીતે થાય છે અને ક્યાં છુપાય છે, આ આખા નેટવર્કને ખતમ કરવું પડશે. કેટલાક દેશો માટે આતંકવાદ ખોટો અને કેટલાક માટે સાચો ન હોઈ શકે. બધાએ આતંકવાદ વિરુદ્ધ એકસરખી કડક નીતિ અપનાવવી પડશે. પશ્ચિમ એશિયામાં યુદ્ધની અસર દૂર દૂર સુધી પહોંચે છે. દેશો વચ્ચે વિવાદ થાય ત્યારે યુદ્ધ કરવાને બદલે વાટાઘાટો અને કૂટનીતિથી માર્ગ શોધવો જોઈએ.

## તંત્રી લેખ

# વડાપ્રધાનનો ચહેરો રાહુલ જ રહેશે, વિજય નહીં

તામિલનાડુમાં કોંગ્રેસ અને શાસકપક્ષ ટીવીકે વચ્ચે લોકસભા ચૂંટણીમાં વડાપ્રધાનનો ચહેરો કોનો હશે એ બાબતે વિવાદ શરૂ થઈ ગયો છે. પ્રવાસ મંત્રી અને કોંગ્રેસના નેતા એસ રાજેશકુમારએ ચેતવણી આપી છે કે, જો ટીવીકે ૨૦૨૯ની સામાન્ય ચૂંટણીમાં પ્રધાનમંત્રી પદના ઉમેદવાર તરીકે રાહુલ ગાંધીને સમર્થન નહીં કરે તો કોંગ્રેસના મંત્રીઓ પ્રધાનમંડળમાંથી રાજીનામું આપશે. એમણે ટીવીકેને પોતાનું વલણ સ્પષ્ટ કરવા પણ કહ્યું હતું. એમનું કહેવું હતું કે લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષ ફક્ત રાહુલ ગાંધીને જ પ્રોજેક્ટ કરશે. શાસકપક્ષ અને મુખ્યમંત્રી જોસેફ વિજયના મંત્રીઓ અને ધારાસભ્યો લોકસભાની આગામી ચૂંટણી માટે વિજયનું નામ વડાપ્રધાન તરીકે આગળ કરવાની માંગણી કરે છે. રાજેશકુમારનું કહેવું છે કે જો સાથીપક્ષ આ બાબતે કોંગ્રેસને ટેકો નહીં આપે તો કોંગ્રેસના તમામ મંત્રીઓ રાજીનામું આપવા તૈયાર છે.

સુપ્રિમ કોર્ટે પાંચમી સપ્ટેમ્બરે દિલ્હીમાં યોજાનાર કોકરોચ જનતા પાર્ટીની માર્ચ રોકવાનો ઈન્કાર કર્યો છે. આ માર્ચને કારણે કોઈ અપ્રિય ઘટના થશે એવું સુપ્રિમ કોર્ટ માનતી નથી. ચીફ જસ્ટીસ સૂર્યકાંતે કહ્યું હતું કે, શાસકો પાસે અપેક્ષા છે કે, કાયદો- વ્યવસ્થાની પરિસ્થિતિ સંભાળી લેવામાં આવશે અને તમામ પક્ષો જવાબદારી પૂર્વક અને કાયદા હેઠળ કામ કરશે. આ અરજી ભૂતપૂર્વ દિલ્હી પોલીસ અધિકારી રાજેન્દ્ર સિંહે દાખલ કરી હતી. એમની દલીલ હતી કે દિલ્હીમાં બ્રિક્સ સમીટ યોજાવાની છે ત્યારે દેખાવો અને પ્રદર્શનની પરવાનગી આપવી જોઈએ નહીં. સીજેપીએ સરકાર પર આરોપ મૂક્યો છે કે ચારમાંથી એમની ત્રણ માંગણી માનવામાં નથી આવી. સોશ્યલ મીડિયા એક્સ પર સીજેપીએ લખ્યું હતું કે સરકાર દર વખતે ખોટા વાયદા કરીને બચી શકે નહીં.

ક્લાઈમેટ એક્ટીવીસ્ટ સોનમ વાંગચૂકે કહ્યું હતું કે, કોકરોચ જનતા પાર્ટી આંદોલનના આયોજક અભિજીત દિપકે અને એમના સાથીઓ રાજકીય રીતે બહુ મહત્વકાંક્ષી છે. જોકે એમાં કંઈ ખોટુ નથી. શરત એટલી કે તેઓ પોતાની બીનરાજકીય ઓળખ જાળવી રાખે. વાંગચૂકે કહ્યું હતું કે, રાજકીય મહત્વકાંક્ષા હોવી સામાન્ય વાત છે. મને એમના ભૂતકાળના રાજકીય સંપર્કોથી કોઈ ફેર પડતો નથી. વર્તમાન અને ભવિષ્યની રાજકીય મહત્ત્વકાંક્ષા પણ કોઈ સમસ્યા નથી. તેઓ એવા સંત નથી કે જેમને કંઈ જોઈતું નથી અને સંપૂર્ણ નિસ્વાર્થ ભાવે સેવા કરી રહ્યા છે. એમના કહેવા પ્રમાણે સારો ઉદેશવાળા પરંતુ કુશળ નહીં હોય એવા લોકો મુશ્કેલી પેદા કરી શકે છે. એજ રીતે બહુ હોશિયાર હોય પરંતુ જેમનો ઈરાદો ખોટો હોય તેઓ પણ મોટી મુશ્કેલી ઉભી કરી શકે છે. સીજેપી પ્લેટફોર્મનો રાજકીય ઉપયોગ થવો જોઈએ નહીં.

ઓપરેશન સિંદુર પછી દેશની સુરક્ષા એજન્સીઓ સમક્ષ જાસુસીની એક નવી અને ચિંતાજનક પદ્ધતિ સામે આવી છે. પાકિસ્તાનની જાસુસી સંસ્થા આઈએસઆઈ સાથે જોડાયેલા હેન્ડલર્સ સંવેદનશીલ સૈન્ય વિસ્તારોની બહાર ઈન્ટરનેટ અને સોલરથી સંચાલીત સીસીટીવી કેમેરા લગાડી રહ્યા છે. આ કેમેરાથી લાઈવ ફીડ સીધી પાકિસ્તાન પહોંચે છે. છેલ્લુ ઉદાહરણ લુધિયાણામાં જોવા મળ્યું છે. અહીં રીછપાલ સિંહ નામની વ્યક્તિએ બદોવાલ છાવણી પાસે પોતાની દુકાનની બહાર આવા સીસીટીવી કેમેરા મૂક્યા હતા. આ કેમેરાઓ દ્વારા સૈન્યના વાહનોની મૂવમેન્ટ જોવામાં આવતી હતી. પોલીસના જણાવ્યા પ્રમાણે આરોપીઓએ કેમેરાના યુઝર આઈડી - પાસવર્ડ પાકિસ્તાની હેન્ડલર્સને આપી રાખ્યા હતા. મોબાઈલ એપ દ્વારા કેમેરાની લાઈવ ફીડ તેઓ જોઈ શકતા હતા. દુકાનના ભાડા માટે મહિને ૪૦ હજાર રૂપિયા આપવામાં આવતા હતા. ઉત્તરાખંડના હલદાનીમાં કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જૂન ખડગેની સભા પછી જે કહેવાતો શુદ્ધિકરણ કાર્યક્રમ થયો હતો એ બાબતે રાહુલ ગાંધીએ આપેલા નિવેદનને કારણે એમની સામે એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. આ એફઆઈઆર પછી પક્ષે કહ્યું છે કે, એફઆઈઆરનો જવાબ કાયદાકીય રીતે આપવામાં આવશે.

**વર્તમાન નિયમ H-1B વિઝા ધારકો અને અન્ય બિન-ઈમિગ્રન્ટ કામદારોને નોકરી છૂટયા પછી નવી નોકરી શોધવા અથવા ઈમિગ્રેશન સ્ટેટસ બદલવા માટે યુએસમાં કાયદેસર રીતે રહેવાની મંજૂરી આપતો હતો. તેની સાથે જ, H-4 ડિપેન્ડન્ટ જીવનસાથીના વર્ક ઓથોરાઇઝેશનને પણ સરળ કરતો હતો જેના ઉપર તરાપ મારવાનો પ્રયાસ થઈ રહ્યો છે : મહત્ત્વની વાત એ છે કે, અમેરિકા દ્વારા જારી કરાતા વાર્ષિક H-1B વીઝામાંથી મોટાભાગના ભારતીયો અને ચીની નાગરિકો દ્વારા લઈ લેવામાં આવે છે. ખાસ કરીને એન્જિનિયરિંગ અને અન્ય ટેક સેક્ટરમાં આ વર્કફોર્સ ખૂબ જ મહત્ત્વની છે**

# H-1B વિઝાનો ગ્રેસ પિરિયડ દૂર થવો ગ્લોબલ ટેલેન્ટ માટે જોખમી

## અમેરિકી પ્રમુખના તઘલખી નિર્ણયોના પગલે ભારતીયો સહિત વિદેશથી આવતા ક્વોલિફાઈડ લોકોને નોકરીમાં મુશ્કેલીઓ ઊભી થશે




વર્તમાન નિયમ H-1B વિઝા ધારકો અને અન્ય બિન-ઈમિગ્રન્ટ કામદારોને નોકરી છૂટયા પછી નવી નોકરી શોધવા અથવા ઈમિગ્રેશન સ્ટેટસ બદલવા માટે યુએસમાં કાયદેસર રીતે રહેવાની મંજૂરી આપતો હતો. તેની સાથે જ, H-4 ડિપેન્ડન્ટ જીવનસાથીના વર્ક ઓથોરાઈઝેશનને પણ સરળ કરતો હતો જેના ઉપર તરાપ મારવાનો પ્રયાસ થઈ રહ્યો છે : મહત્ત્વની વાત એ છે કે, અમેરિકા દ્વારા જારી કરાતા વાર્ષિક H-1B વીઝામાંથી મોટાભાગના ભારતીયો અને ચીની નાગરિકો દ્વારા લઈ લેવામાં આવે છે. ખાસ કરીને એન્જિનિયરિંગ અને અન્ય ટેક સેક્ટરમાં આ વર્કફોર્સ ખૂબ જ મહત્ત્વની છે. જો આ નવો નિયમ લાગુ પડશે તો આ બે સેક્ટરને વ્યાપક નુકસાન જવાની શક્યતાઓ દેખાઈ રહી છે : વિદેશી કામદારો ૨૪થી ૪૮ કલાકની અંદર મકાનો વેચી શકતા નથી, બેંક ખાતાઓ બંધ કરી શકતા નથી અથવા એપાર્ટમેન્ટ લીઝ તોડી શકતા નથી. તે ઉપરાંત યુએસ શાળાઓમાં ભણતા બાળકોને શાળા ટ્રાન્સફર પ્રક્રિયાના સમય વિના જ ટર્મની વચ્ચે અચાનક વિક્ષેપોનો સામનો કરવો પડે છે. તેથી બધું એકાએક મૂકીને કોઈપણ વર્કર માટે સ્વદેશ પરત

અમેરિકા દ્વારા તાજેતરમાં એચ-૧બી વીઝાના નિયમોમાં વધુ એક ફેરફારની શક્યતાઓ જાહેર કરવામાં આવી છે. વ્હાઈટ હાઉસ ઑફિસ આફ ઈન્ફોર્મેશન એન્ડ રેગ્યુલેટરી અફેર્સે યુએસ ડિપાર્ટમેન્ટ આફ હોમલેન્ડ સિક્યોરિટી દ્વારા 'એલિમિનેટિંગ ધ ડિસ્ક્રિશનરી ૬૦-ડે ગ્રેસ પિરિયડ' શીર્ષક હેઠળ પ્રસ્તાવિત નિયમની સમીક્ષા પૂર્ણ કરી લીધી છે. હવે એવું કહેવામાં આવી રહ્યું છે કે, એચ-૧બી વીઝા ધારકોને નોકરી છૂટયા બાદ બીજી નોકરી શોધવા માટે જે ૬૦ દિવસનો ગ્રેસિંગ પિરિયડ આપવામાં આવતો હતો તેને દૂર કરવામાં આવશે. આ ગ્રેસિંગ પિરિયડના કાયદા હેઠળ જ વિદેશોમાંથી આવતા ટેલેન્ટેડ લોકો અહીંયા નોકરી શોધી શકતા હતા અને રહી શકતા હતા. હવે લોકો પાસેથી આ સુવિધા પણ તઘલખી ટ્રમ્પ પાછી ખેંચી લેવા માગે છે. જાણકારોના મતે તે કોઈપણ રીતે ભારતીયો અને અન્ય કેટલાક દેશોના લોકોને પછાડવા માટે આ પગલાં ભરી રહ્યા છે. બીજી તરફ ચારેબાજુ અમેરિકાને યુદ્ધમાં ફસાવીને લોકચાહના ગુમાવવાની સ્થિતિમાં પહોંચેલા ટ્રમ્પ હવે સ્થાનિક રોજગારી અને વિદેશીઓને હાંકી કાઢવાના મુદ્દા લાવીને તેને રાજકીય રંગ આપવાનું કામ કરી રહ્યા છે. જાણકારોના મતે જો આ નિયમ આખરી કરવામાં આવશે, તો તે નોકરીમાંથી છૂટા થયા પછી મળતા ૬૦-દિવસના ગ્રેસ પિરિયડને નાબૂદ કરી દેશે. વર્તમાન નિયમ H-1B વિઝા ધારકો અને અન્ય બિન-ઈમિગ્રન્ટ કામદારોને નોકરી છૂટયા પછી નવી નોકરી શોધવા અથવા ઈમિગ્રેશન સ્ટેટસ બદલવા માટે યુએસમાં કાયદેસર રીતે રહેવાની મંજૂરી આપતો હતો. તેની સાથે જ, H-4 ડિપેન્ડન્ટ જીવનસાથીના વર્ક ઓથોરાઈઝેશનને લક્ષ્ય બનાવતા અને H-1B એમ્પ્લોયર ફાઈલિંગ પર ભારે ફી માળખું લાદવાના વહીવટી પ્રસ્તાવો ફરીથી સપાટી પર આવ્યા છે, જે રોજગાર આધારિત ઈમિગ્રેશનમાં કડક સુધારાનો સંકેત આપે છે. મહત્ત્વની વાત એ છે કે, અમેરિકા દ્વારા જારી કરાતા વાર્ષિક H-1B વીઝામાંથી મોટાભાગના ભારતીયો અને ચીની નાગરિકો દ્વારા લઈ લેવામાં આવે છે. ખાસ કરીને એન્જિનિયરિંગ અને અન્ય ટેક સેક્ટરમાં આ વર્કફોર્સ ખૂબ જ મહત્ત્વની છે. જો આ નવો નિયમ લાગુ પડશે તો આ બે સેક્ટરને વ્યાપક નુકસાન જવાની શક્યતાઓ દેખાઈ રહી છે.

ઉલ્લેખનીય છે કે, ૨૦૧૭માં સ્થાપિત નિયમો હેઠળ, સ્પેશિયાલિટી વ્યવસાયોમાં એલિજિબલ ગણાતા બિન-ઈમિગ્રન્ટ કામદારો, જેમાં H-1B, H-1B૧, L-1, O-1, TN, E-1, E-2 અને E-3 વિઝા ધારકોનો સમાવેશ થાય છે તેઓ નોકરી સમાપ્ત થવા પર ૬૦ સળંગ કેલેન્ડર દિવસ સુધીનો (અથવા તેમના રોકાણની માન્ય અવધિ સમાપ્ત થાય ત્યાં સુધી, બેમાંથી જે ઓછું હોય તે) ગ્રેસ પિરિયડ મેળવે છે. આ ૬૦-દિવસની મુદત નોકરીમાંથી છૂટા થયેલા કર્મચારીઓને કેટલીક સવલતો આપતી હતી. ખાસ કરીને H-1B પોર્ટેબિલિટી નિયમો હેઠળ ક્વોલિફાઈંગ H-1B ટ્રાન્સફર પિટિશન ફાઈલ કરવા તૈયાર હોય તેવા નવા એમ્પ્લોયરની શોધ કરવી. તે ઉપરાંત અન્ય વિઝા કેટેગરીમાં સ્ટેટસ બદલવા માટે અરજી કરવી (જેમ કે શિક્ષણ માટે F-૧ અથવા ડિપેન્ડન્ટ તરીકે H-4 ). આ સિવાય અંગત બાબતો સમેટી લેવી, મકાનના કરારો (લીઝ) પૂર્ણ કરવા, શાળાએ જતા બાળકોનું સ્થળાંતર કરવું અને યુનાઈટેડ સ્ટેટ્સમાંથી કાયદેસર રીતે વિદાયની તૈયારી કરવી. તાજેતરનો DHS પ્રસ્તાવ નોકરી પછીના આ ગ્રેસ પિરિયડને સંપૂર્ણપણે દૂર કરવાનો પ્રયાસ કરે છે. પ્રસ્તાવિત માળખા હેઠળ, જે H-1B ધારકની રોજગારી સમય પહેલાં સમાપ્ત થાય છે, તે તેની રોજગારીના છેલ્લા દિવસે જ તાત્કાલિક કાયદેસર દરજ્જામાંથી બહાર થઈ જશે (આઉટ ઓફ સ્ટેટસ), સિવાય કે યુએસ સિટિઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસીસ વિશેષ રાહત આપે અથવા નોકરી સમાપ્તિ પહેલાં જ કોઈ વૈકલ્પિક પિટિશન ફાઈલ કરવામાં આવી હોય. એવું માનવામાં આવી રહ્યું છે કે, આ નવા ફેરફારને કારણે, અમેરિકામાં રહીને જ નવા ઈન્ટરવ્યૂ આપવા, નોકરી બદલવી કે તેના માટે જરૂરી દસ્તાવેજી કામગીરીઓ પૂરી કરવા માટે જે રાહત અને સમય મળતા હતા તે બધું જ બંધ કરી દેવાયું છે. ઈમિગ્રન્ટ્સને ભીંસમાં મુકવાની તૈયારીઓ કરાઈ રહી છે.

ભારતીય મૂળના નાગરિકો ઉપર આ બાબતની સૌથી વધારે અસર થવાની વાત ચર્ચાઈ રહી છે. ખાસ કરીને ૬૦-દિવસની નોકરી શોધવાની તક ગુમાવવી અને ડિપેન્ડન્ટ રોજગાર પરના સંભવિત નિયંત્રણો અન્ય કોઈપણ વસ્તી વિષયક જૂથ કરતાં ભારતીય વિદેશી નાગરિકોને સૌથી વધુ અસર કરે છે. ભારતીય નાગરિકો દેશ દીઠ મર્યાદાઓને કારણે રોજગાર-આધારિત ગ્રીન કાર્ડ્સ (મુખ્યત્વે EB-૨ અને EB-૩ શ્રેણીઓ) માટે ગંભીર બેકલોગનો સામનો કરી રહ્યા છે, જે કોઈપણ એક દેશને દર વર્ષે કુલ રોજગાર પ્રેફરન્સ વિઝાના માત્ર ૭ ટકા સુધી મર્યાદિત કરે છે. લાખો ભારતીય ટેક વર્કર્સ, સંશોધકો અને કોર્પોરેટ પ્રોફેશનલ્સ તેમની પ્રાયોરિટી ડેટ્સ કરન્ટ થવાની રાહ જોતી વખતે સતત H-1B એક્સટેન્શન હેઠળ યુએસમાં રહે છે જે પ્રતીક્ષા ઘણા દાયકાઓ સુધી લંબાવાનો અંદાજ છે. આ લોકોનો ૬૦-દિવસનો ગ્રેસ પિરિયડ નાબૂદ કરવાથી ગંભીર જોખમ ઊભું થાય છે. એક ભારતીય પ્રોફેશનલ જે ૧૦ થી ૧૫ વર્ષથી યુએસમાં રહેતો હોય અને કામ કરતો હોય, પોતાનું ઘર ધરાવતો હોય અને યુએસમાં જન્મેલા બાળકોનો ઉછેર કરતો હોય, તે કોર્પોરેટ છટણી થતાંની સાથે જ તાત્કાલિક અનલૉફુલ પ્રેઝન્સનો સામનો કરશે. નીતિ નિષ્ણાતો નિર્દેશ કરે છે કે કાયદેસરના દરજ્જાની તાત્કાલિક સમાપ્તિ લોજિસ્ટિકલ અરાજકતાનું કારણ બનશે અને ચારેતરફ ભય અને ચિંતાનો માહોલ સર્જાશે.

મહત્ત્વની વાત એ છે કે, વિદેશી કામદારો ૨૪થી ૪૮ કલાકની અંદર મકાનો વેચી શકતા નથી, બેંક ખાતાઓ બંધ કરી શકતા નથી અથવા એપાર્ટમેન્ટ લીઝ તોડી શકતા નથી. તે ઉપરાંત યુએસ શાળાઓમાં ભણતા બાળકોને શાળા ટ્રાન્સફર પ્રક્રિયાના સમય વિના જ ટર્મની વચ્ચે અચાનક વિક્ષેપોનો સામનો કરવો પડે છે. આ સિવાય H-1Bની અસ્થિરતા સાથે H-4 વર્ક પરમિટ રદ થવાથી સિલિકોન વેલી, સિએટલ, ઓસ્ટિન અને ન્યુ યોર્ક જેવા મોટા યુએસ ટેક હબ્સમાં મોર્ગેજ, કાર પેમેન્ટ્સ અને જીવનનિર્વાહના ઊંચા ખર્ચનું સંચાલન કરતા સિંગલ-અર્નર પરિવારો પર ભારે નાણાકીય દબાણ આવે છે. વિઝા ધારકો અને નોકરીદાતાઓ માટે એ સમજવું મહત્વપૂર્ણ છે કે આ વર્ષે ઓગસ્ટ-સપ્ટેમ્બર સુધીમાં, ૬૦-દિવસનો ગ્રેસ પિરિયડ કાયદેસર રીતે અમલમાં છે. પ્રસ્તાવિત નિયમે વહીવટી સમીક્ષાઓ પાસ કરી લીધી છે, પરંતુ તે હજી સક્રિય કાયદો બન્યો નથી. જાણકારોના મતે યુએસ ઈમિગ્રેશન નીતિની આસપાસ અનિશ્ચિતતા વધતાં, ઉચ્ચ કુશળ ભારતીય પ્રોફેશનલ્સ આંતરરાષ્ટ્રીય વિકલ્પો તરફ પણ જોઈ રહ્યા છે જે ઝડપી કાયમી વસવાટ અને કામના અધિકારો આપે છે. કેનેડાની એક્સપ્રેસ એન્ટ્રી સિસ્ટમ અને પ્રોવિન્શિયલ નોમિનેશન પ્રોગ્રામ્સ ટેકનોલોજી, હેલ્થકેર અને એન્જિનિયરિંગ ક્ષેત્રોમાં કુશળ કામદારો માટે કાયમી વસવાટ માટે સરળ માર્ગોનું સર્જન કરે છે. અમેરિકાના અસરગ્રસ્તોને આવકારવા માટે કેનેડા લાલ જાજમ ફેલાવીને બેઠું છે. તે ઓપન વર્કપરમિટ આપવા માટે સજ્જ છે. આ ઉપરાંત યુકેના ગ્લોબલ ટેલેન્ટ વિઝા અને હાઈ પોટેન્શિયલ ઈન્ડિવિજ્યુઅલ રૂટ્સ, તેમજ જર્મનીનું ઈયૂ બ્લુ કાર્ડ અને ઓપોર્ચ્યુનિટી કાર્ડ પણ લાંબા બેકલોગ વિના સ્થિર કાયદેસર નોકરી અને વસવાટ ઈચ્છતા સોફ્ટવેર એન્જિનિયરો અને સંશોધકો માટે સરળતાથી સુલભ વિકલ્પો પ્રદાન કરે છે. આ દરમિયાન, મોટી ફોર્ચ્યુન ૫૦૦ બહુરાષ્ટ્રીય કંપનીઓ દ્વારા સ્થાપિત ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સના ઝડપી વિકાસને કારણે ભારતની પોતાની ટેકનોલોજી અને કોર્પોરેટ ઈકોસિસ્ટમનો નોંધપાત્ર વિસ્તાર થયો છે. ઘણા યુએસ-પ્રશિક્ષિત ભારતીય એન્જિનિયરો બેંગલુરુ, હૈદરાબાદ, પુણે અને નેશનલ કેપિટલ રિજન (NCR) જેવા શહેરોમાં પ્રોડક્ટ એક્સપર્ટ, નેતૃત્વ અને ઈ:ઘ ભૂમિકાઓમાં પાછા ફરવાનું પસંદ કરી રહ્યા છે.

જાણકારો માને છે કે, ગ્રેસ પિરિયડ નાબૂદ કરવાનો પ્રસ્તાવ એ હાલમાં વિચારણા હેઠળ છે. હજી ઈમિગ્રેશનના નવા નિયમો એટલા આકરા નથી થયા કે કે સ્થિતિ એવી વણસી નથી કે આ સ્તર સુધી જવું પડે. એક વાત નક્કી છે કે, ટ્રમ્પ વહીવટીતંત્ર વિદેશી પ્રતિભાને સ્પોન્સર કરવા સાથે સંકળાયેલા ખર્ચમાં નાટકીય રીતે વધારો કરવાના પ્રસ્તાવોનું મૂલ્યાંકન કરી રહ્યું છે. આ નવી ફી નીતિઓમાં H-1B પિટિશનો માટે સંભવિત ફી માળખું ઈ૧૦૩,૨૯૫ સુધી પહોંચી શકે છે. અમેરિકનોને નોકરીએ રાખવા માટે પ્રોત્સાહિત કરવાના આશયથી આ બધું કરવામાં આવ્યું હોવા છતાં, ઉદ્યોગ નિષ્ણાતો ચેતવણી આપે છે કે ઊંચી ફી યુએસ ટેકનોલોજી કંપનીઓને ભારતમાં ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ સહિતના ઓફશોર સ્થળોએ સીધી એન્જિનિયરિંગ ભૂમિકાઓ શિફ્ટ કરવાની ફરજ પાડી શકે છે. યુએસ સિટીઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સવસીસ અને ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટે પણ નિયમોના ભંગ ઉપર દેખરેખ વધારી દીધી છે. જો કોઈ વિદેશી કામદાર ગ્રેસ પિરિયડ વિના નોકરી ગુમાવવાને કારણે સ્ટેટસની બહાર થઈ જાય છે, તો USCISના નિયમો એજન્સીને ઈમિગ્રેશન કોર્ટમાં નોટિસ ટુ અપીયર જારી કરવાની મંજૂરી આપે છે.

# શ્રાવણ માસમાં શિવમહિમા : શિવ અને શક્તિનો જ્યાં સંગમ થાય છે તે દક્ષિણનો કૈલાશ- શ્રીમલ્લિકાર્જુન જ્યોતિર્લિંગ



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

ભારતની આધ્યાત્મિક ચેતનાને બાર જ્યોતિર્લિંગોની માળામાં પરોવવા માં આવી છે. આ બારમાંથી બીજું અને સૌથી અનોખું સ્થાન એટલે આંધ્રપ્રદેશના ગાઢ નલ્લા માલા જંગલો વચ્ચે,૪૫૮ મીટર ઊંચા શ્રીશૈલમ પર્વત પર બિરાજ માન શ્રી મલ્લિકાર્જુન જ્યોતિર્લિંગ. તે માત્ર એક શિવ મંદિર નથી, પણ એવું દુર્લભ ધામ છે જ્યાં એક જ પરિસરમાં જ્યોતિર્લિંગ અને શક્તિપીઠ બંનેનો સંગમ થાય છે. તેથી જ તેને 'દક્ષિણનો કૈલાશ' કહેવામાં આવે છે. અહીં આવનાર ભક્તને માત્ર દર્શન નહીં, પણ પ્રકૃતિ, ઈતિહાસ અને મોક્ષની અનુભૂતિ એકસાથે થાય છે.

મલ્લિકાર્જુનની કથા એક પિતાના પુત્ર પ્રત્યેના અપાર પ્રેમની કથા છે. પુરાણો અનુસાર, એકવાર ભગવાન શિવ અને માતા પાર્વતીએ પોતાના બંને પુત્રો - કાર્તિકેય અને ગણેશજી માટે યોગ્ય કન્યા શોધવા માટે એક શરત મૂકી કે જે સમગ્ર પૃથ્વીની પરિક્રમા પહેલા કરી લેશે તેના લગ્ન પહેલા થશે.

કાર્તિકેય પોતાના મયૂર પર બેસીને તરત જ પૃથ્વી પરિક્રમા માટે નીકળી પડ્યા. બીજી તરફ, બુદ્ધિના દેવતા ગણેશજીએ પોતાના માતા-પિતા શિવ-પાર્વતીની જ સાત પ્રદક્ષિણા કરી અને કહ્યું કે માતા-પિતામાં જ સમગ્ર બ્રહ્માંડ સમાયેલું છે. તેમની બુદ્ધિથી પ્રસન્ન થઈને શિવજીએ ગણેશજીનો વિવાહ સિદ્ધિ અને બુદ્ધિ સાથે કરાવ્યો.

જ્યારે કાર્તિકેય પરિક્રમા કરીને પાછા ફર્યા ત્યારે તેમને આ વાતની જાણ થઈ અને તેઓ અત્યંત નારાજ થઈ ગયા. તેઓ ક્રોધમાં દક્ષિણ તરફ આવીને શ્રીશૈલમ પર્વત પર રહેવા લાગ્યા, જેને આજે કુમાર બ્રહ્મગિરિ પણ કહે છે.પુત્રના વિયોગથી દુ:ખી માતા-પિતા શિવ-પાર્વતી તેમને મનાવવા શ્રીશૈલમ આવ્યા.કાર્તિકેયએ તેમને જોયા તો ખરા, પણ માની ગયા નહીં અને થોડા વધુ દૂર ચાલ્યા ગયા. છેવટે તેમણે માતા-પિતાને વિનંતી કરી કે આપ અહીં જ નિવાસ કરો. ભગવાન શિવે તેમની વાત સ્વીકારી અને અહીં જ્યોતિ સ્વરૂપે પ્રગટ થયા. ત્યારથી ભગવાન શિવ અહીં મલ્લિકાર્જુન તરીકે પૂજાય છે.

આ જ્યોતિર્લિંગના નામમાં જ તેની સંપૂર્ણ ફિલોસોફી છે. 'મલ્લિકા' નો અર્થ થાય છે માતા પાર્વતી અને 'અર્જુન' નો અર્થ થાય છે ભગવાન શિવ. અહીં એક જ લિંગમાં શિવ અને શક્તિ બંનેની ઉપાસના થાય છે. મંદિર પરિસરમાં જ શિવની સાથે ભ્રમરાંબા દેવીનું મંદિર આવેલું છે, જે ૧૮ મહાશક્તિપીઠોમાંનું એક છે. એવું કહેવાય છે કે અહીં દેવી સતીના ગળાનો ભાગ પડ્યો હતો. તેથી મલ્લિકાર્જુનના દર્શન કરવાથી શિવ અને શક્તિ બંનેના આશીર્વાદ એકસાથે મળે છે, જે અન્ય કોઈ જ્યોતિર્લિંગમાં શક્ય નથી.

આ મંદિરનો ઈતિહાસ હજારો વર્ષ જૂનો માનવામાં આવે છે, પરંતુ પુરાતત્વીય પુરાવા મુજબ તેનો સુવર્ણકાળ સાતમી સદીમાં શરૂ થયો હતો. ચાલુક્ય રાજાઓએ સૌપ્રથમ આ મંદિરનું નિર્માણ અને વિસ્તરણ કરાવ્યું. ત્યારબાદ કાકતીય અને રેડ્ડી રાજવંશોએ તેને સમૃદ્ધ બનાવ્યું.

મંદિરનો સૌથી ભવ્ય વિકાસ વિજય નગર સામ્રાજ્યના મહાન સમ્રાટ કૃષ્ણદેવરાયના સમયમાં થયો. તેમના દ્વારા બનાવવામાં આવેલા ઊંચા ગોપુરમ, વિશાળ મંડપ અને કાળા પથ્થરમાંથી કોતરેલા સૂક્ષ્મ શિલ્પો આજે પણ દક્ષિણ ભારતીય સ્થાપત્યકળાનો ઉત્તમ નમૂનો છે. મંદિરની દિવાલો પર મળી આવેલા સેંકડો શિલાલેખો તેના ઐતિહાસિક મહત્વની સાક્ષી પૂરે છે.

મલ્લિકાર્જુન મંદિર આંધ્રપ્રદેશના નંદ્યાલ જિલ્લામાં, કૃષ્ણા નદીના કિનારે આવેલા શ્રીશૈલમમાં સ્થિત છે. તે કર્ણાટક અને તેલંગાણાની સરહદ નજીક છે. ગાઢ જંગલો, ઊંડી ખીણો અને કૃષ્ણા નદીના કલરવ વચ્ચે અહીંનું વાતાવરણ અત્યંત શાંત અને આધ્યાત્મિક છે. માન્યતા છે કે અહીં દર્શન કરવાથી જીવનના તમામ પાપો નષ્ટ થાય છે અને મોક્ષની પ્રાપ્તિ થાય છે.

યાત્રાનો શ્રેષ્ઠ સમય અને ઉત્સવો

*યાત્રાનો સમય જો તમે મુલાકાતનું આયોજન કરતા હોવ તો ઓક્ટો બરથી માર્ચ સુધીનો શિયાળો સૌથી ઉત્તમ છે.આ સમયે હવામાન સુખદ હોય છે. એપ્રિલથી જૂનમાં ગરમી ખૂબ વધી જાય છે અને જુલાઈથી સપ્ટેમ્બરમાં વરસાદને કારણે નલ્લા માલાના રસ્તાઓ થોડા મુશ્કેલ બની શકે છે, જોકે વરસાદમાં અહીંની સુંદરતા અદભુત હોય છે.

*મુખ્ય તહેવારો વર્ષનો સૌથી મોટો તહેવાર મહાશિવરાત્રી છે.આદિવસે મંદિરને અદભુત રીતે શણગારવામાં આવે છે અને લાખો ભક્તો અહીં ઉમટે છે. આ ઉપરાંત શ્રાવણ માસ, કાર્તિક માસ, નવરાત્રિ અને દક્ષિણની પરંપરા મુજબ ઉજવાતો બ્રહ્મોત્સવ અને રથયાત્રા પણ ખૂબ પ્રખ્યાત છે.

યાત્રા માર્ગદર્શિકા અને સુવિધાઓ

પહેલી વાર જતા યાત્રાળુઓ માટે અહીં તમામ સુવિધાઓ ઉપલબ્ધ છે. મંદિર પહોંચવા માટે સૌથી નજીકનું રેલ્વે સ્ટેશન માર્કાપુર રોડ (૮૫ કિમી) છે અને હૈદરાબાદથી સીધી બસ સેવા પણ છે.

રહેવા માટે દેવસ્થાનમ બોર્ડ દ્વારા સંચાલિત ગેસ્ટ હાઉસ, ધર્મશાળા અને ખાનગી હોટલો સરળતાથી મળી રહે છે. બજેટ યાત્રા માટે ધર્મશાળા ઉત્તમ વિકલ્પ છે. ભોજન માટે મંદિરનો પ્રખ્યાત 'અન્નદાનમ હોલ' છે જ્યાં દરરોજ હજારો ભક્તોને મફત પ્રસાદ ભોજન આપવામાં આવે છે. આ ઉપરાંત દક્ષિણ અને ઉત્તર ભારતીય ભોજનની હોટલો પણ છે. તમે દેવસ્થાનમની સત્તાવાર વેબસાઈટ પરથી દર્શન અને રૂમનું ઓનલાઈન બુકિંગ પણ કરી શકો છો.

આસપાસના જોવાલાયક સ્થળો

મલ્લિકાર્જુનની યાત્રા માત્ર દર્શન પૂરતી મર્યાદિત નથી.*પાતાળ ગંગા કૃષ્ણા નદીનો પવિત્ર ઘાટ,જ્યાં રોપ વે દ્વારા જઈ શકાય છે.અહીં સ્નાન કરવાથી મોક્ષ મળે છે તેવી માન્યતા છે.

*શ્રીશૈલમ ડેમ કૃષ્ણા નદી પર બનેલો એશિયાના સૌથી મોટા ડેમમાંથી એક,જેનો નજારો અદભુત છે. *અક્કમહાદેવી ગુફાઓ મંદિરથી દશ કિમી દૂર, કૃષ્ણા નદીમાં બોટ દ્વારા જવાતી આ ગુફાઓમાં સંત અક્કમહાદેવીએ તપસ્યા કરી હતી.

*નલ્લામાલા જંગલ જૈવવિવિધતા થી ભરપૂર આ જંગલ ટ્રેકિંગ અને પ્રકૃતિ પ્રેમીઓ માટે સ્વર્ગ છે.

અંતે, મલ્લિકાર્જુન જ્યોતિર્લિંગની યાત્રા એ માત્ર તીર્થ નથી, તે એક સંપૂર્ણ અનુભૂતિ છે - જ્યાં તમે શિવની શાંતિ, શક્તિની કરુણા અને પ્રકૃતિની સુંદરતાનો ત્રિવેણી સંગમ અનુભવી શકો છો.

# અષ્ટમૂર્તિ શિવ એટલે શર્વ, ભવ, રુદ્ર, ઉગ્ર, ભીમ, પશુપતિ, ઈશાન, અને મહાદેવ



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

હે દેવોના દેવ મહાદેવ.

સૌનાં હ્રદયમાં કરુણા રૂપે રહેલાં આપનાં સૌમિત્રી સ્વરૂપને સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. શ્રાવણ પૂર બહારમાં આગળ ધપી રહ્યો છે, પણ ભક્તિનો આ ભાવ નિત્ય રહેતો નથી, કારણ કે માનવીય માનસિકતા માંથી સંતોષની લાગણી ઓછી થતી જાય છે, અને એટલે ખુશી કે પ્રસન્નતાનો પિરિયડ એટલો લાંબો સમય ટકી રહેતો નથી, અને જેવા અન્યને ખુશ જુવે એટલે સરખામણીમાં પોતાની ખુશી ઓછી લાગે છે. પરંતુ સુખ માટે કે સિદ્ધી માટે, એમ કોઈને કોઈ બહાને સૌ ભગવાન શિવને ભજે છે, અને એવાં અનન્ય દેવોના દેવ મહાદેવનું શિવ પુરાણ વિશે આપણે ચિંતન કરી રહ્યા છીએ.

રુદ્ર સંહિતા બાદ શત રુદ્ર સંહિતા આવે છે, અને એમાં શિવનાં શત એટલે કે સો અવતારની વાત આવે છે. પણ આપણે જોયું એમ જ્યાં સુધી શિવ માંથી શિવા સ્વરૂપે શક્તિ છૂટી પડી નહીં, ત્યાં સુધી બ્રહ્માનું સૃષ્ટિ સર્જનનું કાર્ય એટલું ટક્યું નહીં. પરંતુ એ સિવાય પણ આ જીવ સૃષ્ટિને જીવંત રાખવા ભગવાન શિવ અષ્ટમૂર્તિ સ્વરૂપે પ્રકૃતિમાં વ્યાપ્ત થયાં, અને પછી આઠ પ્રાણ સ્વરૂપે દરેક જીવમાં પણ વ્યાપ્ત થઈને એનું સંતુલન જળવાઈ રહે, એવાં એક ઉચ્ચ દ્રષ્ટિકોણને ભગવાન શિવે બહાલી આપીને, દરેકમાં આત્મા એજ પરમાત્મા સ્વરૂપે નિવાસ કર્યો.

ભગવાન નંદી સનતકુમારોને આગળ કહે છે કે, વિશ્વને જીવંત રાખવા માટે શિવની અષ્ટમૂર્તિ સ્વરૂપ છે, શિવનાં શર્વ થી મહાદેવ સ્વરૂપ દ્વારા પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ, આકાશ, ક્ષેત્રજ્ઞ, સૂર્ય અને ચંદ્રમાં, અધિષ્ઠિત છે, અને આ રીતે મહેશ્વરનું વિશ્વંભ્રાત્મક સ્વરૂપ ચરાચર વિશ્વને ધારણ કરે છે. આમ અષ્ટ મૂર્તિ રુપે વ્યાપ્ત ભગવાન શિવનું સલીલાત્મક સ્વરૂપ જ સમસ્ત જગતને જીવન પ્રદાન કરે છે, અને પળપળ જીવંત હોવાનો અહેસાસ આપે છે, જે ભવ નામે ઓળખાય છે. જે જગતની બહાર અને અંદર પ્રવર્તમાન છે, અને વિશ્વનું ભરણપોષણ કરે છે, સ્પંદિત થાય છે, એ ઉગ્ર રૂપ ધારી પ્રભુના રૂપને ઉગ્ર કહેવાય છે. સર્વને અવકાશ આપવાવાળું સર્વવ્યાપી આકાશાત્મક રૂપ છે, તેને ભીમ કહે છે, જે ભૂત વૃંદનું ભેદક છે. સમસ્ત આત્માનાં અધિષ્ઠાન ક્ષેત્રમાં નિવાસ કરનારા ભગવાન શિવનાં રૂપને પશુપતિ કહેવાય છે,જે ભવપાશનું છેદક છે. સંપૂર્ણ જગતને પ્રકાશિત કરનારું જે સૂર્ય નામનું રૂપ છે, એને ઈશાન કહે છે, એ દ્યુલોકમાં પણ ભ્રમણ કરે છે. પોતાની અમૃતમય ચાંદનીથી સંપૂર્ણ વિશ્વને આલ્હાદિત કરે છે, એ ચંદ્ર નામનાં શિવનાં રૂપને મહાદેવ કહેવાય છે, શિવનું આ આઠમું સ્વરૂપ જ આત્મા પરમાત્મા છે. આ અષ્ટમૂર્તિ શિવ જ અન્ય મૂર્તિઓની વ્યાપીકા છે, એટલે કે મૂળ છે,એટલા માટે આખું વિશ્વ શિવમય જ છે, એમ કહેવું અન્યથા નથી. જે રીતે વૃક્ષનાં મૂળમાં પાણી રેડવાથી એની શાખાઓ લીલીછમ્મ થઈ જાય છે, એ રીતે શિવનું પૂજન કરવાથી શિવરૂપ વિશ્વ પરિપૃષ્ઠ થઈ જાય છે. પોતાના પુત્ર પૌત્ર વગેરેને પ્રસન્ન જોઈને જેમ પિતા હર્ષિત થાય, એ જ રીતે સમગ્ર વિશ્વને હર્ષિત જોઈને શંકરને આનંદ મળે છે. આપણે જ્યારે અન્ય કોઈને કષ્ટ આપીએ, ત્યારે અષ્ટમૂર્તિ શિવનું જ અનિષ્ટ કર્યું છે, એમ સમજવું. અષ્ટમૂર્તિ દ્વારા સમગ્ર વિશ્વને અધિષ્ઠિત કરીને બિરાજમાન થયેલા ભગવાન શિવને ભક્તિથી ભજવા એ જ દરેકનું સૌથી પહેલું અને શ્રેષ્ઠ કર્મ છે.

ભગવાન નંદીશ્વર સનતકુમારને ભગવાનનાં અર્ધનારીશ્વર સ્વરૂપની કથા કહે છે. સૃષ્ટીનાં આરંભ કાળમાં જ્યારે બ્રહ્મા દ્વારા રચાયેલી એકપણ પ્રજા પરિવાર બનાવી ન શકી, ત્યારે બ્રહ્મા દુઃખી થઈને ફરી તેઓ સૃષ્ટિ સર્જન માટે ભગવાન શિવનાં અનન્ય સ્વરૂપનું ધ્યાન કરવાં લાગ્યાં, અને ત્યારે આકાશવાણી થઈ કે, હે બ્રાહ્મણ! હવે ભગવાન શિવ પાસે નારી કુળનું વરદાન પ્રાપ્ત કરો, અને તો જ સ્નેહ સંબંધનાં સંયોગ કે સુમેળથી સૃષ્ટિનું નિર્માણ શક્ય છે. બ્રહ્માનાં ધ્યાનથી શિવ પ્રસન્ન થયાં, અને કહ્યું કે હે પ્રિય પુત્ર પિતામહ! હું તારી ઉદાસીનું કારણ જાણું છું, અને એટલે જ શિવ પૂર્ણ સચ્ચિદાનંદ કામદા મૂર્તિમાં પ્રવિષ્ટ થયાં, અને અર્ધનારીશ્વર સ્વરૂપે બ્રહ્મા સમક્ષ પ્રગટ થયા. ભગવાન શિવ એ પોતાના માંથી શિવા સ્વરૂપ અલગ કરી, અને કહ્યું દેવી, આપ મારા પુત્રના સૃષ્ટિ સર્જનમાં મદદ કરો. બ્રહ્માજી પરમ શક્તિ સ્વરૂપની વંદના કરતાં કહ્યું કે, હે દેવી જગન્માત! મારા દ્વારા આજ સુધી ઘણી બધી પ્રજાઓની રચના થઈ, પણ નારી કુળ વગર એની વૃદ્ધિ થતી નથી, અને એટલે જ મેં સ્ત્રી પુરુષનાં સહયોગથી ઉત્પન્ન થનાર સૃષ્ટિની વૃદ્ધિનું વિચાર્યું છે, અને મારા આ નિર્માણ કાર્ય માટે આપની કૃપા વાંછિત છું. હું આપને પ્રાર્થનાં કરું છું કે, હે શિવે! કે નારી કુળની સૃષ્ટિ માટે શક્તિ પ્રદાન કરો. હે શિવપ્રિય, ચરાચર જગતની ઉત્પત્તિનું કારણ સમજીને મારી પર કૃપા કરો! અને મારા પુત્ર દક્ષની પુત્રી થાવ. બ્રહ્માની યાચનાનો સ્વીકાર કરીને પરમેશ્વરી એ તથાસ્તુ એવું જ થશે! એમ કહ્યું. શિવા દેવીએ પોતાની ભ્રમરનાં મધ્ય ભાગમાંથી પોતાની સમાન પ્રભાવ વાળી એક શક્તિની રચનાં કરી. ભગવાન શિવે એમને અનુરોધ કર્યો કે હે દેવી, તમે બ્રહ્મા પર પ્રસન્ન થઈ, અને એમના સઘળાં મનોરથ પૂરા કરો! આમ શિવની જેમ જ શિવા પણ અજન્મા હતાં, કારણ કે શિવ શક્તિ અભિન્ન તત્વ છે, પણ બ્રહ્મા પર કૃપા કરવા અથવા તો નારી કુળ વાળી પ્રજાનું સર્જન કરવા એમણે દક્ષને ત્યાં પુત્રી થવાનું સ્વીકાર્યું. પરમ શક્તિ સ્વરૂપ કે અખિલેશ્વરી જગન્માત શિવા દેવીએ બ્રહ્માને અનન્ય અને અનુપમ શક્તિ પ્રદાન કરી, અને ફરી પાછા શિવશંકરનાં શરીરમાં પ્રવિષ્ટ થઈ ગયા! અને આમ નારી કુળ કે સ્ત્રી ભાગની કલ્પના થઈ, અને સ્નેહ મિલનની સૃષ્ટિનું નિર્માણ કાર્ય શરૂ થયું. આમ ભગવાન નંદીશ્વરએ ભગવાન શિવનાં અર્ધનારીશ્વર સ્વરૂપનો મહિમા ગાયો. શિવ પુરાણની વિધવિધ કથાઓ આપણાંમાં શિવની કરુણાનું દર્શન કરાવી રહી છે; અને શિવને પ્રસન્ન કરવાં હોય તો, આપણે પણ એમની કરુણા કે કલ્યાણનાં ભાવને અંતરમાં મોખરે રાખીને અન્ય સંસારિક વ્યવહારો કરવાં જોઈએ. ઘણીવાર એવું થતું હોય કે લખવાં, બોલવાં, કે વાંચવામાં, આપણે કરુણા કે કલ્યાણનો ભાવ સારો લાગે, પણ જ્યારે આચરણની વાત આવે ત્યારે, એટલો અમલ થતો નથી.

# સુરતમાં માતાના ઠપકાથી 13 વર્ષીય કિશોરે જીવન ટૂંકાવ્યું, પુત્રના મોતથી પરિવાર પર આભ તૂટી પડ્યું

**સુરત, તા.01**

સુરત શહેરના રાંદેર વિસ્તારમાં એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. માત્ર 13 વર્ષના કિશોરે માતાના ઠપકાથી માઠું લાગી જતા જીવન ટૂંકાવી લીધું હોવાની ઘટના સામે આવતા સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે. ભાઈ-બહેન ઘરમાં મસ્તી કરતા હોવાથી માતાએ બંનેને ઠપકો આપ્યો હતો. ત્યારબાદ માતા પોતાના જરૂરી દસ્તાવેજોના કામ માટે થોડા સમય માટે ઘરની બહાર ગઈ હતી. આ દરમિયાન કિશોરે ઘરની બહાર સીડીની ગ્રીલ પાસે આત્મહત્યા કરી લીધી હતી. આ કરુણ ઘટના રાંદેર વિસ્તારની ભુવનેશ્વરી સોસાયટીના મકાન નંબર 9માં બની હોવાનું જાણવા મળ્યું છે. આ મકાનમાં નરેશભાઈ પટેલ તેમના પરિવાર સાથે ભાડેથી રહેતા હતા. પરિવારનું ગુજરાન નરેશભાઈ ટેમ્પો ચલાવીને ચલાવતા હતા. તેમના પરિવારમાં પત્ની, પુત્ર અને પુત્રીનો સમાવેશ થાય છે. તેમનો 13 વર્ષીય પુત્ર સુજલ મોરાભાગળ વિસ્તારમાં આવેલી સ્વામિનારાયણ સ્કૂલમાં ધોરણ 8માં અભ્યાસ કરતો હતો. મળતી માહિતી પ્રમાણે, 31 ઓગસ્ટની સાંજે સુજલ અને તેની બહેન ઘરમાં મજાક-મસ્તી કરી રહ્યા હતા. બંને બાળકોની મસ્તી જોઈને માતાએ તેમને ઠપકો આપ્યો હતો અને શાંત રહેવા કહ્યું હતું. માતા દ્વારા આપવામાં આવેલો આ સામાન્ય ઠપકો કિશોરના મનમાં એટલો લાગી ગયો કે તેણે આવું ગંભીર પગલું ભરી લીધું હોવાનું પ્રાથમિક રીતે સામે આવ્યું છે.

ઠપકો આપ્યા બાદ માતા પોતાના પાનકાર્ડ અને આધારકાર્ડ સંબંધિત કામ માટે થોડા સમય માટે ઘરની બહાર ગઈ હતી. બીજી તરફ સુજલની મોટી બહેન પણ સોસાયટીમાં રમવા માટે ગઈ હતી. ઘરમાં કોઈની નજર ન રહેતા કિશોરે પોતાના જીવનનો અંત લાવવાનું પગલું ભર્યું હતું.

માતાનું કામ નજીકમાં જ હોવાથી તેઓ આશરે 15થી 20 મિનિટમાં ઘરે પરત ફર્યા હતા. ઘરે આવ્યા બાદ તેમની નજર સીડીની ગ્રીલ તરફ ગઈ ત્યારે પુત્રને આ સ્થિતિમાં જોઈ તેઓ સ્તબ્ધ થઈ ગયા હતા. માતાની આંખ સામે જ પુત્રની આવી હાલત જોઈ તેઓ ભાંગી પડ્યા હતા અને આક્રંદ કરવા લાગ્યા હતા. પરિવાર માટે



આ ક્ષણ અત્યંત આઘાતજનક બની હતી. માતાના આક્રંદ બાદ આસપાસના લોકો પણ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. સોસાયટીના રહેવાસીઓએ પરિસ્થિતિ જોઈ તાત્કાલિક કિશોરને નીચે ઉતારીને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડ્યો હતો. જોકે હોસ્પિટલ પહોંચ્યા બાદ તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. ત્યારબાદ મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું.

માત્ર 13 વર્ષની ઉંમરે સુજલે આવું અંતિમ પગલું ભરતા પરિવારજનો પર જાણે આભ તૂટી પડ્યું છે. થોડા સમય પહેલાં જ ઘરમાં હસતો-રમતો બાળક અચાનક પરિવારથી દૂર થઈ જતા માતા-પિતા અને બહેનની હાલત અત્યંત કરુણ બની છે. ઘટનાની જાણ થતાં સોસાયટીમાં પણ ગમગીની છવાઈ ગઈ હતી. પડોશીઓ અને પરિવારને ઓળખતા લોકો માટે પણ આ ઘટના અત્યંત આઘાતજનક બની છે. આ ઘટનાએ બાળકો સાથે વાતચીત કરતી વખતે માતા-પિતા અને પરિવારજનો દ્વારા તેમની લાગણીઓને સમજવાની જરૂરિયાત અંગે ફરી એકવાર ગંભીર સવાલ ઊભો કર્યો છે. બાળકોની ઉંમર નાની હોવાથી ઘણી વખત સામાન્ય ઠપકો અથવા નાની વાત પણ તેમના મન પર ઊંડી અસર કરી શકે છે. જોકે કોઈ વ્યક્તિ આવું પગલું શા માટે ભરે છે તેના પાછળ અનેક માનસિક અને વ્યક્તિગત પરિબળો હોઈ શકે છે, તેથી માત્ર એક ઘટનાને એક જ કારણ સાથે જોડીને જોવું યોગ્ય નથી.

આવી ઘટનાઓ બાદ બાળકોના વર્તનમાં અચાનક ફેરફાર જોવા મળે તો માતા-પિતા માટે તેમની સાથે શાંતિથી વાત કરવી અને તેમની સમસ્યાઓ સમજવાનો પ્રયાસ કરવો જરૂરી બને છે. ખાસ કરીને કિશોરાવસ્થામાં બાળકો ભાવનાત્મક રીતે સંવેદનશીલ હોઈ શકે છે. ગુસ્સો, શાળા સંબંધિત તણાવ, પરિવારની પરિસ્થિતિ, મિત્રતા અથવા અન્ય કોઈ બાબત તેમને અંદરથી પરેશાન કરતી હોય તો તેઓ હંમેશા તે અંગે ખુલીને વાત કરે એવું જરૂરી નથી.

સુજલના કિસ્સામાં પરિવારને પણ કદાચ કલ્પના નહીં હોય કે સામાન્ય મસ્તી માટે આપવામાં આવેલો ઠપકો આટલી કરુણ ઘટનામાં ફેરવાઈ જશે. માતા થોડા સમય માટે જરૂરી કામ કરવા ઘરની બહાર ગઈ હતી અને પરત ફરતાં જ તેમને પુત્રને આ સ્થિતિમાં જોવો પડ્યો. આ ઘટના પરિવાર માટે જીવનભરનો આઘાત બની રહે તેવી છે. હાલ પરિવાર શોકમાં ગરકાવ છે અને આસપાસના લોકો પણ પરિવારને સાંત્વના આપી રહ્યા છે. 13 વર્ષના કિશોરના અકાળે થયેલા મોતથી સમગ્ર વિસ્તારમાં દુઃખની લાગણી છે. પોલીસ દ્વારા ઘટનાની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે અને પોસ્ટમોર્ટમ બાદ મૃતદેહ પરિવારને સોંપવાની પ્રક્રિયા કરવામાં આવી છે. આ કરુણ ઘટનાએ એક મહત્વપૂર્ણ સંદેશ પણ આપ્યો છે કે બાળકો સાથે કોઈપણ પરિસ્થિતિમાં વાતચીત કરતી વખતે તેમની ઉંમર અને ભાવનાત્મક સ્થિતિને ધ્યાનમાં લેવી જરૂરી છે.

# PM મોદીના કાર્યક્રમ માટે MS યુનિ.નું ગ્રાઉન્ડ ફાળવતા વિવાદ: સેનેટ સભ્યએ કહ્યું-આ રમતનું મેદાન છે......

## રાજકીય કાર્યક્રમોનું નહીં, Gen-Zને એકત્ર કરી દિલ્હી જેવું આંદોલન કરીશું

**વડોદરા, તા.01**

વડોદરામાં 8 સપ્ટેમ્બરના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યક્રમને લઈ વિવાદ સર્જાયો છે. એમ. એસ. યુનિવર્સિટીના યુનિયન પેવેલિયન (સ્પોર્ટ્સ ગ્રાઉન્ડ) ને રાજકીય કાર્યક્રમો માટે ઉપયોગમાં લેવાની પરવાનગી અપાતાં સેનેટ સભ્યએ આ નિર્ણયનો સખત વિરોધ નોંધાવી સત્તાધીશો સામે ગંભીર સવાલો ઉઠાવવામાં આવ્યા છે. આ સાથે જ વિદ્યાર્થીઓના હિતમાં આ પરવાનગી તાત્કાલિક રદ કરવા માગ કરી છે. જો આ નિર્ણય ન બદલાઈ તો Gen-Zને એકત્ર કરી દિલ્હી જેવું આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી છે. યુનિવર્સિટીના સેનેટ સભ્ય કપિલ જોશીએ કહ્યું કે, આ સત્તા સાથે સાંઠગાંઠ સાધવા માટે યુનિવર્સિટીના કેમ્પસ અને ગ્રાઉન્ડમાં મોટા રાજકીય કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે, જેને સખત શબ્દોમાં વખોડે છે. તેમણે સ્પષ્ટ કર્યું કે, ભૂતકાળમાં સિન્ડિકેટની બેઠકમાં સ્પષ્ટ ઠરાવ પસાર કરાયેલો છે કે યુનિવર્સિટીનું પેવેલિયન માત્ર અને માત્ર રમત-ગમતની પ્રવૃત્તિઓ માટે જ વાપરવામાં આવશે. તેમ છતાં સત્તાધીશોએ કઈ મજબૂરી હેઠળ આ નિયમ વિરુદ્ધ જઈને રાજકીય



કાર્યક્રમ માટે મંજૂરી આપી તે સૌથી મોટો પ્રશ્ન છે.

વધુમાં કહ્યું કે, વડોદરા શહેરમાં નવલખી ગ્રાઉન્ડ, લેપ્રસી ગ્રાઉન્ડ તેમજ મહાનગરપાલિકાના સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ જેવા અનેક મેદાનો ઉપલબ્ધ છે, જ્યાં આવા રાજકીય કાર્યક્રમો યોજી શકાય છે. આગામી દિવસોમાં વિદ્યાર્થીઓની ઈન્ટર-યુનિવર્સિટી સ્પર્ધાઓ આવી રહી છે, ત્યારે મેદાન રોકાઈ જવાથી ખેલાડીઓ ક્યાં પ્રેક્ટિસ કરશે તે ચિંતાનો વિષય બન્યો છે.

ભૂતકાળના કિસ્સા ટાંકી આક્રોશ વ્યક્ત કર્યો કે, વર્ષો પહેલાં યુનિવર્સિટી ગ્રાઉન્ડમાં યોજાયેલા કાર્યક્રમો બાદ ગ્રાઉન્ડમાંથી લોખંડના ખીલ્લા અને કાટમાળ મળ્યા હતા. મહિનાઓ સુધી મેદાનમાંથી ખીલ્લા નીકળતા રહ્યા હતા અને રમત દરમિયાન ખેલાડીઓના પગમાં ઘૂસી જવાથી અનેક વિદ્યાર્થીઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. સત્તાધીશો રાજકીય લાભ ખાતર મહારાજા સયાજીરાવ ગાયકવાડના સપનાઓને ધૂળમાં મેળવી રહ્યા હોવાનો તેમણે આક્ષેપ કર્યો હતો.

અંતમાં કપિલ જોશીએ કહ્યું કે, આ નિર્ણયને તાત્કાલિક ધોરણે રદબાતલ કરવા માટે યુનિવર્સિટીના સત્તાધીશોને લેખિત આવેદનપત્ર સોંપવામાં આવી રહ્યું છે. જો સત્તાધીશો દ્વારા આ નિર્ણય તાકીદે પાછો ખેંચવામાં નહીં આવે, તો યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ અને Gen-Z એકત્ર થઈને દિલ્હી સ્તરનું ઉગ્ર આંદોલન છેડશે, જેની સંપૂર્ણ જવાબદારી યુનિવર્સિટી પ્રશાસનની રહેશે.

# ખાણીપીણીના જાણીતા એકમોમાં ગંદકીનો પર્દાફાશ: 'મહેશ પાઉંભાજી'માં વાસી કઢી પીરસાતાં મનપાએ 3000નો દંડ ફટકાર્યો

**સુરતત, તા.01**

સુરત શહેરમાં ખાણી-પીણીના જાણીતા એકમોમાં સ્વચ્છતાના ધજાગરા ઉડતા હોવાની અને વાસી ખોરાક પીરસાતો હોવાની ફરિયાદો સામે આવતાં શહેરીજનોના આરોગ્ય સામે ગંભીર જોખમ ઊભું થયું છે. અડાજણ હની પાર્ક રોડ પર આવેલી જાણીતી 'મહેશ પાઉંભાજી' રેસ્ટોરન્ટમાં ગ્રાહકને વાસી કઢી અને સડેલી સામગ્રી પીરસવામાં આવતાં સુરત મહાનગરપાલિકાના ફૂડ અને આરોગ્ય વિભાગે તાત્કાલિક દરોડો પાડી સેમ્પલ મેળવીને 3,000નો દંડ ફટકાર્યો હતો. આ તરફ પુણા-કુંભારીયા વિસ્તારમાં આવેલા અત્યંત પ્રખ્યાત 'ગણપતકાકાના વડા' સેન્ટર ખાતે ખુલ્લેઆમ ગંદકી અને માખીઓના ઉપદ્રવ વચ્ચે ખાદ્યસામગ્રી બનતી હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં મનપા તંત્રની મોનિટરિંગ વ્યવસ્થા સામે લોકોમાં ભારે રોષ અને સવાલો ઉઠી રહ્યા છે. અડાજણના હની પાર્ક રોડ સ્થિત 'મહેશ પાઉંભાજી' રેસ્ટોરન્ટમાં એક ગ્રાહકને કશ્મીરી પુલાવ સાથે વાસી કઢી તેમજ સડી



ગયેલી દ્રાક્ષ પીરસવામાં આવી હોવાની ફરિયાદ ઉઠતાં પાલિકા તંત્ર દોડતું થયું હતું. સુરત મહાનગરપાલિકાના આરોગ્ય અને ફૂડ સેફ્ટી વિભાગની સંયુક્ત ટીમે સ્થળ પર સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરી રસોડાની સ્વચ્છતા તેમજ કાચા માલના સ્ટોરેજની તપાસ કરી હતી. ફૂડ વિભાગે શંકાસ્પદ ખાદ્યસામગ્રીના નમૂના એકત્ર કરી પૃથક્કરણ અર્થે પબ્લિક હેલ્થ લેબોરેટરીમાં મોકલી આપ્યા હતા અને સ્થળ પર જોવા મળેલી ગંભીર ક્ષતિઓ બદલ સંચાલક પાસેથી રૂ. 3,000 નો વહીવટી ચાર્જ વસૂલી નિયમોનું પાલન કરવાની કડક તાકીદ કરી હતી.

બીજી તરફ, સુરતીઓમાં ખાસ્સી લોકપ્રિયતા ધરાવતી પુણા-કુંભારીયા સ્થિત 'ગણપતકાકાના વડા' દુકાનનો એક અત્યંત ચોંકાવનારો વીડિયો સામે આવ્યો છે. આ વીડિયોમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે જે સ્થળે વડા તળવામાં અને બનાવવામાં આવી રહ્યા છે ત્યાં અત્યંત અસ્વચ્છ વાતાવરણ છે. કારીગરો પાયાની સ્વચ્છતા કે ગ્લોઝ વિના જ ગંદા હાથે ખાદ્યસામગ્રી બનાવી રહ્યા છે તેમજ ગ્રાહકોના ડાઈનિંગ એરિયા અને ટેબલોની આસપાસ પણ ભારે કાદવ-કીચડ, ગંદકી અને માખીઓનો ઉપદ્રવ નજરે પડી રહ્યો છે. સોશિયલ મીડિયા પર ગંદકીનો વીડિયો મોટા પાયે વાયરલ થયો હોવા છતાં મનપાના આરોગ્ય વિભાગ દ્વારા 'ગણપતકાકાના વડા' સામે ત્વરિત કોઈ સત્તાવાર પગલાં ન લેવાતાં નાગરિકોમાં વહીવટી તંત્રની કામગીરી સામે અસંતોષ ફેલાયો છે. સુરત શહેર ખાનપાન માટે દેશભરમાં જાણીતું છે ત્યારે પ્રખ્યાત આઉટલેટ્સમાં લોકોના સ્વાસ્થ્ય સાથે થતી આવી ઘોર બેદરકારી સામે માત્ર ફરિયાદો થાય ત્યારે જ જાગવાને બદલે પાલિકા નિયમિત રીતે કડક ઈન્સ્પેક્શન કરે અને નિયમભંગ કરનારા તમામ એકમો સામે કડક કાયદેસર કાર્યવાહી કરે તેવી માંગ ઉઠી છે.

# સુરત સિવિલમાં ફરી રેગિંગની ફરિયાદથી ખળભળાટ, ડૉ. હર્ષ પંડ્યાના મોતના 25 દિવસમાં જ નનામી અરજી, એન્ટી-રેગિંગ કમિટીએ તપાસ હાથ ધરી

**સુરત, તા.01**

સુરતની સિવિલ હોસ્પિટલ અને સરકારી મેડિકલ કોલેજમાં રેગિંગનો મુદ્દો ફરી એકવાર ચર્ચાના કેન્દ્રમાં આવ્યો છે. રેગિંગના આરોપો વચ્ચે ડૉ. હર્ષ પંડ્યાના આપઘાતની ઘટનાને હજુ 25 દિવસ પણ પૂર્ણ થયા નથી ત્યાં જ સર્જરી વિભાગમાંથી રેગિંગ અને માનસિક ત્રાસ અંગે નનામી ફરિયાદ સામે આવતા તબીબી તંત્રમાં ખળભળાટ મચી ગયો છે. 27 ઓગસ્ટના રોજ તબીબી અધીક્ષકને બંધ કવરમાં આ અરજી મળી હતી. ફરિયાદમાં સર્જરી વિભાગમાં રેસિડેન્ટ ડોક્ટર સાથે થતી મુશ્કેલીઓ અને કથિત રેગિંગ અંગે રજૂઆત કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે.

ફરિયાદને ગંભીરતાથી લઈને સરકારી મેડિકલ કોલેજના તંત્ર દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી. એન્ટી-રેગિંગ કમિટી તેમજ એન્ટી-રેગિંગ સ્ક્વોડને સક્રિય કરવામાં આવ્યા હતા અને સર્જરી વિભાગના રેસિડેન્ટ ડોક્ટરોની પૂછપરછ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન એક જુનિયર રેસિડેન્ટે અરજી કરી હોવાનું બહાર આવ્યું હતું. ત્યારબાદ સંબંધિત વિદ્યાર્થીની મુશ્કેલીઓ અને ફરિયાદ અંગે વિભાગના પીજી શિક્ષક તથા અન્ય શિક્ષકો સાથે ચર્ચા કરવામાં આવી હતી.

સરકારી મેડિકલ કોલેજના ઈન્ચાર્જ ડીન ડૉ. નિમેશ વર્માના જણાવ્યા પ્રમાણે, 27 ઓગસ્ટે તબીબી અધીક્ષકને એક બંધ કવરમાં નનામી અરજી મળી હતી. તેમાં સર્જરી વિભાગમાં રેગિંગ અને અન્ય પ્રકારની મુશ્કેલીઓ અંગે ફરિયાદ કરવામાં આવી હતી. મામલાને ગંભીરતાથી લઈને વિભાગ પાસેથી ખુલાસો માંગવામાં આવ્યો હતો અને એન્ટી-રેગિંગ કમિટી તથા સ્ક્વોડને પણ સક્રિય કરવામાં આવ્યા હતા.

ડીનના જણાવ્યા અનુસાર, વિભાગના તમામ રેસિડેન્ટની પૂછપરછ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન એક રેસિડેન્ટને કેટલીક તકલીફો હોવાનું સામે આવ્યું



હતું. ત્યારબાદ વિભાગના પીજી શિક્ષક અને અન્ય શિક્ષકો સાથે તેની મુશ્કેલીઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી અને વિદ્યાર્થીની રજૂઆતોનું નિરાકરણ લાવવામાં આવ્યું હોવાનું તંત્રનું કહેવું છે. તંત્રના જણાવ્યા પ્રમાણે, સમગ્ર મામલે પ્રશાસનના અધિકારીઓએ પણ તપાસ હાથ ધરી હતી. સાંજે આશરે 4 વાગ્યાથી મોડી રાત્રે 1 વાગ્યા સુધી આ મામલે તપાસ અને ચર્ચા કરવામાં આવી હતી. પોલીસ અધિકારી તથા મામલતદારની હાજરીમાં રચાયેલી એન્ટી-રેગિંગ કમિટી સમક્ષ વિદ્યાર્થીની સમસ્યાઓ અંગે ચર્ચા કરવામાં આવી અને તેનું નિરાકરણ લાવવામાં આવ્યું હોવાનું ડીન દ્વારા જણાવાયું છે. તંત્રનું કહેવું છે કે વિદ્યાર્થીને જે તકલીફો હતી તે અંગે કમિટી સમક્ષ ચર્ચા થઈ ગઈ છે અને વિદ્યાર્થીની રજૂઆતનું નિરાકરણ લાવવામાં આવ્યું છે. સાથે જ ડીન દ્વારા એવું પણ જણાવાયું છે કે વિદ્યાર્થીઓએ કોઈ મુશ્કેલી હોય તો મામલો ગંભીર સ્વરૂપ ધારણ કરે તે પહેલાં પોતાના શિક્ષકો, વિભાગીય વડા અથવા સંસ્થાના વડાને રૂબરૂ મળીને રજૂઆત કરવી જોઈએ, જેથી સમસ્યાનું શરૂઆતના તબક્કે જ નિરાકરણ લાવી શકાય. જોકે, બીજી તરફ નનામી ફરિયાદ સામે આવતા અનેક સવાલો પણ ઊભા થયા છે. ખાસ કરીને ડૉ. હર્ષ પંડ્યાના આપઘાત બાદ થોડા જ સમયમાં સર્જરી વિભાગમાંથી રેગિંગ અને ત્રાસ અંગે ફરિયાદ આવવી એ સમગ્ર વ્યવસ્થાની કાર્યપદ્ધતિ અંગે ચર્ચા જગાવી રહી છે. જો વિદ્યાર્થીને ખરેખર કોઈ મુશ્કેલી ન હોય અથવા તેને ફરિયાદ કરવાની જરૂર ન જણાતી હોય તો નનામી અરજી કરવાની જરૂર શા માટે પડી તે સવાલ પણ ચર્ચાઈ રહ્યો છે. સૌથી મોટો પ્રશ્ન એ છે કે જો વિદ્યાર્થીઓને પોતાની ફરિયાદ ખુલ્લેઆમ રજૂ કરવાની સંપૂર્ણ સ્વતંત્રતા હોય તો નનામી અરજી કરવાની પરિસ્થિતિ કેમ ઊભી થઈ? શું જુનિયર રેસિડેન્ટ ડોક્ટરોને પોતાના નામ સાથે ફરિયાદ કરતા કોઈ પ્રકારનો ભય રહે છે? શું તેમને સિનિયર અથવા વિભાગીય સ્તરે કોઈ પ્રકારના દબાણનો અનુભવ થાય છે? કે પછી કારકિર્દી અને ભવિષ્યને લઈને કોઈ ચિંતા તેમને ખુલ્લેઆમ બોલતા અટકાવે છે? આ તમામ સવાલોના જવાબ તટસ્થ અને વિશ્વસનીય તપાસથી જ મળી શકે તેમ છે. તંત્ર તરફથી આ સમગ્ર મામલાને મુખ્યત્વે વિદ્યાર્થીની ડ્યૂટી અને વિભાગીય મુશ્કેલીઓ સાથે જોડવામાં આવી રહ્યું હોવાની ચર્ચા છે, પરંતુ ફરિયાદમાં રેગિંગ અને અન્ય ત્રાસનો ઉલ્લેખ હોવાને કારણે મામલો માત્ર ડ્યૂટી ફાળવણી સુધી મર્યાદિત છે કે નહીં તે અંગે પણ સવાલો ઊભા થઈ રહ્યા છે. ફરિયાદમાં કરવામાં આવેલી રજૂઆતોનું ચોક્કસ સ્વરૂપ શું હતું અને વિદ્યાર્થીએ કઈ પરિસ્થિતિ અંગે વાંધો ઉઠાવ્યો હતો તે અંગે પારદર્શક માહિતી સામે આવે તે જરૂરી બની રહ્યું છે.

# ગુજરાત-રાજસ્થાન રેલવે કનેક્ટિવિટીમાં મોટો ફેરફાર, ઉદયપુર-અસારવા વંદે ભારત હવે સુરત સુધી દોડશે, વેપારીઓ અને પ્રવાસીઓને મળશે સીધો ફાયદો

**અમદાવાદ, તા.01**

ગુજરાત અને રાજસ્થાન વચ્ચેની રેલવે કનેક્ટિવિટીને વધુ મજબૂત અને ઝડપી બનાવવાના દિશામાં રેલવે બોર્ડ દ્વારા મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. હાલમાં ઉદયપુર સિટી અને અમદાવાદના અસારવા વચ્ચે દોડતી વંદે ભારત એક્સપ્રેસને હવે દક્ષિણ ગુજરાતના મહત્વના શહેર સુરત સુધી લંબાવવાની સત્તાવાર મંજૂરી આપવામાં આવી છે. આ નિર્ણય બાદ સુરત અને રાજસ્થાન વચ્ચે મુસાફરી કરતા વેપારીઓ, પ્રવાસીઓ તેમજ શ્રદ્ધાળુઓ માટે સીધી અને ઝડપી સેમી-હાઈસ્પીડ ટ્રેન સેવા ઉપલબ્ધ થવાનો માર્ગ મોકળો થયો છે. સુરતને દેશના મહત્વપૂર્ણ ટેક્સટાઈલ અને ડાયમંડ હબ તરીકે ઓળખવામાં આવે છે. મોટી સંખ્યામાં વેપારીઓ અને ઉદ્યોગ સાથે જોડાયેલા લોકોનું રાજસ્થાનના ઉદયપુર સહિતના શહેરો સાથે સતત આવાગમન રહે છે. બીજી તરફ ઉદયપુર અને આસપાસનો વિસ્તાર પ્રવાસન તેમજ ધાર્મિક દૃષ્ટિએ પણ મહત્વ ધરાવે છે. શ્રીનાથદ્વારા, ઉદયપુર અને રાજસ્થાનના અન્ય પ્રવાસન સ્થળોએ ગુજરાતમાંથી મોટી સંખ્યામાં લોકો જાય છે. વંદે ભારતને સુરત સુધી લંબાવવાથી આવા મુસાફરોને સીધી ટ્રેનની સુવિધા મળવાની શક્યતા છે.

હાલમાં ઉદયપુર સિટીથી અમદાવાદના અસારવા વચ્ચે ચાલતી વંદે ભારત એક્સપ્રેસને સુરત સુધી લંબાવવાની યોજના ઘણા સમયથી ચર્ચામાં હતી. હવે રેલવે બોર્ડ દ્વારા તેને સૈદ્ધાંતિક મંજૂરી મળતા આ સેવા શરૂ થવાની દિશામાં મહત્વનું પગલું ભરાયું છે. જોકે, નવી સેવા માટે ચોક્કસ શરૂઆતની તારીખ અંગે હજુ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. પશ્ચિમ રેલવે દ્વારા જરૂરી કામગીરી પૂર્ણ થયા બાદ અંતિમ તારીખ જાહેર કરવામાં આવશે.

રેલવે બોર્ડના આયોજન પ્રમાણે નવી વ્યવસ્થા હેઠળ આ વંદે ભારત એક્સપ્રેસ મંગળવાર સિવાય અઠવાડિયામાં છ દિવસ દોડશે. એટલે કે મુસાફરોને અઠવાડિયાના મોટાભાગના દિવસોમાં સુરતથી ઉદયપુર અને ઉદયપુરથી સુરત વચ્ચે સીધી સેમી-હાઈસ્પીડ ટ્રેનનો વિકલ્પ મળી રહેશે. હાલના રૂટમાં સુરતનો સમાવેશ થતાં દક્ષિણ ગુજરાતના મુસાફરોને અમદાવાદ જઈને ટ્રેન બદલવાની જરૂરિયાતમાં ઘટાડો થઈ શકે છે.

પ્રસ્તાવિત સમયપત્રક પ્રમાણે સુરતથી ઉદયપુર જતી ટ્રેન સવારે 6.10 કલાકે સુરતથી રવાના થશે અને બપોરે 1.40 કલાકે ઉદયપુર સિટી પહોંચશે. એટલે કે મુસાફરોને આશરે સાડા સાત કલાકમાં સુરતથી ઉદયપુર પહોંચવાની સુવિધા મળશે. વહેલી સવારે ટ્રેન ઉપડતી હોવાથી વેપારીઓ અને પ્રવાસીઓ



બંને માટે દિવસનો મોટો હિસ્સો પોતાના કામ અથવા પ્રવાસ માટે ઉપયોગમાં લઈ શકાય તેવી વ્યવસ્થા બનશે.

બીજી તરફ ઉદયપુરથી સુરત તરફ આવતી વંદે ભારત બપોરે 3.35 કલાકે ઉદયપુર સિટીથી રવાના થશે અને રાત્રે 11 વાગ્યે સુરત પહોંચશે. આ સમયને કારણે રાજસ્થાનમાં દિવસ દરમિયાન પોતાનું કામ અથવા પ્રવાસ પૂર્ણ કરીને સાંજે ટ્રેન મારફતે સુરત પરત ફરવાની સુવિધા મુસાફરોને મળી શકે છે. સુરત અને ઉદયપુર વચ્ચે સીધી વંદે ભારત સેવા શરૂ થવાથી સૌથી મોટો લાભ દક્ષિણ ગુજરાતના મુસાફરોને થઈ શકે છે. સુરત, નવસારી, વલસાડ અને આસપાસના વિસ્તારોમાંથી રાજસ્થાન તરફ જતા લોકો માટે અમદાવાદ સુધી જઈને ટ્રેન પકડવાની જરૂરિયાત ઘટી શકે છે. આ ઉપરાંત રાજસ્થાનથી સુરત આવનારા મુસાફરો માટે પણ મુસાફરી વધુ સરળ બની શકે છે.

સુરતનો વેપાર અને ઉદ્યોગ સાથે રાજસ્થાનના અનેક શહેરો સાથે લાંબા સમયથી સંબંધ છે. ટેક્સટાઈલ, ડાયમંડ અને અન્ય વ્યવસાય સાથે સંકળાયેલા લોકો માટે ઝડપી રેલવે કનેક્ટિવિટી મહત્વપૂર્ણ છે. વંદે ભારત જેવી ઝડપી ટ્રેન સેવા ઉપલબ્ધ થવાથી વેપારીઓ માટે બિઝનેસ ટ્રાવેલ વધુ અનુકૂળ બની શકે છે. ખાસ કરીને એવા મુસાફરો માટે જેઓ ટૂંકા સમય માટે રાજસ્થાન અથવા સુરતની મુલાકાત લેતા હોય તેમના માટે આ સેવા ઉપયોગી બની શકે છે. પ્રવાસન ક્ષેત્ર માટે પણ આ રૂટને મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે. ઉદયપુરને તળાવોનું શહેર અને રાજસ્થાનના મુખ્ય પ્રવાસન કેન્દ્રોમાંનું એક માનવામાં આવે છે. ઉદયપુરની સાથે શ્રીનાથદ્વારા સહિત આસપાસના ધાર્મિક અને પ્રવાસન સ્થળોએ પણ ગુજરાતમાંથી મોટી સંખ્યામાં લોકો જાય છે. સુરત જેવા મોટા શહેર સાથે સીધી વંદે ભારત કનેક્ટિવિટી મળવાથી રાજસ્થાનના આ પ્રવાસન સ્થળો સુધી પહોંચવું વધુ સરળ બની શકે છે. શ્રદ્ધાળુઓ માટે પણ આ ટ્રેન સેવા મહત્વપૂર્ણ બની શકે છે. ગુજરાત અને રાજસ્થાન વચ્ચે ધાર્મિક સ્થળોને લઈને સતત આવાગમન રહે છે. ઝડપી ટ્રેન સેવા મળવાથી પરિવાર સાથે પ્રવાસ કરતા મુસાફરો માટે મુસાફરીનો સમય ઓછો થઈ શકે છે અને પ્રવાસનું આયોજન સરળ બની શકે છે. વંદે ભારત એક્સપ્રેસને સુરત સુધી લંબાવવાનો નિર્ણય માત્ર મુસાફરોની સુવિધા પૂરતો મર્યાદિત નથી. રેલવે કનેક્ટિવિટી વધવાથી બંને રાજ્યો વચ્ચે વેપાર, પ્રવાસન અને સામાજિક સંપર્કને પણ પ્રોત્સાહન મળી શકે છે. સુરત જેવા ઔદ્યોગિક શહેર અને ઉદયપુર જેવા પ્રવાસન કેન્દ્ર વચ્ચે ઝડપી રેલવે જોડાણ બંને વિસ્તારો માટે આર્થિક રીતે પણ ઉપયોગી બની શકે છે. હાલમાં આ રૂટના મુસાફરો માટે અમદાવાદ એક મહત્વપૂર્ણ કનેક્ટિંગ પોઈન્ટ છે. સુરત સુધી સીધી સેવા શરૂ થયા બાદ દક્ષિણ ગુજરાતના મુસાફરો માટે કનેક્ટિવિટી વધુ સરળ બનશે. ખાસ કરીને વરિષ્ઠ નાગરિકો, પરિવારો અને સામાન સાથે મુસાફરી કરતા લોકો માટે ટ્રેન બદલવાની જરૂરિયાત ઘટે તો પ્રવાસનો અનુભવ વધુ સુવિધાજનક બની શકે છે.

રેલવે બોર્ડ દ્વારા સુરત સુધી રૂટ લંબાવવાની સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે, પરંતુ નવી વ્યવસ્થા વાસ્તવમાં કઈ તારીખથી શરૂ થશે તે અંગે હજુ અંતિમ જાહેરાત બાકી છે. પશ્ચિમ રેલવે દ્વારા સમયપત્રક, ઓપરેશનલ વ્યવસ્થા અને અન્ય જરૂરી પ્રક્રિયાઓ પૂર્ણ કર્યા બાદ સત્તાવાર તારીખ જાહેર કરવામાં આવશે. તેથી મુસાફરોએ ટિકિટ બુકિંગ અથવા પ્રવાસનું આયોજન કરતા પહેલાં રેલવેની અંતિમ જાહેરાતની રાહ જોવી પડશે.

નવી સેવા શરૂ થયા બાદ સુરત-ઉદયપુર વચ્ચેના મુસાફરો માટે મુસાફરીનો એક ઝડપી વિકલ્પ ઉપલબ્ધ થશે. વંદે ભારત એક્સપ્રેસની સેમી-હાઈસ્પીડ સેવા અને પ્રસ્તાવિત સમયપત્રકને જોતા સુરતથી રાજસ્થાન જવા માંગતા લોકોમાં આ ટ્રેન લોકપ્રિય બની શકે તેવી શક્યતા છે.

આ નિર્ણયને દક્ષિણ ગુજરાત અને રાજસ્થાન વચ્ચેની કનેક્ટિવિટી વધારવાના દિશામાં મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે. એક તરફ સુરતના વેપારીઓ અને ઉદ્યોગકારોને રાજસ્થાન સાથે સીધી ઝડપી રેલવે સેવા મળશે, તો બીજી તરફ રાજસ્થાનના પ્રવાસન અને ધાર્મિક સ્થળો સુધી દક્ષિણ ગુજરાતના પ્રવાસીઓની પહોંચ વધુ સરળ બનશે.

હવે મુસાફરોની નજર પશ્ચિમ રેલવેની સત્તાવાર જાહેરાત પર છે. ટ્રેન કઈ ચોક્કસ તારીખથી સુરતથી શરૂ થશે, અંતિમ સમયપત્રકમાં કોઈ ફેરફાર થશે કે નહીં અને કયા સ્ટેશનો પર તેનો સ્ટોપ રહેશે તે અંગેની વિગતો સત્તાવાર રીતે જાહેર થયા બાદ જ સ્પષ્ટ થશે. જોકે રેલવે બોર્ડની મંજૂરી બાદ સુરતથી ઉદયપુર વચ્ચે સીધી વંદે ભારત સેવા શરૂ થવાનો માર્ગ હવે સ્પષ્ટ રીતે ખુલ્યો છે. સુરતનો વેપાર અને ઉદ્યોગ સાથે રાજસ્થાનના અનેક શહેરો સાથે લાંબા સમયથી સંબંધ છે. ટેક્સટાઈલ, ડાયમંડ અને અન્ય વ્યવસાય સાથે સંકળાયેલા લોકો માટે ઝડપી રેલવે કનેક્ટિવિટી મહત્વપૂર્ણ છે. વંદે ભારત જેવી ઝડપી ટ્રેન સેવા ઉપલબ્ધ થવાથી વેપારીઓ માટે બિઝનેસ ટ્રાવેલ વધુ અનુકૂળ બની શકે છે. ખાસ કરીને એવા મુસાફરો માટે જેઓ ટૂંકા સમય માટે રાજસ્થાન અથવા સુરતની મુલાકાત લેતા હોય તેમના માટે આ સેવા ઉપયોગી બની શકે છે. શ્રીનાથદ્વારા, ઉદયપુર અને રાજસ્થાનના અન્ય પ્રવાસન સ્થળોએ ગુજરાતમાંથી મોટી સંખ્યામાં લોકો જાય છે. વંદે ભારતને સુરત સુધી લંબાવવાથી આવા મુસાફરોને સીધી ટ્રેનની સુવિધા મળવાની શક્યતા છે.

હાલમાં ઉદયપુર સિટીથી અમદાવાદના અસારવા વચ્ચે ચાલતી વંદે ભારત એક્સપ્રેસને સુરત સુધી લંબાવવાની યોજના ઘણા સમયથી ચર્ચામાં હતી. હવે રેલવે બોર્ડ દ્વારા તેને સૈદ્ધાંતિક મંજૂરી મળતા આ સેવા શરૂ થવાની દિશામાં મહત્વનું પગલું ભરાયું છે. જોકે, નવી સેવા માટે ચોક્કસ શરૂઆતની તારીખ અંગે હજુ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી.

# IPL 2027માં ધોનીના ભવિષ્ય પર સસ્પેન્સ યથાવત, CSKમાં ખેલાડી તરીકે રમશે કે મેન્ટોર બનશે?

**નવી દિલ્હી, તા.01**

મહેન્દ્ર સિંહ ધોનીના આઈપીએલ ભવિષ્યને લઈને ફરી એકવાર ચર્ચાએ જોર પકડ્યું છે. ઈન્ડિયન પ્રીમિયર લીગની આગામી સિઝન એટલે કે IPL 2027માં ધોની ચેન્નઈ સુપર કિંગ્સ (CSK) માટે ખેલાડી તરીકે મેદાન પર ઉતરશે કે નહીં, તે અંગે હાલ સ્થિતિ સંપૂર્ણપણે સ્પષ્ટ નથી. ધોનીના કરોડો ચાહકો તેમની આગામી ભૂમિકા જાણવા માટે આતુર છે, પરંતુ CSK તરફથી હજુ સુધી કોઈ અંતિમ નિર્ણય સામે આવ્યો નથી. ફ્રેન્ચાઈઝીના CEO કાશી વિશ્વનાથને ધોનીના ભવિષ્ય અંગે વાત કરતાં સ્પષ્ટ સંકેત આપ્યો છે કે હજુ તમામ વિકલ્પો ખુલ્લા છે અને ધોનીએ ખેલાડી તરીકે રમવાની ના પાડી નથી.

કાશી વિશ્વનાથનના નિવેદન બાદ ધોની IPL 2027માં રમશે તેવી આશા ફરી જીવંત થઈ છે. જોકે, બીજી તરફ ફ્રેન્ચાઈઝી સાથે જોડાયેલા સૂત્રોના અહેવાલો પ્રમાણે આગામી સિઝનમાં 45 વર્ષીય ધોનીનું ખેલાડી તરીકે મેદાન પર ઉતરવું મુશ્કેલ દેખાઈ રહ્યું છે. ધોનીની ઉંમર હવે તેમના માટે સૌથી મોટો પડકાર બની રહી છે. ક્રિકેટના સૌથી મુશ્કેલ અને લાંબા ટૂર્નામેન્ટમાંથી એક એવા IPLમાં આખી સિઝન માટે જરૂરી ફિટનેસ જાળવી રાખવી અને મેચ માટે સતત તૈયાર રહેવું તેમની માટે પહેલાં કરતાં વધુ મુશ્કેલ બની શકે છે. ધોનીના ભવિષ્ય અંગે સૌથી મોટી ચિંતા તેમની ફિટનેસને લઈને છે. ખાસ કરીને ઘૂંટણની સમસ્યા તેમના માટે લાંબા સમયથી પડકારરૂપ રહી છે. ધોની પોતાની શાનદાર ફિટનેસ અને મુશ્કેલ પરિસ્થિતિમાં પણ શાંત રહીને રમવાની ક્ષમતા માટે જાણીતા રહ્યા છે, પરંતુ વધતી ઉંમર સાથે શરીર પર પડતો ભાર સ્વાભાવિક રીતે વધે છે. IPL જેવી સ્પર્ધાત્મક લીગમાં માત્ર એકાદ મેચ રમવી પૂરતી નથી, પરંતુ સમગ્ર સિઝન દરમિયાન ટ્રેનિંગ, પ્રેક્ટિસ, મુસાફરી અને સતત મેચોના દબાણને સહન કરવાની જરૂર પડે છે. આ જ કારણસર CSK અને ધોની બંને માટે IPL 2027નો નિર્ણય સરળ નહીં હોય.




IPL 2026 દરમિયાન પણ ધોની મેદાન પર એક પણ મેચ રમી શક્યા નહોતા. જોકે, તેમની હાજરી CSKના કેમ્પમાં સતત જોવા મળી હતી. તેઓ ડગઆઉટમાં બેસીને ટીમના ખેલાડીઓને માર્ગદર્શન આપતા અને જરૂરી સમયે પોતાની ક્રિકેટિંગ સમજ ટીમ સાથે શેર કરતા જોવા મળ્યા હતા. ધોનીનું અનુભવ અને મેચની પરિસ્થિતિને સમજવાની તેમની ક્ષમતા CSK માટે આજે પણ એટલી જ મહત્વપૂર્ણ છે. આ કારણે જો તેઓ ખેલાડી તરીકે IPL 2027માં ભાગ ન લે તો પણ ટીમ સાથે તેમની ભૂમિકા પૂરી રીતે સમાપ્ત થઈ જશે એવું માનવું યોગ્ય નથી. ધોની આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ ચૂક્યા છે અને ઘરેલુ ક્રિકેટમાં પણ સક્રિય નથી. પરિણામે IPL શરૂ થાય તે પહેલાં તેમને નિયમિત સ્પર્ધાત્મક મેચ પ્રેક્ટિસ મળતી નથી. એક વિકેટકીપર-બેટર તરીકે સતત મેચ ફિટનેસ જાળવી રાખવી ખાસ મહત્વની હોય છે. લાંબા સમય સુધી સ્પર્ધાત્મક ક્રિકેટથી દૂર રહ્યા બાદ સીધા IPL જેવી મોટી લીગમાં રમવા માટે જરૂરી લય અને ફિટનેસ મેળવવી એક મોટો પડકાર બની શકે છે. ધોનીની ફિટનેસ અને તેઓ પોતે આગામી સિઝન માટે કેટલા તૈયાર અનુભવે છે, તે અંતિમ નિર્ણયમાં મહત્વની ભૂમિકા ભજવશે. જો ધોની IPL 2027માં ખેલાડી તરીકે નહીં રમે તો CSK સાથે તેમની નવી ભૂમિકા અંગે પણ ચર્ચા શરૂ થઈ શકે છે. ફ્રેન્ચાઈઝી તેમને મેન્ટોર અથવા સલાહકાર તરીકે ટીમ સાથે જોડાયેલા રાખી શકે છે. ધોનીએ ભારતીય ક્રિકેટ ટીમ અને CSK સાથે લાંબા સમય સુધી કામ કરીને જે અનુભવ મેળવ્યો છે, તે કોઈપણ ટીમ માટે અમૂલ્ય છે. ખાસ કરીને યુવા ખેલાડીઓને દબાણની સ્થિતિમાં કેવી રીતે રમવું, મેચને કેવી રીતે વાંચવી અને નિર્ણાયક ક્ષણોમાં શાંત કેવી રીતે રહેવું તે અંગે ધોનીનું માર્ગદર્શન ખૂબ ઉપયોગી બની શકે છે. તેથી ખેલાડી તરીકે તેમની કારકિર્દીનો અંત આવે તો પણ CSK સાથેનો તેમનો સંબંધ નવી ભૂમિકામાં આગળ વધી શકે છે.

દરમિયાન CSK માટે ધોનીનું ભવિષ્ય એકમાત્ર મોટો પ્રશ્ન નથી. ટીમ સામે નવા હેડ કોચની પસંદગી પણ મહત્વનો પડકાર બની છે. સ્ટીફન ફ્લેમિંગ અને CSKએ જુલાઈ 2026માં પરસ્પર સંમતિથી અલગ થવાનો નિર્ણય લીધો હતો. આ નિર્ણય સાથે ફ્લેમિંગ અને CSKનો લગભગ 18 વર્ષ લાંબો સંબંધ પણ પૂર્ણ થયો. ફ્લેમિંગ 2009થી ટીમ સાથે કોચ તરીકે જોડાયેલા હતા અને તેમના કાર્યકાળ દરમિયાન CSKએ પાંચ IPL ટ્રોફી જીતી હતી. આટલા લાંબા સમય સુધી ટીમને સફળતાપૂર્વક સંભાળનાર કોચના સ્થાને નવા કોચની પસંદગી કરવી CSK માટે સરળ કામ નહીં હોય.

ફ્લેમિંગની વિદાય બાદ હવે નવા હેડ કોચ માટે અનેક નામોની ચર્ચા થઈ રહી છે, પરંતુ ભારતના પૂર્વ ક્રિકેટર હેમંગ બદનાનીનું નામ આ રેસમાં આગળ હોવાનું કહેવાઈ રહ્યું છે. CSKની ટીમ મેનેજમેન્ટ માટે નવા કોચની પસંદગી માત્ર એક વ્યક્તિ પસંદ કરવાનો નિર્ણય નહીં હોય, પરંતુ ટીમના આગામી તબક્કાની દિશા નક્કી કરનાર મહત્વપૂર્ણ નિર્ણય હશે. ફ્લેમિંગના યુગ બાદ CSK કઈ પ્રકારની ક્રિકેટ રમવા માંગે છે અને ટીમમાં યુવા ખેલાડીઓને કેવી રીતે વિકસાવવામાં આવશે, તે બાબતો નવા કોચની નિમણૂક સાથે જોડાયેલી રહેશે. આ સમગ્ર ચર્ચા વચ્ચે ધોનીની કથિત 25 ટકા હિસ્સેદારીને લઈને પણ છેલ્લા કેટલાક દિવસોથી અહેવાલો સામે આવ્યા હતા. સોશિયલ મીડિયા અને કેટલાક મીડિયા રિપોર્ટ્સમાં એવો દાવો કરવામાં આવ્યો હતો કે ધોનીએ CSKમાં 25 ટકા હિસ્સેદારીની માંગ કરી છે. જોકે, CSKના CEO કાશી વિશ્વનાથને આ અહેવાલોને સંપૂર્ણપણે પાયાવિહોણા ગણાવીને ફગાવી દીધા છે. તેમણે સ્પષ્ટ કર્યું છે કે ધોની અને ફ્રેન્ચાઈઝી વચ્ચે હિસ્સેદારીને લઈને કોઈ વિવાદ નથી. આ નિવેદન બાદ ધોની અને CSK વચ્ચે માલિકી હિસ્સાને લઈને કોઈ મોટો મતભેદ ચાલી રહ્યો હોવાની અટકળો પર પણ પૂર્ણવિરામ મુકાયું છે.

# હાર્દિક પંડ્યા ફરી ઈજાગ્રસ્ત: ટીમ ઈન્ડિયામાં કમબેક પર બ્રેક, અફઘાનિસ્તાન સીરિઝમાંથી બહાર થવાનો ખતરો!

**નવી દિલ્હી, તા.01**

ભારતીય ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યાની આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં વાપસીની રાહ જોઈ રહેલા ક્રિકેટ ફેન્સ માટે માઠા સમાચાર સામે આવ્યા છે. બેંગલુરુ સ્થિત BCCI ના સેન્ટર ઓફ એક્સિલન્સ (CoE) ખાતે ટ્રેનિંગ દરમિયાન હાર્દિક પંડ્યાના પગમાંઈજા પહોંચી છે. પૂરી તીવ્રતા સાથે બોલિંગ અને ફિટનેસ પર કામ કરી રહેલા હાર્દિકને આ તકલીફ સામે આવ્યા બાદ તબીબી ટીમ દ્વારા હાલ પૂરતી બોલિંગ અટકાવી દેવાની સલાહ આપવામાં આવી છે. ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે 13 સપ્ટેમ્બરથી દિલ્હી ખાતે 3 મેચોની T20I સિરીઝ શરૂ થઈ રહી છે. આ સિરીઝ માટે આ અઠવાડિયે જ ભારતીય ટીમની પસંદગી થવાની શક્યતા છે. જોકે, નવી ઈજાના કારણે હાર્દિક સિરીઝની શરૂઆત પહેલાં જરૂરી ફિટનેસ લેવલ પ્રાપ્ત કરી શકશે કે કેમ તે અંગે મોટુ






સસ્પેન્સ ઊભુ થયુ છે. CoE ની મેડિકલ ટીમ તરફથી સંપૂર્ણ 'ઓલ-ક્લિયર' મળ્યા બાદ જ સેલેક્ટર્સ તેના નામ પર વિચારણા કરશે. હાર્દિક પંડ્યાએ 24 મેના રોજ IPL માં મુંબઈ ઈન્ડિયન્સ તરફથી પોતાની આખરી મેચ રમી હતી. ત્યારબાદ તે સ્પર્ધાત્મક ક્રિકેટથી દૂર રહ્યો છે. ભારત માટે તેણે આખરી મેચ 8 માર્ચે T20 વર્લ્ડ કપ ફાઈનલમાં રમી હતી. આ અગાઉ ક્વાડ્રિસેપ્સમાં ખેંચાણને કારણે તે અફઘાનિસ્તાન સામેની વન-ડે સિરીઝ તેમજ આયર્લેન્ડ અને ઈંગ્લેન્ડ પ્રવાસમાંથી બહાર થઈ ગયો હતો. હવે આ નવી ઈજાના કારણે તેની ઈન્ટરનેશનલ ક્રિકેટથી અંતર વધુ ખેંચાઈ શકે છે. અફઘાનિસ્તાન સિરીઝ પહેલાં ભારતીય ટીમ માટે કેટલાક રાહતના સમાચાર પણ છે. ઓલરાઉન્ડર નીતીશ કુમાર રેડ્ડી અને વોશિંગ્ટન સુંદર ઝડપથી રિકવર થઈ રહ્યા છે અને તેઓ સિરીઝ માટે ઉપલબ્ધ રહે તેવી પૂરી શક્યતા છે.

# અજિત અગરકરની થશે હકાલપટ્ટી? BCCIની બેઠક પર સૌની નજર, રોહિત વિવાદ નડ્યો!

**નવી દિલ્હી, તા.01**

ભારતીય ક્રિકેટ ટીમના ચીફ સિલેક્ટર અજીત અગરકરના ભવિષ્યને લઈને ટૂંક સમયમાં સ્થિતિ સ્પષ્ટ થઈ શકે છે. અગરકરનો વર્તમાન કાર્યકાળ સપ્ટેમ્બર 2026માં પૂર્ણ થઈ રહ્યો છે. આ જ કારણસર ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ(BCCI) ટૂંક સમયમાં તેમની સાથે એક ખાસ બેઠક યોજવા જઈ રહ્યું છે. આ બેઠકમાં તેમના આગળના કાર્યકાળને લઈને આખરી નિર્ણય લેવામાં આવશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, બોર્ડ હાલમાં અગરકરને એક્સ્ટેન્શન આપવાના પક્ષમાં નજરે પડી રહ્યું છે, પરંતુ આખરી નિર્ણય બંને પક્ષો વચ્ચેની વાતચીત બાદ લેવાશે.




અગરકરનો કાર્યકાળ છેલ્લા કેટલાક સમયથી સમીક્ષા હેઠળ રહ્યો છે. ઈંગ્લેન્ડ પ્રવાસ દરમિયાન રોહિત શર્માને વન-ડે ફોર્મેટથી દૂર રાખવાની બાબતે BCCI અને સિલેક્શન કમિટી વચ્ચે મતભેદ સામે આવ્યા હતા. આ મુદ્દાને કારણે અગરકરની સ્થિતિ પર સવાલો ઊભા થયા હતા. જોકે, બોર્ડ હાલમાં તેમને પદ પરથી હટાવવા માટે સંપૂર્ણપણે તૈયાર નથી. 2027ના વન-ડે વર્લ્ડ કપમાં હવે આશરે 1 વર્ષ જેટલો જ સમય બાકી છે, તેથી ટીમની પસંદગીમાં સાતત્ય અને સ્થિરતા જાળવી રાખવા માટે અગરકરને જવાબદારી ચાલુ રાખવા કહેવામાં આવી શકે છે.

અજીત અગરકર 2023માં ચીફ સિલેક્ટર બન્યા હતા અને ગયા વર્ષે બોર્ડે તેમનો કાર્યકાળ 1 વર્ષ માટે લંબાવ્યો હતો. તેમના કાર્યકાળ દરમિયાન ભારતીય ક્રિકેટમાં એક મોટી પેઢીગત ફેરબદલ જોવા મળી છે. રોહિત શર્મા, વિરાટ કોહલી અને રવીન્દ્ર જાડેજા જેવા દિગ્ગજોએ T20Iમાંથી નિવૃત્તિ લીધી, જ્યારે ટેસ્ટ ફોર્મેટમાંથી પણ કેટલાક દિગ્ગજ ખેલાડીઓ દૂર થયા. T20Iમાં સુકાનીપદ સૂર્યકુમાર યાદવ અને ત્યારબાદ શ્રેયસ અય્યરને સોંપવામાં આવ્યું, જ્યારે વન-ડે અને ટેસ્ટમાં શુભમન ગિલને ભવિષ્યના કેપ્ટન તરીકે તૈયાર કરવામાં આવ્યા છે.

અગરકરના નેતૃત્વ હેઠળ ભારતીય ટીમે T20 વર્લ્ડ કપ અને ચેમ્પિયન્સ ટ્રોફીનો ખિતાબ જીત્યો છે, જ્યારે 2023ના વન-ડે વર્લ્ડ કપમાં પણ ભારતીય ટીમ ફાઈનલ સુધી પહોંચી હતી. અગરકરના આ સફળ રેકોર્ડને ધ્યાનમાં રાખીને બોર્ડ તેમને 2027 વન-ડે વર્લ્ડ કપ સુધી સિલેક્શન પ્રોસેસનો હિસ્સો બનાવી રાખવા વિચારી રહ્યું છે. આગામી બેઠકમાં અગરકર પોતે આગળ કામ કરવા તૈયાર છે કે નહીં તે પણ એક મહત્ત્વપૂર્ણ પાસું રહેશે.

# બાદશાહના બીજા લગ્ન પણ તૂટ્યા: લગ્નના માત્ર 5 મહિનામાં છૂટાછેડાની જાહેરાત, ઈશા રીખીએ શેર કરી ભાવુક પોસ્ટ

**મુંબઈ, તા.01**

પ્રસિદ્ધ રેપર બાદશાહ અને પંજાબી એક્ટ્રેસ ઈશા રીખીના લગ્નજીવનને લઈને છેલ્લા કેટલાક અઠવાડિયાથી ચાલી રહેલી અટકળો પર હવે વિરામ મુકાઈ ગયો છે. લગ્નના માત્ર પાંચ મહિના બાદ જ આ કપલે અલગ થવાનો નિર્ણય લીધો છે. સોમવારે રાત્રે બંનેએ પોતપોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એકસરખુ સ્ટેટમેન્ટ પોસ્ટ શેર કરીને પોતાના છૂટાછેડાની જાહેરાત કરી હતી.



બાદશાહે ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર પોસ્ટ શેર કરીને ઈશા રીખીથી અલગ થવાની જાહેરાત કરતા જણાવ્યું હતું કે, આ નિર્ણય બંનેએ પરસ્પર સંમતિથી લીધો છે. તેમણે ચાહકો અને મીડિયાને આ મુશ્કેલ સમયમાં તેમની પ્રાઈવેસીનું સન્માન કરવાની વિનંતી કરી છે. બાદશાહે પોતાની પોસ્ટમાં લખ્યું, 'મેં અને ઈશા રીખીએ પરસ્પર સંમતિથી અલગ થવાનો અને પોતપોતાના રસ્તે આગળ વધવાનો નિર્ણય લીધો છે. આ નિર્ણય પરસ્પર આદર સાથે લેવામાં આવ્યો છે. આ મુદ્દે અમારું આ એકમાત્ર નિવેદન રહેશે, તેથી આગળ કોઈ અટકળો ન લગાવવા વિનંતી છે.'

આ કપલના સંબંધોમાં ખટાસ આવી હોવાની અફવાઓ જુલાઈ મહિનાથી જ સોશિયલ મીડિયા પર શરૂ થઈ ગઈ હતી. તે સમયે ઈશાએ બાદશાહ સાથેના ખાસ પળોનો એક વીડિયો મોન્ટાજ શેર કરીને એક ક્રિપ્ટિક કેપ્શન લખ્યું હતું. તેણે લખ્યું હતું કે, 'દરેક તોફાન એક પાઠ છે અને દરેક પ્રાર્થના એક આશા છે.' આ સાથે તેણે બ્રોકન હાર્ટ અને નમસ્તેના ઈમોજી પણ મુક્યા હતા, જે બાદ જ ફેન્સ વચ્ચે તેમના સંબંધોમાં તિરાડ પડી હોવાની ચર્ચા જાગી હતી.

બાદશાહ અને ઈશા રીખીએ ખૂબ જ ગુપ્ત રીતે લગ્ન કર્યા હતા. માર્ચ મહિનામાં તેમના લગ્નની ખબરો સામે આવી હતી, જ્યારે ઈશાની માતાએ તેમના લગ્નની તસવીરો શેર કરી હતી. આ બંને લગ્ન પહેલા લગભગ ચાર વર્ષ સુધી એકબીજાને ડેટ કરી રહ્યા હતા અને ઈશાએ જૂન મહિનામાં ઈન્સ્ટાગ્રામ પર આ વાત કન્ફર્મ કરી હતી. ઉલ્લેખનીય છે કે, ઈશા સાથે બાદશાહના આ બીજા લગ્ન હતા. આ પહેલાં તેણે જાસ્મિન મસીહ સાથે લગ્ન કર્યા હતા, જેનાથી તેને જેસીમી ગ્રેસ મસીહ સિંહ નામની એક પુત્રી છે. વર્ષ 2020માં તેના પહેલા છૂટાછેડા ફાઈનલ થયા હતા.

બીજી તરફ, આ અહેવાલો એવા સમયે પણ સામે આવ્યા છે જ્યારે ઈશા રીખી સલમાન ખાનના રિયાલિટી શો 'બિગ બોસ'ની આગામી સિઝનમાં જોવા મળી શકે છે તેવી ચર્ચાઓ ચાલી રહી છે.

# રાકામાં અલ્લુ અર્જુન ટ્રીપલ રોલમાં, સાત હિરોઈનો હશે

## દીપિકા, રશ્મિકા, જાહ્નવી, મૃણાલ ઠાકુર સહિતની હિરોઈનો હશે

**મુંબઈ, તા.01**

'પુષ્પા' ફેમ સાઉથના સુપરસ્ટાર અલ્લુ અર્જુન એટલીની સાયફાય થ્રીલર 'રાકા'માં ટ્રિપલ રોલમાં જોવા મળશે તેમ જાણવા મળ્યું છે. આ ફિલ્મમાં તેની સાથે સાત હિરોઈનો હશે. દીપિકા પાદુકોણ, મૃણાલ ઠાકુર, જાહ્નવી કપૂર અને રશ્મિકા મંદાનાની ખાસ ભૂમિકાઓ હશે. છેલ્લા થોડા મહિનાથી અલ્લુ અર્જુન 'રાકા' ફિલ્મના શૂટિંગમાં વ્યસ્ત છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર અલ્લુ અર્જુનનું 'રાકા' ફિલ્મનું મુંબઈમાં શૂટિંગ પુરૂ થઈ ચૂક્યુ છે. હવે અલ્લુ અર્જુન હૈદરાબાદમાં નાનકડો બ્રેક લેશે. એ પછી તે સપ્ટેમ્બરમાં ફરી 'રાકા'નું શૂટિંગ શરૂ કરશે. ફિલ્મમાં અલ્લુ અર્જુન ત્રણ અલગ અલગ ભૂમિકામાં જોવા મળશે. ત્રણે પાત્રોનો દેખાવ એકમેકથી સાવ અલગ છે અને



તેમની વચ્ચે ટક્કર પણ જોવા મળશે. એટલીએ અગાઉ તમિલ સુપરસ્ટાર વિજય મરસેલ સાથે પણ ટ્રિપલ રોલનો અખતરો કરી જોયેલો છે. જો કે, અલ્લુ અર્જુનના ટ્રિપલ રોલ બાબતે સત્તાવાર કોઈ માહિતી અપાઈ નથી. આ ફિલ્મમાં તેની સાથે સાત હિરોઈનો હશે. દીપિકા પાદુકોણ, મૃણાલ ઠાકુર, જાહ્નવી કપૂર અને રશ્મિકા મંદાનાની ખાસ ભૂમિકાઓ હશે. છેલ્લા થોડા મહિનાથી અલ્લુ અર્જુન 'રાકા' ફિલ્મના શૂટિંગમાં વ્યસ્ત છે.

# ઈજા બાદ રશ્મિકા મંદાના ટૂંક સમયમાં ફરી શૂટિંગ શરૂ કરશે



**મુંબઈ, તા.01**

રશ્મિકા મંદાનાને તેની મહત્વની ફિલ્મ 'માયસા' માટે શૂટિંગ કરતી વખતે જમણાં પગનો સ્નાયુ ખેંચાઈ જતાં તે હાલ આરામ કરી રહી છે. રવિવારે તેણે એક પોસ્ટ મુકી જણાવ્યું હતું કે હું ટૂંક સમયમાં કામ પર પાછી આવી જવાની છું. જોકે, રશ્મિકાએ પોતાને સેટ પર પાછા ફરવામાં કેટલો સમય લાગશે તે ચોક્કસ કહ્યું નથી.

રશ્મિકાએ સોશિયલ મિડિયા પોસ્ટ પર જે તસવીરો શેર કરી છે તેમાં તે પૂજા કરી રહી છે અને કુદરતી દશ્યોની મોજ માણી રહી છે તથા પઝલ્સ ભરી સમય પસાર કરી રહી છે. જુલાઈ ૨૦૨૫માં 'માયસા'નો ફર્સ્ટ લુક જારી કરવામાં આવ્યો હતો જેમાં રશ્મિકા હાથમાં શસ્ત્ર સાથે લોહીથી લથપથ હાલતમાં કેમેરા સામે ઘૂરી રહી હોય તેવો સીન હતો.

'માયસા'માં રશ્મિકાની સાથે ગુરૂ સોમસુંદરમ અને ઈશ્વરી રાવ પણ મહત્વની ભૂમિકા કરી રહ્યા છે. માયસા ફિલ્મ આ વર્ષના અંત સુધીમાં રજૂ કરવાનો પ્લાન હતો પરંતુ હવે રશ્મિકાએ બ્રેક લાગતાં તેની રીલિઝ ડેટ બદલાઈ શકે છે.

# કોંકણા, અદિતીની લસ્ટ સ્ટોરીઝ 16મી સપ્ટેમ્બરે રીલિઝ થશે......

## વિક્રમાદિત્ય મોટવાણી, કિરણ રાવ, શકુન બાત્રા અને વિશાલ ભારદ્વાજની શોર્ટ ફિલ્મો

**મુંબઈ, તા.01**

ચર્ચાસ્પદ વેબ સીરિઝ ' લસ્ટ સ્ટોરીઝ'ની ત્રીજી સીઝન આગામી ૧૮મી સપ્ટેમ્બરથી રીલિઝ થવાની છે. આ શોને ઈન્ટરનેશનલ એમ્મી એવોર્ડમાં નોમિનેશન મળ્યું છે. સીરિઝનું ટ્રેલર સપ્ટેમ્બરના પહેલા અઠવાડિયામાં રજૂ કરવામાં આવશે.

જે ચાર શોર્ટ ફિલ્મ આ સીઝનમાં રજૂ થવાની છે તેમાં વિક્રમાદિત્ય મોટવાણીની શોર્ટ ફિલ્મમાં રાધિકા આપ્ટે, કોંકણાસેન શર્મા, વિજય વર્મા અને અભિષેક બેનર્જી છે. જ્યારે શકુન બાત્રાની શોર્ટ ફિલ્મમાં અલી ફઝલ અને રાધિકા મદન જોવા મળશે જ્યારે રિયલ લાઈફ જોડી સિદ્ધાર્થ અને અદિતિરાવ હૈદરી વિશાલ ભારદ્વાજની શોર્ટ ફિલ્મમાં જોવા મળશે. જ્યારે કિરણરાવની



શોર્ટ ફિલ્મમાં ગુરફતેહ પિરજાદા અને નવોદિત સના થમ્પી જોવા મળશે. 'લસ્ટ સ્ટોરીઝ' એન્થોલોજીની અગાઉની બંને સીઝન ચર્ચાસ્પદ બની હતી. ત્રીજી સીઝનની જાહેરાત ફેબુરઆરી ૨૦૨૬માં કરવામાં આવી હતી. આ શોર્ટ ફિલ્મોમાં પ્રેમ, વાસના, સબંધો અને મનમાં ધરબાયેલી ઈચ્છાઓની વાત અનોખી રીતે રજૂ થશે.

# રાકેશ ઓમપ્રકાશ મહેરા વિક્રાન્ત મેસ્સી સાથે લવ સ્ટોરી બનાવશે



**મુંબઈ, તા.01**

રાકેશ ઓમપ્રકાશ મહેરા સલમાન ખાન સાથે તેમની મહત્વાકાંક્ષી ફિલ્મ 'કણ'ર્ બનાવવાના છે પણ તે પહેલાં તેઓ વિક્રાન્ત મેસ્સી સાથે એક નાનકડી લવસ્ટોરી બનાવવા માંગે છે. 'કર્ણ' પર પુરું ધ્યાન કેન્દ્રિત કરતાં પહેલાં નિર્દેશક રાકેશ મહેરા ૩૦ દિવસમાં આ ફિલ્મનું શૂટિંગ પુરી કરી નાંખવા માંગે છે.

વિક્રાન્ત મેસ્સીને હીરો તરીકે ચમકાવતી આ ફિલ્મ એક નાના શહેરમાં આકાર લેતી લવસ્ટોરી છે. 'કર્ણ'માં સલમાનખાન હીરો હોઈ આ ફિલ્મ મોટાપાયે બનાવવામાં આવશે. તે બે ભાગમાં બનવાની છે. ઓગસ્ટ ૨૦૨૭માં કર્ણનું શૂટિંગ શરૂ કરવામાં આવશે. આમ, લગભગ એક વર્ષનો ગાળો હોઈ રાકેશ મહેરા તેનો ઉપયોગ લવસ્ટોરી બનાવવા માટે કરી લેવા માંગે છે.

# PM મોદીની સોનાની ખરીદી અંગે અપીલ બાદ ભાવમાં ઘટાડો, એક દિવસમાં સોનું ₹1,037 અને ચાંદી ₹1,711 સસ્તી

મુંબઈ, તા.01

સોનામાં રોકાણ કરનારા અને જ્વેલરી ખરીદવાનું વિચારી રહેલા લોકો માટે સપ્ટેમ્બરની શરૂઆત રાહતના સમાચાર લઈને આવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોકોને બિનજરૂરી રીતે સોનું ન ખરીદવાની અપીલ કર્યા બાદ આજે એટલે કે 1 સપ્ટેમ્બર 2026ના રોજ સોના અને ચાંદીના ભાવમાં ઘટાડો નોંધાયો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન એટલે કે IBJAના તાજા આંકડા અનુસાર, 24 કેરેટ સોનાનો ભાવ પ્રતિ 10 ગ્રામ 1,037 ઘટીને 1,54,798 પર આવી ગયો છે. બીજી તરફ ચાંદીના ભાવમાં પણ ઘટાડો જોવા મળ્યો છે. એક કિલો ચાંદીની કિંમત આજે 1,711 ઘટીને 2,35,488 થઈ ગઈ છે. છેલ્લા કેટલાક સમયથી સોના અને ચાંદીના ભાવમાં ભારે ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. એક તરફ સોનું રોકાણ માટે સુરક્ષિત વિકલ્પ તરીકે લોકોમાં લોકપ્રિય રહ્યું છે, તો બીજી તરફ વૈશ્વિક સ્તરે ભૂરાજકીય સ્થિતિ, ક્રૂડ ઓઈલની કિંમતો, અમેરિકાની નીતિઓ, વ્યાજદર અંગેની અપેક્ષાઓ અને ડોલરની ચાલ જેવી બાબતો પણ કિંમતી ધાતુઓના ભાવ પર અસર કરી રહી છે. આવી સ્થિતિમાં સોના-ચાંદીના ભાવમાં એક દિવસમાં પણ મોટો ફેરફાર જોવા મળી શકે છે.

માર્કેટ એક્સપર્ટ અનુજ ગુપ્તાના મતે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીની બિનજરૂરી સોનું ન ખરીદવાની અપીલને કારણે આગામી દિવસોમાં પણ સોનાની કિંમત પર થોડું દબાણ જોવા મળી શકે છે. જો લોકો બિનજરૂરી ખરીદી ટાળે છે અને બજારમાં સ્થાનિક માંગમાં ઘટાડો થાય છે, તો તેની અસર કિંમતો પર પડી શકે છે. જોકે સોનાના ભાવ માત્ર સ્થાનિક માંગ પર આધારિત નથી. આંતરરાષ્ટ્રીય બજારના સંકેતો પણ તેની કિંમત નક્કી કરવામાં મોટી ભૂમિકા ભજવે છે. આ ઉપરાંત ક્રૂડ ઓઈલની કિંમતોમાં આવેલી તેજીને કારણે પણ સોના અને ચાંદીના ભાવ પર અસર પડી હોવાનું નિષ્ણાતો માની રહ્યા છે. હાલમાં મધ્યપૂર્વમાં ચાલી રહેલા તણાવને કારણે વૈશ્વિક બજારમાં અનિશ્ચિતતા વધી છે. અમેરિકાએ હોર્મુઝ સ્ટ્રેટમાં ઈરાનના એક ટાપુ પર હુમલો કર્યો હોવાના અહેવાલો વચ્ચે ઈરાને પણ જોર્ડનમાં અમેરિકી ઠેકાણાઓ પર હુમલો કર્યો છે. આ પ્રકારની ભૂરાજકીય ઘટનાઓ વૈશ્વિક બજારોમાં અસ્થિરતા વધારી શકે છે અને રોકાણકારોના સેન્ટિમેન્ટમાં ઝડપથી ફેરફાર લાવી શકે છે.



1 સપ્ટેમ્બર 2026ના રોજ 24 કેરેટ સોનાનો ભાવ 1,54,798 પ્રતિ 10 ગ્રામ નોંધાયો છે. 22 કેરેટ સોનાની કિંમત 1,41,795 પ્રતિ 10 ગ્રામ છે, જ્યારે 18 કેરેટ સોનાનો ભાવ 1,16,099 પ્રતિ 10 ગ્રામ થયો છે. બીજી તરફ 14 કેરેટ સોનાની કિંમત 90,557 પ્રતિ 10 ગ્રામ છે. સોનાની શુદ્ધતા જેટલી વધારે હોય છે, સામાન્ય રીતે તેની કિંમત પણ એટલી વધારે હોય છે.

24 કેરેટ સોનું સૌથી વધુ શુદ્ધ માનવામાં આવે છે, પરંતુ જ્વેલરી બનાવવામાં સામાન્ય રીતે 22 કેરેટ અને અન્ય કેરેટના સોનાનો વધુ ઉપયોગ થાય છે. તેનું કારણ એ છે કે શુદ્ધ 24 કેરેટ સોનું પ્રમાણમાં નરમ હોય છે, જ્યારે અન્ય ધાતુઓની મિશ્રિત જ્વેલરી વધુ મજબૂત અને પહેરવા માટે અનુકૂળ બને છે. તેથી જ ગ્રાહકોએ માત્ર પ્રતિ 10 ગ્રામ ભાવ જોવાને બદલે તેઓ ક્યા કેરેટનું સોનું ખરીદી રહ્યા છે તે પણ ધ્યાનમાં રાખવું જોઈએ. દેશના અલગ-અલગ શહેરોમાં સોનાના ભાવમાં થોડો તફાવત જોવા મળે છે. 1 સપ્ટેમ્બર 2026ના રોજ દિલ્હીમાં 10 ગ્રામ 24 કેરેટ સોનાની કિંમત 1,57,080 નોંધાઈ છે. મુંબઈમાં આ ભાવ 1,56,930, જ્યારે કોલકાતામાં પણ 1,56,930 છે. જયપુરમાં સોનાનો ભાવ 1,57,080 પ્રતિ 10 ગ્રામ છે.

ભોપાલ અને પટનામાં 10 ગ્રામ 24 કેરેટ સોનાની કિંમત 1,56,980 છે. લખનઉમાં ભાવ 1,57,080, રાયપુરમાં 1,56,930 અને અમદાવાદમાં 1,56,980 પ્રતિ 10 ગ્રામ છે. આ ભાવ GoodReturnsના 1 સપ્ટેમ્બર 2026ના આંકડા અનુસાર છે, જ્યારે IBJAના રેફરન્સ રેટમાં 24 કેરેટ સોનાનો ભાવ 1,54,798 પ્રતિ 10 ગ્રામ દર્શાવવામાં આવ્યો છે. શહેર પ્રમાણે ભાવમાં જોવા મળતો તફાવત સ્થાનિક બજારની સ્થિતિ, કર, પરિવહન, જ્વેલર્સના માર્જિન અને અન્ય ખર્ચને કારણે હોઈ શકે છે. આ વર્ષે સોના અને ચાંદીના ભાવમાં ખૂબ જ મોટો ઉછાળો અને ત્યારબાદ ઘટાડો જોવા મળ્યો છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ સોનાની કિંમત 1,33,195 હતી. ત્યારબાદ જાન્યુઆરીમાં સોનાના ભાવમાં જોરદાર વધારો થયો અને 29 જાન્યુઆરી 2026ના રોજ તે વધીને 1,76,000ના ઓલટાઈમ હાઈ સ્તરે પહોંચી ગયા હતા. ત્યારથી સોનાના ભાવમાં ઘટાડો થયો છે અને 1 સપ્ટેમ્બર 2026ના રોજ તે 1,54,798 પર આવી ગયા છે. એટલે કે ઓલટાઈમ હાઈની સરખામણીએ સોનું અંદાજે 21 હજાર સસ્તું થયું છે. ચાંદીમાં તો સોનાની સરખામણીએ પણ વધુ મોટો ઘટાડો જોવા મળ્યો છે. 31 ડિસેમ્બર 2025ના રોજ એક કિલો ચાંદીનો ભાવ 2,30,420 હતો. ત્યારબાદ ચાંદીમાં જોરદાર તેજી આવી અને 29 જાન્યુઆરી 2026ના રોજ તેની કિંમત 3,86,000 પ્રતિ કિલોના ઓલટાઈમ હાઈ સ્તરે પહોંચી ગઈ હતી.

# ડીલરો 15 સપ્ટેમ્બરથી 2000 ક્વિન્ટલ ખાંડ રાખી શકશે: સ્ટોક 30 દિવસથી વધુ રાખી શકશે નહીં

નવી દિલ્હી, તા.01



દેશમાં ખાંડ ટૂંક સમયમાં સસ્તી થઈ શકે છે. કેન્દ્ર સરકારે સંગ્રહખોરી રોકવા અને તહેવારો પહેલાં કિંમતોને નિયંત્રિત કરવા માટે ખાંડના ડીલરો માટે સ્ટોક લિમિટ ઘટાડવાની જાહેરાત કરી છે. ખાદ્ય મંત્રાલયના નવા આદેશ મુજબ, 15 સપ્ટેમ્બરથી ખાંડના વેપારીઓ અને ડીલરો મહત્તમ 2,000 ક્વિન્ટલ જ સ્ટોક રાખી શકશે. આ નવો નિયમ 30 નવેમ્બર 2026 સુધી સમગ્ર દેશમાં લાગુ રહેશે.

નવા નિયમો અનુસાર, ડીલરોને હવે સ્ટોક મળ્યાની તારીખથી 30 દિવસથી વધુ સમય સુધી ખાંડ રાખવાની મંજૂરી આપવામાં આવશે નહીં. આ ઉપરાંત, તેઓ દેશમાં કોઈપણ સ્થળે એક સમયે 2000 ક્વિન્ટલથી વધુ ખાંડ રાખી શકશે નહીં.

સરકારનો ઉદ્દેશ્ય સંગ્રહખોરી અને સટ્ટાખોરી પર અંકુશ લગાવવાનો છે, જેથી બજારમાં પુરવઠો સુચારુ રહે અને સામાન્ય ગ્રાહકોને યોગ્ય ભાવે ખાંડ ઉપલબ્ધ થઈ શકે. કોલકાતા માટે જૂની 4000 ક્વિન્ટલની સ્ટોક લિમિટ ચાલુ રહેશે. કારણ કે, કોલકાતામાં યુપી અને મહારાષ્ટ્રમાંથી ખાંડ આવે છે અને અહીંથી પશ્ચિમ બંગાળ સહિત સમગ્ર પૂર્વોત્તર ભારતમાં સપ્લાય થાય છે. સપ્લાય ચેઈનમાં કોઈ અવરોધ ન આવે, તેથી આ વિસ્તારોને રાહત આપવામાં આવી છે. ખાંડ 20% સુધી સસ્તી થઈ, રિટેલમાં પણ ભાવ ઘટશે, સરકાર ખાંડ મિલો, ડીલરો અને વેપારીઓના ગોદામોની સઘન દેખરેખ અને ફિઝિકલ વેરિફિકેશન કરી રહી છે, જ્યાં ઘણી અનિયમિતતાઓ અને અઘોષિત સ્ટોક પકડાયા છે.

સરકારની કાર્યવાહી અને બજારમાં સપ્લાય સુધરવાથી ખાંડની જથ્થાબંધ (એક્સ-મિલ) કિંમતો લગભગ 20% ઘટી ગઈ છે. તેનાથી રિટેલ માર્કેટમાં પણ ખાંડના ભાવ ઘટવા લાગ્યા છે. આવનારા દિવસોમાં સામાન્ય જનતાને સસ્તી ખાંડ મળશે. કિંમતો વધવાના અને સપ્લાય ઘટવાના 3 કારણો, ઉત્પાદનમાં ઘટાડાનો અંદાજ: ઈન્ડિયન સુગર એન્ડ બાયો-એનર્જી મેન્યુફેક્ચરર્સ એસોસિએશન (ISMA) એ 2025-26 માર્કેટિંગ વર્ષ માટે ઈથેનોલ બ્લેન્ડિંગ પછી દેશનું ખાંડ ઉત્પાદન આશરે 279 લાખ ટન રહેવાનો અંદાજ મૂક્યો છે. ઘરેલું માગ વધુ: ભારતમાં ખાંડની વાર્ષિક ઘરેલું વપરાશ આશરે 280 લાખ ટન છે. સત્રની શરૂઆતમાં આશરે 50 લાખ ટનનો ઓપનિંગ સ્ટોક હતો, પરંતુ વપરાશની સરખામણીમાં નવું ઉત્પાદન ઓછું રહેવાની આશંકાથી સપ્લાય પ્રેશર વધ્યું છે. ઓછો બચી શકે છે ક્લોઝિંગ સ્ટોક: ISMA અનુસાર, સપ્ટેમ્બરના અંત સુધીમાં દેશમાં ક્લોઝિંગ સ્ટોક ઘટીને માત્ર 35 લાખ ટન રહી જશે, જે પાછલા વર્ષોની સરખામણીમાં ઘણો ઓછો છે.

# ઓરેકલ 10 હજાર કર્મચારીઓની છટણી કરશે: AI અને ક્લાઉડ પર ખર્ચ વધવાને કારણે નિર્ણય

નવી દિલ્હી, તા.01

ટેક કંપની ઓરેકલ વિશ્વભરમાં તેના લગભગ 10 હજાર કર્મચારીઓને નોકરીમાંથી કાઢી મૂકશે. આનાથી ભારતમાં કામ કરતા કર્મચારીઓ પણ અસર થઈ શકે છે. કંપની આ પગલું ક્લાઉડ અને AI ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર વધતા ખર્ચને બેલેન્સ કરવા અને તેની કિંમત ઘટાડવા માટે ભરી રહી છે.

ઓરેકલ મેનેજમેન્ટે તેની અલગ-અલગ ટીમોને તેમના ખર્ચમાં ઘટાડો કરવાના રસ્તા શોધવા કહ્યું છે. આ નિર્ણયને કારણે છટણીની અસર કોઈ એક ખાસ બિઝનેસ એરિયા સુધી સીમિત રહેવાને બદલે કંપનીના ઘણા વિભાગો પર પડી શકે છે.

કંપનીમાં આંતરિક રીતે ચાલી રહેલી ચર્ચાઓ અનુસાર, આ છટણીથી વૈશ્વિક સ્તરે 7 હજારથી લઈને 10 હજાર કર્મચારીઓ અસર થવાનો અંદાજ છે. જોકે, ઓરેકલ તરફથી આ આંકડાઓની સત્તાવાર પુષ્ટિ થવી બાકી છે.

કંપનીના કર્મચારીઓ વચ્ચે સપ્ટેમ્બરમાં છટણી પ્રક્રિયા શરૂ થવાની ચર્ચાઓ છે. પહેલા 1 સપ્ટેમ્બરે તેની જાહેરાત થવાની સંભાવના હતી, જ્યારે હવે 15 સપ્ટેમ્બરને બીજી સંભવિત તારીખ માનવામાં આવી રહી છે. એટલે કે





કંપની ટૂંક સમયમાં નિર્ણયની જાહેરાત કરી શકે છે.

સંભવિત છટણીનો આ નિર્ણય ઓરેકલના ભારતીય વર્કફોર્સ માટે ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે. ભારત ઓરેકલના ગ્લોબલ ઓપરેશન્સનું એક મોટું અને મહત્વપૂર્ણ કેન્દ્ર છે.

અહીં કંપનીની એન્જિનિયરિંગ, ક્લાઉડ સર્વિસિસ, ટેકનોલોજી અને સપોર્ટ જેવી મોટી ટીમો કામ કરે છે. આવી સ્થિતિમાં, વૈશ્વિક કપાતનો એક મોટો ભાગ ભારતીય કર્મચારીઓને અસર કરી શકે છે.

ઓરેકલે છેલ્લા એક વર્ષમાં તેની વર્કફોર્સમાં પહેલેથી જ મોટી કાપ મૂક્યો છે. મે 2026ના અંત સુધીમાં ઓરેકલ પાસે લગભગ 1.41 લાખ ફુલ-ટાઈમ કર્મચારીઓ હતા, જ્યારે એક વર્ષ પહેલા આ સંખ્યા લગભગ 1.62 લાખ હતી. એટલે કે, છેલ્લા 12 મહિનામાં જ કંપનીએ તેના હેડકાઉન્ટમાં લગભગ 21 હજાર કર્મચારીઓ ઘટાડ્યા છે.

કંપનીએ તેના વાર્ષિક રિપોર્ટમાં સ્પષ્ટ કર્યું છે કે કામકાજમાં AIનો ઉપયોગ વધવાને કારણે વર્કફોર્સમાં આ કાપ મૂકવામાં આવ્યો છે અને તે આગળ પણ ચાલુ રહી શકે છે.

આ છટણી એવા સમયે થઈ રહી છે જ્યારે ઓરેકલ AI બૂમ માટે જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ભારે રોકાણ કરી રહ્યું છે. AI કંપનીઓ તરફથી વધતી માંગને પહોંચી વળવા માટે ઓરેકલ તેની ડેટા સેન્ટરની ક્ષમતા અને ક્લાઉડ બિઝનેસ વધારી રહ્યું છે. કંપનીના વાર્ષિક રિપોર્ટ અનુસાર, ઓરેકલે રીસ્ટ્રક્ચરિંગ અને સેવરન્સ પે એટલે કે છટણી વળતર પર લગભગ 1.8 અબજ ડોલર ખર્ચ કર્યા છે. આ સાથે, કંપનીએ તેના રોકાણકારોને ચેતવણી આપી છે કે સંગઠનાત્મક ફેરફારોથી કામકાજને અસર થઈ શકે છે અને કેટલાક કુશળ પદોની કમી પણ સર્જાઈ શકે છે.

ઓરેકલે આ નવી છટણીના સમાચારો પર હાલમાં કોઈ સત્તાવાર ટિપ્પણી કરી નથી. 11 સપ્ટેમ્બરે કંપનીના આગામી ત્રિમાસિક પરિણામો જાહેર થવાના છે. જો આ છટણી આગળ વધે છે, તો તે ક્લાઉડ અને AIની આસપાસ તેના વ્યવસાયને નવેસરથી આકાર આપવાના ઓરેકલના પ્રયાસોનો જ એક ભાગ હશે.

# સપ્ટેમ્બર શરૂ થતાં જ ખિસ્સા પર અસર: કોમર્શિયલ ગેસથી લઈને દૂધ અને કાર સુધી થયા મોટા ફેરફાર, LPG સબસિડી અને વિદેશ પ્રવાસના નિયમોમાં પણ બદલાવ

મુંબઈ, તા.01

સપ્ટેમ્બર મહિનો શરૂ થતાં જ સામાન્ય લોકોના રોજિંદા જીવન અને બજેટ સાથે જોડાયેલા અનેક મહત્વના ફેરફારો અમલમાં આવ્યા છે. 1 સપ્ટેમ્બર 2026થી દેશમાં કોમર્શિયલ LPG ગેસ સિલિન્ડરના ભાવમાં વધારો કરવામાં આવ્યો છે. બીજી તરફ મુંબઈમાં જથ્થાબંધ દૂધના ભાવમાં પ્રતિ લિટર 9નો મોટો વધારો થયો છે. આ ઉપરાંત LPG કનેક્શનની e-KYC સાથે જોડાયેલા નિયમો, વિદેશ પ્રવાસ દરમિયાન ઈમિગ્રેશન પ્રક્રિયા અને નવી કાર ખરીદનારાઓ માટે પણ મહત્વના ફેરફારો કરવામાં આવ્યા છે. સપ્ટેમ્બર મહિનાની શરૂઆત સાથે કરવામાં આવેલા આ ફેરફારોની સીધી કે આડકતરી અસર સામાન્ય લોકોના ખિસ્સા પર પડી શકે છે. ખાસ કરીને દૂધ અને ગેસના ભાવમાં વધારાની અસર ખાદ્ય વસ્તુઓ અને રેસ્ટોરન્ટના ભાવ પર પણ જોવા મળી શકે છે. બીજી તરફ કાર ખરીદવાનું આયોજન કરી રહેલા ગ્રાહકો માટે નવી કારની કિંમતમાં વધારો વધારાનો ખર્ચ લાવી શકે છે. વિદેશ જતાં મુસાફરો માટે જોકે નવો નિયમ રાહત આપનારો છે, કારણ કે હવે ઈમિગ્રેશન કાઉન્ટર પર બોર્ડિંગ પાસ પર સ્ટેમ્પ લગાવવાની જરૂર રહેશે નહીં.

સપ્ટેમ્બર શરૂ થતાં જ તેલ કંપનીઓએ કોમર્શિયલ LPG સિલિન્ડરના ભાવમાં વધારો કર્યો છે. 19 કિલોના કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવમાં શહેર પ્રમાણે અલગ-અલગ વધારો કરવામાં આવ્યો છે. સરેરાશ આ સિલિન્ડર લગભગ 11.50 સુધી મોંઘો થયો છે. કોલકાતામાં કોમર્શિયલ LPG સિલિન્ડરની કિંમત 2,872.50થી વધીને 2,884 થઈ ગઈ છે. એટલે કે અહીં પ્રતિ સિલિન્ડર 11.50નો વધારો થયો છે. દિલ્હીમાં ભાવ 2,738થી વધીને 2,747.50 થયો છે, એટલે કે 9.50નો વધારો થયો છે. મુંબઈમાં સિલિન્ડર 2,691.50થી વધીને 2,701 થયો છે, જ્યારે ચેન્નઈમાં કિંમત 2,906થી વધીને 2,916.50 થઈ ગઈ છે. આ વધારો સીધો ઘરેલુ LPG સિલિન્ડર પર લાગુ પડતો નથી. 14.2 કિલોના ઘરેલુ LPG સિલિન્ડરના ભાવમાં હાલમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. એટલે કે ઘરેલુ રસોઈ ગેસનો



ઉપયોગ કરતા પરિવારો માટે આ ફેરફારથી સીધી અસર થવાની નથી. જોકે કોમર્શિયલ સિલિન્ડરનો ઉપયોગ રેસ્ટોરન્ટ, હોટેલ, ઢાબા, કેટરિંગ સર્વિસ અને અન્ય વ્યવસાયોમાં મોટા પ્રમાણમાં થાય છે. કોમર્શિયલ ગેસના ભાવમાં વધારો થવાથી રેસ્ટોરન્ટ અને ખાદ્ય વ્યવસાય ચલાવવાનો ખર્ચ થોડો વધી શકે છે. જો આ વધારાનો બોજ વેપારીઓ ગ્રાહકો પર નાખે તો ચા, નાસ્તો, થાળી, ફાસ્ટ ફૂડ અને અન્ય ખાદ્ય વસ્તુઓના ભાવમાં વધારો જોવા મળી શકે છે. લગ્ન પ્રસંગો અને અન્ય કાર્યક્રમોમાં કેટરિંગનો ખર્ચ પણ વધવાની શક્યતા રહે છે. જોકે દરેક વેપારી તરત જ ભાવ વધારશે એવું જરૂરી નથી, કારણ કે કેટલાક વેપારીઓ વધેલા ખર્ચને પોતાના નફાના માર્જિનમાંથી પણ સંભાળી શકે છે.

સપ્ટેમ્બર શરૂ થતાં મુંબઈના દૂધ બજારમાં પણ મોટો ફેરફાર થયો છે. બોમ્બે મિલ્ક પ્રોડ્યુસર્સ એસોસિએશને 1 સપ્ટેમ્બરથી જથ્થાબંધ દૂધના ભાવમાં પ્રતિ લિટર 9નો વધારો જાહેર કર્યો છે. આ વધારા બાદ જથ્થાબંધ દૂધનો ભાવ 93થી વધીને 102 પ્રતિ લિટર થઈ ગયો છે. આ નવો દર 28 ફેબ્રુઆરી 2027 સુધી લાગુ રહેશે.

જથ્થાબંધ દૂધના ભાવમાં થયેલા આ વધારાની અસર છૂટક બજારમાં પણ જોવા મળી શકે છે. દૂધ રોજિંદા જીવનની આવશ્યક વસ્તુ હોવાથી તેની કિંમત વધે ત્યારે તેનો સીધો પ્રભાવ સામાન્ય પરિવારોના માસિક બજેટ પર પડે છે. ખાસ કરીને આગામી તહેવારોની સિઝનને ધ્યાનમાં રાખતા દૂધના ભાવમાં વધારો વધુ મહત્વનો બની જાય છે. દૂધના ભાવ વધવાથી માત્ર દૂધ ખરીદવાનો ખર્ચ જ નહીં પરંતુ દહીં, છાશ, પનીર, મીઠાઈ અને અન્ય ડેરી ઉત્પાદનોની કિંમત પર પણ અસર થઈ શકે છે. તહેવારો દરમિયાન દૂધ અને દૂધમાંથી બનતી વસ્તુઓની માંગ સામાન્ય રીતે વધી જાય છે. આવી સ્થિતિમાં ઉત્પાદન ખર્ચ વધે તો મીઠાઈ અને અન્ય ડેરી પ્રોડક્ટ્સ પણ મોંઘા થઈ શકે છે.

દૂધના ભાવ વધવાનું મુખ્ય કારણ પશુઓના ખોરાક અને જાળવણી સાથે જોડાયેલા ખર્ચમાં વધારો હોવાનું જણાવવામાં આવ્યું છે. લીલા ચારા, ભૂસા અને ખોળના ભાવ વધવાથી પશુપાલકોનો ખર્ચ વધ્યો છે. તેની સાથે પશુઓના નિભાવ, દૂધ એકત્રિત કરવા અને પરિવહનના ખર્ચમાં પણ વધારો થયો છે. આ વધતા ખર્ચને ધ્યાનમાં રાખીને દૂધના ખરીદ ભાવમાં વધારો કરવામાં આવ્યો છે.

માત્ર મુંબઈ જ નહીં, તમિલનાડુમાં પણ દૂધના ભાવ સાથે જોડાયેલો મહત્વનો ફેરફાર થયો છે. એવિન્સ દૂધના ખરીદ ભાવમાં પ્રતિ લિટર 3નો વધારો કરવામાં આવ્યો છે. આ વધારા બાદ ખરીદ ભાવ 41થી વધીને 44 પ્રતિ લિટર થયો છે. ખાસ વાત એ છે કે બે અઠવાડિયાથી પણ ઓછા સમયમાં આ બીજો વધારો છે. અગાઉના વધારા સહિત દૂધના ખરીદ ભાવમાં કુલ 6 પ્રતિ લિટરનો વધારો થઈ ચૂક્યો છે. દૂધના ખરીદ ભાવમાં આ વધારો થવાથી પશુપાલકોને તેમના ઉત્પાદન ખર્ચ સામે થોડી રાહત મળી શકે છે.

# શેરબજારમાં આજે ફરી ઘટાડો, સેન્સેક્સ 13 પોઈન્ટ અને નિફ્ટી 25 પોઈન્ટ નીચે બંધ, જ્વેલરી શેરોમાં મોટો કડાકો, DIIની ખરીદી ચાલુ

મુંબઈ, તા.01

ભારતીય શેરબજારમાં સપ્ટેમ્બરના પ્રથમ દિવસે એટલે કે 1 સપ્ટેમ્બર 2026ના રોજ કારોબારની શરૂઆત બાદ સમગ્ર દિવસ દરમિયાન ઉતાર-ચઢાવ જોવા મળ્યો હતો. દિવસના અંતે બજાર નજીવા ઘટાડા સાથે બંધ થયું. સેન્સેક્સ 13 પોઈન્ટના ઘટાડા સાથે 76,944ના સ્તરે બંધ રહ્યો હતો, જ્યારે નિફ્ટી પણ 25 પોઈન્ટ ઘટીને 24,056ના સ્તરે આવી ગયો હતો. બજારમાં એકંદરે વેચવાલીનું દબાણ જોવા મળ્યું હતું અને ખાસ કરીને ઓટો, ફાર્મા, બેન્કિંગ અને રિયલ્ટી ક્ષેત્રના શેરોમાં વધુ ઘટાડો નોંધાયો હતો.

સપ્ટેમ્બરના પ્રથમ ટ્રેડિંગ સેશનમાં રોકાણકારોનું સેન્ટિમેન્ટ સાવચેત જોવા મળ્યું હતું. વૈશ્વિક બજારોમાંથી પણ મિશ્ર સંકેતો મળતા ભારતીય બજારને કોઈ મજબૂત દિશા મળી શકી નહોતી. એક તરફ કેટલાક શેરોમાં ખરીદી જોવા મળી હતી, તો બીજી તરફ પસંદગીના મોટા ક્ષેત્રોમાં વેચવાલી વધતા બંને મુખ્ય સૂચકાંકો લાલ નિશાનમાં બંધ થયા હતા.

શેરબજારમાં આજે સૌથી વધુ ચર્ચા જ્વેલરી કંપનીઓના શેરોની રહી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોકોને બિનજરૂરી રીતે સોનું ન ખરીદવાની અપીલ કર્યા બાદ જ્વેલરી ક્ષેત્ર સાથે જોડાયેલી કંપનીઓના શેરોમાં ઘટાડો જોવા મળ્યો હતો. બજારમાં એવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે જો સોનાની બિનજરૂરી ખરીદીમાં ઘટાડો થાય તો જ્વેલરી ક્ષેત્રની કંપનીઓની માંગ અને વેચાણ પર પણ તેની અસર થઈ શકે છે. આ સેન્ટિમેન્ટને કારણે જ્વેલરી શેરોમાં રોકાણકારોએ વેચવાલી કરી હતી.

આજે કલ્યાણ જ્વેલર્સના શેરમાં 4.61 ટકાનો મોટો ઘટાડો નોંધાયો હતો. PC જ્વેલર્સના શેરમાં પણ 6.10 ટકાનો કડાકો જોવા મળ્યો હતો. દેશની જાણીતી જ્વેલરી કંપની ટાઈટનના શેરમાં પણ 1.52 ટકાનો ઘટાડો થયો હતો. જ્વેલરી શેરોમાં આવેલી આ નબળાઈ દર્શાવે છે કે રોકાણકારો હાલમાં સોનાની માંગ અને જ્વેલરી ઉદ્યોગ પર પડનારી સંભવિત અસરને લઈને સાવચેત બની રહ્યા છે.

જોકે, શેરબજારમાં માત્ર જ્વેલરી શેરોમાં જ વેચવાલી જોવા મળી નહોતી. ઓટો, ફાર્મા, બેન્કિંગ અને રિયલ્ટી જેવા



મહત્વના ક્ષેત્રોમાં પણ વેચાણનું દબાણ જોવા મળ્યું હતું. આ ક્ષેત્રોમાં મોટા અને જાણીતા શેરોમાં ઘટાડો થતા બજારના મુખ્ય સૂચકાંકો પર પણ તેની અસર પડી હતી. જોકે ઘટાડો એટલો મોટો નહોતો કે બજારમાં ભારે ગભરાટનું વાતાવરણ ઊભું થાય. સેન્સેક્સ અને નિફ્ટી બંનેમાં પ્રમાણમાં મર્યાદિત ઘટાડો રહ્યો હતો.

શેરબજારના પ્રાથમિક બજાર એટલે કે IPO સેગમેન્ટમાં પણ આજે મહત્વપૂર્ણ ઘટના બની છે. દીપા જ્વેલર્સનો IPO 1 સપ્ટેમ્બરથી રોકાણકારો માટે ખુલ્યો છે. રોકાણકારો આ IPOમાં 3 સપ્ટેમ્બર સુધી બોલી લગાવી શકશે. કંપની આ IPO મારફતે કુલ 459.72 કરોડ એકત્ર કરવાની યોજના ધરાવે છે. IPOમાં રોકાણ કરવા માંગતા રોકાણકારો માટે લઘુત્તમ રોકાણની રકમ 14,868 રાખવામાં આવી છે. એટલે કે રિટેલ રોકાણકારોએ ઓછામાં ઓછા આટલા મૂલ્યના શેર માટે અરજી કરવાની રહેશે. જ્વેલરી ક્ષેત્રના શેરોમાં આજે ઘટાડો જોવા મળ્યો છે ત્યારે એ જ ક્ષેત્ર સાથે જોડાયેલા IPOનું ખુલવું બજાર માટે ખાસ ધ્યાન ખેંચનારું બન્યું છે.

રોકાણકારો IPOમાં અરજી કરતા પહેલા કંપનીનો બિઝનેસ, નાણાકીય સ્થિતિ, આવક, નફો, દેવું, IPOમાંથી મળનારી રકમનો ઉપયોગ અને વેલ્યુએશન જેવી બાબતો તપાસે તે જરૂરી છે. માત્ર IPOનો ગ્રે માર્કેટ પ્રીમિયમ અથવા બજારની ચર્ચાના આધારે રોકાણ કરવું જોખમી બની શકે છે.

ભારતીય શેરબજારને વૈશ્વિક બજારોમાંથી પણ મજબૂત સપોર્ટ મળ્યો નહોતો. એશિયાઈ બજારોમાં 1 સપ્ટેમ્બરના રોજ મિશ્ર કારોબાર જોવા મળ્યો હતો. દક્ષિણ કોરિયાનો કોસ્પી ઈન્ડેક્સ 16 પોઈન્ટ વધીને 6,836 પર રહ્યો હતો, એટલે કે તેમાં 0.23 ટકાનો વધારો થયો હતો.

બીજી તરફ જાપાનનો નિકેઈ ઈન્ડેક્સ 97 પોઈન્ટ ઘટીને 66,215 પર આવી ગયો હતો. તેમાં 0.15 ટકાનો ઘટાડો નોંધાયો હતો. હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ પણ 237 પોઈન્ટ ઘટીને 25,330 પર બંધ થયો હતો અને તેમાં 0.93 ટકાનો ઘટાડો રહ્યો હતો.

એશિયન બજારોના આ મિશ્ર વલણથી ભારતીય બજારને પણ કોઈ સ્પષ્ટ સકારાત્મક સંકેત મળ્યો નહોતો. વૈશ્વિક બજારોમાં રોકાણકારો વ્યાજદર, આર્થિક વૃદ્ધિ અને ભૂરાજકીય પરિસ્થિતિ જેવા મુદ્દાઓ પર નજર રાખી રહ્યા છે. આ તમામ પરિબળોની અસર ભારતીય શેરબજારના સેન્ટિમેન્ટ પર પણ જોવા મળી શકે છે.

ભારતીય બજારના આજના કારોબાર પહેલાં અમેરિકી શેરબજારમાં પણ 31 ઓગસ્ટના રોજ નબળાઈ જોવા મળી હતી. ડાઉ જોન્સ ઈન્ડસ્ટ્રિયલ એવરેજ 374 પોઈન્ટ ઘટીને 53,186 પર બંધ થયો હતો, જે 0.70 ટકાનો ઘટાડો દર્શાવે છે.

ટેકનોલોજી શેરો ધરાવતા નાસ્ડેકમાં પણ 32 પોઈન્ટનો ઘટાડો રહ્યો હતો અને તે 26,371ના સ્તરે બંધ થયો હતો. નાસ્ડેકમાં 0.12 ટકાનો ઘટાડો નોંધાયો હતો. બીજી તરફ S&P 500 ઈન્ડેક્સ 26 પોઈન્ટ ઘટીને 7,686 પર બંધ થયો હતો અને તેમાં 0.33 ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો.

# ઓગસ્ટમાં GST કલેક્શન 14.8% વધીને ₹2 લાખ કરોડ પહોંચ્યું: ગયા વર્ષે આ જ મહિને ₹1.74 લાખ કરોડ હતું

નવી દિલ્હી, તા.01

દેશનું GST કલેક્શન ઓગસ્ટ 2026માં વાર્ષિક ધોરણે 14.8% વધીને 2 લાખ કરોડ રૂપિયા રહ્યું છે. ગયા વર્ષે એટલે કે ઓગસ્ટ 2025માં કુલ GST કલેક્શન 1.74 લાખ કરોડ રૂપિયા નોંધાયું હતું. આજે મંગળવાર, 1 સપ્ટેમ્બરના રોજ આ આંકડા જાહેર કરવામાં આવ્યા. વધારાનું સૌથી મોટું કારણ વિદેશથી આવતા સામાન પર મળતો ટેક્સ રહ્યો, જે 29% વધીને 62,604 કરોડ પર પહોંચી ગયો. જ્યારે, દેશની અંદર થતી ખરીદી અને વેપારમાંથી મળતો GST પણ 9.3% વધીને 1.37 લાખ કરોડ થઈ ગયો. જોકે, માસિક ધોરણે ઓગસ્ટનો આંકડો જુલાઈ 2026ના 2.11 લાખ કરોડની સરખામણીમાં લગભગ 11,147 કરોડ ઓછો રહ્યો છે.

જીએસટી કલેક્શન એ દર્શાવે છે કે દેશની અર્થવ્યવસ્થા કેટલી સ્વસ્થ છે. જ્યારે જીએસટી વધે છે, ત્યારે તેનો અર્થ એ થાય છે કે લોકો બજારોમાં ખુલીને ખરીદી કરી રહ્યા છે. ફેક્ટરીઓમાં સામાન ઝડપથી બની રહ્યો છે. વેપારીઓ પણ ઈમાનદારીથી ટેક્સ ચૂકવી રહ્યા છે.

સરકારે 1 જુલાઈ 2017ના રોજ દેશભરમાં GST લાગુ કર્યો હતો. ત્યારબાદ કેન્દ્ર અને રાજ્ય





સરકારોના 17 કર અને 13 ઉપકર દૂર કરવામાં આવ્યા હતા.

CGST: કેન્દ્ર સરકાર દ્વારા વસૂલવામાં આવે છે. SGST: રાજ્ય સરકારો દ્વારા વસૂલવામાં આવે છે. IGST: જ્યારે સામાન એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં વેચવામાં આવે છે અથવા વિદેશથી મંગાવવામાં આવે છે, ત્યારે તેના પર IGST લાગે છે. તેને કેન્દ્ર સરકાર વસૂલે છે અને પછી તેનો અડધો ભાગ સામાનનો ઉપયોગ કરનાર રાજ્યને આપી દે છે.

ઉપકર: આ સામાન્ય ટેક્સ ઉપરાંત લાગતો એક વધારાનો ટેક્સ છે, જે ફક્ત મોંઘી અથવા હાનિકારક વસ્તુઓ જેવી કે લક્ઝરી ગાડીઓ, તમાકુ, સિગારેટ પર લગાવવામાં આવે છે. તેનાથી મળતા પૈસાનો ઉપયોગ શિક્ષણ, સ્વાસ્થ્ય અથવા કોઈ ખાસ ફંડ માટે જ કરવામાં આવે છે. વધારાનું સૌથી મોટું કારણ વિદેશથી આવતા સામાન પર મળતો ટેક્સ રહ્યો, જે 29% વધીને 62,604 કરોડ પર પહોંચી ગયો. જ્યારે, દેશની અંદર થતી ખરીદી અને વેપારમાંથી મળતો GST પણ 9.3% વધીને 1.37 લાખ કરોડ થઈ ગયો. જોકે, માસિક ધોરણે ઓગસ્ટનો આંકડો જુલાઈ 2026ના 2.11 લાખ કરોડની સરખામણીમાં લગભગ 11,147 કરોડ ઓછો રહ્યો છે.

# રાહુલ ગાંધી સામે FIR અને ઉત્તરાખંડ હિંસાના વિરોધમાં અમદાવાદ શહેર કોંગ્રેસનો આક્રોશ મોરચો





**અમદાવાદ, તા.01**

લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી સામે દાખલ થયેલી કથિત ખોટી FIR અને ઉત્તરાખંડમાં બનેલી હિંસાની ઘટનાઓના વિરોધમાં અમદાવાદ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા બાપુનગર ખાતે વિશાળ વિરોધ કૂચ યોજવામાં આવી હતી. અમદાવાદ શહેર કોંગ્રેસ પ્રમુખ સોનલબેન પટેલની આગેવાનીમાં યોજાયેલી આ કૂચમાં મોટી સંખ્યામાં પક્ષના હોદ્દેદારો અને કાર્યકરો જોડાયા હતા.

આ વિરોધ મોરચો બાપુનગર ચાર રસ્તા પાસે આવેલી રશિયન બેકરીથી પ્રસ્થાન થઈને બાપુનગર પોલીસ સ્ટેશન નજીક આવેલી ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા સુધી પહોંચ્યો હતો. કાર્યકરોએ ભાજપ સરકાર સામે ઉગ્ર સૂત્રોચ્ચાર કર્યા હતા અને મનુસ્મૃતિ સળગાવી પોતાનો વિરોધ નોંધાવ્યો હતો.

શહેર કોંગ્રેસ પ્રમુખ સોનલબેન પટેલે જણાવ્યું હતું કે, 'ભાજપ સરકાર જનહિતના મુદ્દા ઉઠાવનારા વિપક્ષી નેતાઓનો અવાજ દબાવવા માટે સરકારી તંત્ર અને પોલીસનો દુરુપયોગ કરી રહી છે. રાહુલ ગાંધી સામેની કાર્યવાહી રાજકીય પ્રેરિત છે અને ઉત્તરાખંડમાં હિંસા ફેલાવનારા તત્વો સામે કાર્યવાહી કરવાને બદલે તેમને રક્ષણ આપવામાં આવી રહ્યું છે. કોંગ્રેસની માંગણીઓ,રાહુલ ગાંધી સામે નોંધાયેલી રાજકીય પ્રેરિત FIR તાત્કાલિક રદ કરવામાં આવે. ઉત્તરાખંડ હિંસા માટે જવાબદાર ભાજપ કાર્યકરો સામે કડક કલમો હેઠળ ગુનો નોંધી ધરપકડ કરવામાં આવે. બંધારણીય સંસ્થાઓ અને પોલીસ તંત્રનો રાજકીય હેતુ માટે થતો દુરુપયોગ બંધ થાય. આ આક્રોશ પ્રદર્શનમાં પૂર્વ ધારાસભ્ય હિંમતસિંહ પટેલ, રાષ્ટ્રીય નેતા શાહનવાઝ શેખ, GPCC પ્રવક્તા મનીષ દોશી, પાર્થિવરાજસિંહ કઠવાડિયા, શહેર કોંગ્રેસ પ્રવક્તા અતિક સૈયદ એડવોકેટ સહિત યુવા કોંગ્રેસ, NSUI, મહિલા કોંગ્રેસ અને સેવાદળના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અમદાવાદમાં CG રોડ પર સ્માર્ટ ફ્લેપ પાર્કિંગ સિસ્ટમ શરૂ, કેશ પેમેન્ટ અને ટુ-વ્હીલર પર પ્રતિબંધ

**અમદાવાદ, તા.01**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા શહેરની ટ્રાફિક વ્યવસ્થાને વધુ સુવ્યવસ્થિત કરવાના ભાગરૂપે સી.જી. રોડ પર સ્ટેડિયમ ક્રોસ રોડથી પંચવટી ક્રોસ રોડ સુધીના વિસ્તારમાં 280 ઓન-સ્ટ્રીટ સ્માર્ટ ફ્લેપ પાર્કિંગ સ્લોટ શરૂ કરવામાં આવ્યા છે. રસ્તા પર થતા અયોગ્ય અને ગેરકાયદે પાર્કિંગને અટકાવવા અને વાહનચાલકોને પારદર્શક પાર્કિંગ સુવિધા પૂરી પાડવા માટે આ અત્યાધુનિક સિસ્ટમ અમલી બનાવાઈ છે.

AMC દ્વારા આપેલી માહિતી અનુસાર, આ સિસ્ટમ હેઠળ નાગરિકો નિર્ધારિત પાર્કિંગ સ્લોટમાં પોતાનું ફોર-વ્હીલર પાર્ક કરશે, ત્યારે સેન્સર આધારિત ઓટોમેટેડ ફ્લેપ બેરિયર આપમેળે ઉપર આવી વાહનને લોક કરશે. વાહન માલિક જ્યારે કાર પરત લેવા આવશે, ત્યારે પાર્કિંગનો સમય ઓટોમેટિક કેલ્ક્યુલેટ થશે. દર્શાવેલા QR કોડને સ્કેન કરીને UPI અથવા અન્ય ડિજિટલ માધ્યમથી પાર્કિંગ ફી ચૂકવ્યા બાદ ફ્લેપ બેરિયર આપમેળે અનલોક થશે, જેથી વાહન સરળતાથી બહાર લઈ જઈ શકાશે.



આ સ્માર્ટ ફ્લેપ પાર્કિંગ સુવિધામાં કોઈપણ પ્રકારની રોકડ રકમ (કેશ) સ્વીકારવામાં આવશે નહીં. જો કોઈ વ્યક્તિ પાર્કિંગના નામે રોકડની માગણી કરે તો લોકોએ નાણાં ન આપવા અને તુરંત AMCની હેલ્પલાઈન પર જાણ કરવી. ત્યારે કોર્પોરેશન દ્વારા મંજૂર કરાયેલી એજન્સીના અધિકૃત કર્મચારીઓ ઓળખકાર્ડ ધરાવતા હશે અને તે AMCના લોગોવાળું પીળા રંગનું ટી-શર્ટ પહેરેલી હશે.

મહત્ત્વની બાબત એ છે કે આ સ્માર્ટ ફ્લેપ પાર્કિંગ સુવિધા માત્ર ફોર-વ્હીલર વાહનો માટે જ છે. જ્યાં આ સ્માર્ટ ફ્લેપ લગાવવામાં આવ્યા છે ત્યાં ટુ-વ્હીલર પાર્ક ન કરવા AMCએ સ્પષ્ટ સૂચના આપી છે. નિયત સ્લોટ સિવાયના અથવા નો-પાર્કિંગ વિસ્તારમાં વાહન પાર્ક કરનારા સામે વ્હીલ-લોક સહિતની દંડાત્મક કાર્યવાહી કરાશે.

શહેરની ટ્રાફિક વ્યવસ્થા વધુ સરળ અને વ્યવસ્થિત બને તે માટે AMC દ્વારા લોકોને આ આધુનિક પાર્કિંગ સુવિધાનો મહત્તમ ઉપયોગ કરવા અને કોર્પોરેશનને સહકાર આપવા અપીલ કરવામાં આવી છે. કોર્પોરેશનના પશ્ચિમ ઝોનના ડેપ્યુટી એસ્ટેટ અધિકારી દ્વારા રોડ પર આવેલા વ્યાવસાયિક એકમોની બિલ્ડિંગના પ્રિમાઈસિસમાં પ્રવેશ કરતા સભ્યો તેમજ તેના આગંતુકો અને ગ્રાહકોનાં વાહનો રસ્તા પરની સ્માર્ટ ફ્લેપ પાર્કિંગ સિસ્ટમમાં યોગ્ય રીતે પાર્ક થાય તે માટે જરૂરી જણાય તો વ્યક્તિની નિમણૂક કરવા અંગેની નોટિસ પણ આપવામાં આવી રહી છે, જેથી લોકોમાં જાગૃતિ આવે અને વાહનો યોગ્ય રીતે પાર્ક થાય.

સ્માર્ટ ફ્લેપ પાર્કિંગ અંગે કોઈ સમસ્યા સર્જાય અથવા કોઈ અનધિકૃત રોકડની માગણી કરે તો નાગરિકો AMCના હેલ્પલાઈન નંબર +91 70410 401 11 પર સંપર્ક કરી શકશે.

# બગોદરા-વટામણ હાઈવે પર કરુણાંતિકા! આઈસર-બાઈક વચ્ચેની ટક્કરમાં બે યુવકોના મોત



**અમદાવાદ, તા.01**

અમદાવાદના બગોદરા-વટામણ હાઈવે પર આજે (પહેલી સપ્ટેમ્બર) એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અરણેજ ગામ નજીક આઈસર ટ્રક અને બાઈક વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં બાઈકસવાર બે યુવકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા. હાલ પોલીસે મૃતક યુવકોના પરિવારજનોનો સંપર્ક સાધવા માટે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર, મૃતક બંને યુવકો બાઈક પર વડોદરા તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન અરણેજ ગામ નજીક પુરપાટ ઝડપે આવી રહેલી આઈસર ટ્રકે બાઈકને ટક્કર મારી હતી. આ ટક્કર એટલી જોરદાર હતી કે બાઈકસવાર બંને યુવકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

ઘટનાની જાણ થતાં જ બગોદરા 108ની ટીમ અને કોઠ પોલીસનો કાફલો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યો હતો. પોલીસે બંને મૃતકોના મૃતદેહને કબ્જે કરીને પીએમ (પોસ્ટમોર્ટમ) અર્થે હોસ્પિટલ ખસેડ્યા હતા. બંને મૃતક યુવકોના પરિવારજનોનો સંપર્ક સાધવા માટે પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# 'કાયદાથી ઉપર કોઈ નથી...', હાઈકોર્ટે ચૈતર વસાવાની પેરોલ અરજી ફગાવી દેતા પાછી ખેંચવાની ફરજ પડી



**અમદાવાદ, તા.01**

ચૈતર વસાવાએ હાઈકોર્ટમાં પેરોલ માટે અરજી કરી હતી. હાઈકોર્ટને આ અરજી જામીન અરજીમાં તબદીલ કરવા રજૂઆત કરી હતી. જેને લઈને હાઈકોર્ટે ઈનકાર કરતા વસાવાને પેરોલ અરજી પાછી ખેંચી લેવાની ફરજ પડી હતી.

નર્મદા સેશન્સ કોર્ટ (રાજપીપળા)એ 23 જૂન 2026ના રોજ વનકર્મી પર હુમલો, સરકારી ફરજમાં અડચણ, હવામાં ફાયરિંગ અને ખંડણી કેસમાં (ઓક્ટો-નવે 2023ની ઘટના) ચૈતર વસાવા, તેમની પત્ની શકુંતલા સહિત 9 જણને 7 વર્ષની સખત કેદની સજા કરી હતી. આ સજા સામે વસાવાએ ગત 3 ઓગસ્ટે હાઈકોર્ટમાં સજા પર સ્ટે અને જામીન માટે અરજી કરી હતી.

સજા પર સ્ટે અને જામીનને લઈને ચૈતર વસાવાએ કરેલી અરજી મામલે હાઈકોર્ટે એવી ટકોર કરી હતી કે, 'કાયદો સર્વોપરી છે, કોઈ કાયદાથી ઉપર નથી. લોકપ્રતિનિધિને રાહત આપવાથી સમાજમાં ખોટો સંદેશ જશે' આમ કહીને હાઈકોર્ટે વસાવા અને તેમના PAની જામીન અરજી ફગાવી દીધી હતી.

હાલ વસાવા વડોદરા જેલમાં છે. સ્ટે ન મળતા ધારાસભ્ય પદ જોખમમાં છે. હવે તેમની પાસે સુપ્રીમ કોર્ટનો વિકલ્પ બચ્યો છે. વસાવાએ તરત જ પેરોલ માટે નવી અરજી કરી હતી, જેને હાઈકોર્ટે ફગાવી દીધી છે.

# હેમાંગ રાવલનો દાવો: AMCમાં નિવૃત્તિ બાદ પણ 1,000થી વધુ કર્મચારી-અધિકારીઓને કોન્ટ્રાક્ટ પર રખાયા......

**અમદાવાદ, તા.01**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)માં નિવૃત્ત થયેલા અધિકારીઓ અને કર્મચારીઓને પુનઃ નિયુક્તિ આપીને કોન્ટ્રાક્ટ પદ્ધતિથી નોકરીમાં રાખવામાં આવતા હોવાના મામલે એક ચોંકાવનારો દાવો સામે આવ્યો છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા હેમાંગ રાવલે માહિતી અધિકાર (RTI) હેઠળ મળેલી વિગતોના આધારે આક્ષેપ કર્યો છે કે, વર્ષ 2023-24થી 2025-26 દરમિયાન જ 210થી વધુ નિવૃત્ત કર્મચારીઓ-અધિકારીઓને ફરી કોન્ટ્રાક્ટ પર કામગીરી સોંપાઈ છે. જ્યારે 2015થી અત્યાર સુધીનો આંકડો 1,000ને પાર પહોંચી ગયો છે.



આ મુદ્દે કોંગ્રેસ પ્રવક્તાએ ગુજરાત સરકાર પાસે માંગ કરી છે કે રાજ્યની તમામ મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ, જિલ્લા પંચાયતો, બોર્ડ-નિગમો અને સરકારી વિભાગોમાં નિવૃત્તિ બાદ પુનઃનિયુક્તિ પામેલા કર્મચારીઓનો સંપૂર્ણ ડેટા જાહેર કરી શ્વેતપત્ર (White Paper) બહાર પાડવામાં આવે.

નિવૃત્તિ પછી કયા નિયમ, ઠરાવ કે સંજોગોના આધારે આવી નિમણૂકો કરવામાં આવે છે?

નિષ્ણાત સેવાની જરૂરિયાત હોય તો મર્યાદિત સમય માટે સેવા લેવી યોગ્ય છે, પરંતુ વર્ષો સુધી એક જ વ્યક્તિને કોન્ટ્રાક્ટ પર રાખવી એ નિયમિત ભરતી ટાળવાનો પ્રયાસ છે?

નિયમિત કર્મચારીઓને પ્રમોશન આપવા કે નવી ભરતી કરવાને બદલે વારંવાર કોન્ટ્રાક્ટ લંબાવવાની પ્રથા યુવાનોના ભવિષ્ય સાથે અન્યાય છે.

કોંગ્રેસનો દાવો છે કે એક જ સંસ્થામાં નિવૃત્ત કર્મચારીઓ માટે વેતનની અલગ-અલગ પદ્ધતિઓ અપનાવવામાં આવે છે. કેટલાકને ફિક્સ પગાર, કેટલાકને નિવૃત્તિ સમયના બેઝિકના 35 ટકા, તો કેટલાકને 'પે માઈનસ પેન્શન' પદ્ધતિથી પગાર ચૂકવાય છે. આ ઉપરાંત, કેટલાક અધિકારીઓને સરકારી વાહન, ડ્રાઈવર, રહેઠાણ, પટાવાળા અને મોબાઈલ સહિતની સુવિધાઓ પણ અપાય છે.

કોંગ્રેસના અંદાજ મુજબ, છેલ્લા 10 વર્ષમાં માત્ર AMCમાં જ આવી પુનઃનિયુક્તિઓ પાછળ પગાર અને સુવિધાઓ પેટે રૂ. 200 કરોડથી વધુનો જાહેર ખર્ચ થયો હોઈ શકે છે. આ બાબતે વાસ્તવિક ચિત્ર સ્પષ્ટ કરવા વર્ષવાર, અધિકારીવાર અને વિભાગવાર વિગતો જાહેર કરીને વિશેષ ઓડિટ (Special Audit) કરાવવાની માંગ કરાઈ છે.

આ સાથે જ, નિવૃત્તિ બાદ કોન્ટ્રાક્ટ પર કામ કરતા અધિકારી સામે ભ્રષ્ટાચાર કે ગેરરીતિના આક્ષેપ થાય ત્યારે કાયદાકીય કાર્યવાહી અને નુકસાનની વસૂલાત કેવી રીતે કરવી, તે અંગે પણ નીતિ સ્પષ્ટ કરવાની માંગણી કરવામાં આવી છે.

**ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત આપે છે તક...**

**બનો સોશિયલ જર્નાલિસ્ટ**

આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.

વોટ્સએપ નંબર - 8980070599

MAMTA SOLUTION

House Keeping નો કોન્ટ્રાક્ટ લેવામાં આવે છે,
House Keeping સપ્લાય કરીએ છીએ.

લેબર કોન્ટ્રાક્ટ કરીએ છીએ
લેબર જોતા હોય તો કોલ કરો
કોઈ પણ કંપનીને લેબરની જરૂરીયાત હોય તો કોલ કરો.

લેબર (લેડીઝ/જેન્ટસ) છોકરાઓને તમામ પ્રકારની સુવિધા આપવામાં આવે છે.

લેબરને તમામ પ્રકારની ફેસીલીટી આપવામાં આવે છે, જેવી કે મેડીકલ/ખાવા-પીવાનું/રહેવાનું આપવામાં આવે છે.

88 66 21 7393

જાનકી ટ્રેડર્સ

FinOlex PIPES
NILKANTH STEEL
JK SUPER CEMENT BUILD SAFE
BUILD SAFE #YehPuccaHai

નેહલ મહેતા M :- 97261 06200 nehalmehta81.nm@gmail.com

સીમેન્ટ, ટીએમટી લોખંડ, એંગલ, પાઈપ્સ, પતરા વગેરે દરેક જાતનું બીલ્ડીંગ મટીરીયલ્સ અમારા ત્યા વ્યાજબી ભાવે મળશે... અવશ્ય મુલાકાત લો....

ગજા સિનેમા પાસે, પ્રતાપપુરા, ઉખરેલી રોડ, સંતરામપુર, જિલ્લા-મહિસાગર